

ખંડ ત્રીજો=ભાગ ૨ જો.

[illegible] ૧૯૨૧, ૧૯૨૨-ના

બહુ બહુ પાકું બાંધેલું ને

ઘણી મોટી અનેક વાતો—સંવાદો—ગદ્યો, ઘણી ઉપયોગી [illegible]
લેખો—પુસ્તક પરિચય—જીવન ચરિત્રો—સિંહાસન બત્રીશીની
[illegible]—બાળકો માટે રામાયણની વાતો—વગેરે
અનેક વિવિધ લેખોથી ભરપૂર.

[લગભગ ૯૦૦ પૃષ્ઠ અને ચિત્રો સાથે પાકું સુન્દર પૂંઠું.]

દરેક વર્ષની કીંમત રૂ. ચાર વિ૦ પી૦ પોસ્ટેજ જુદું.

એક વર્ષનું આ પુસ્તક ખરીદનારને નીચેનાં પુસ્તકોમાંથી જે માગશે તે કોઈ પણ પુસ્તકનો એક સેટ બક્ષીસ મળશે—

૧—૦ [illegible]ની—(લગભગ ૨૬ ને કાચું પૂંઠું.)
૨—૦ "નીતિ-વચન" અને "મેંઢળીના લેખો" (બે પુસ્તકો)
૩—૦ રા. બ. રણછોડલાલ છોટાલાલનું જીવનચરિત્ર.
૨—૦ ચાર દૃશ્ય નાટકો—(છૂટાં—પાકાં બાંધેલાં નહિ)
૨—૦ સ્ત્રીઓની ખુબીની ખાણવાનાં ઉપાય (પઢીયાર કૃત)
૧—૮ "ગોખલેનું ચરિત્ર" તથા સીતા નાટક (બે પુસ્તક)
૨—૦ "ધર્મનો મર્મ" તથા રાનડેનાં વ્યાખ્યાન." (બે)
૨—૪ "દામોદરની 'દુઃખી વાતો' ભા. ૧ લો. અને રત્નમાળા (બે)
૨—૪ "કલાપી કાન્તના સંવાદ" અને ગીતાપરિચય (બે)

મગાવનારે કયા વર્ષનું અને ઉપરનામાંથી કયું પુસ્તક બક્ષીસ લેવું છે તે સ્પષ્ટ જણાવવું. ઓરડર સાથે રૂ. એક ડીપાઝીટ મોકલવા.

ચાર વર્ષનું બાળક.

(ઈ. સન ૧૯૨૩ ના. સ્ત્રીબોધના "બાળક" વિભાગનું પાકું બાંધેલું સચિત્ર પુસ્તક).

આમાં બાળકો માટે લખાયેલા ઉપદેશક, [illegible]—કવિતાઓ—નાની વાતો—સંવાદો—જીવનચરિત્રો—સિંહાસન બત્રીશીની, [illegible] વાર્તાઓ—રામાયણની વાતો—વગેરે અનેક લેખોથી ભરપૂર
લગભગ ૬૦૦ પૃષ્ઠ અને કેટલાંક ચિત્રો સાથે—
કિંમત રૂ. ૨ [illegible] વિ. પી. પોસ્ટેજ જુદું
[illegible] "સ્ત્રીબોધ" [illegible]

"સ્ત્રીબોધ" ની ભેટ: ઈ. સ. ૧૯૨૫.

વીણાનવિહારી.

(ભાગ ૨ જો-ખંડ ત્રીજો.)

લેખક.-

સીતારામ જે. શર્મા; (કડી.)

પ્રકાશક,

જીવનલાલ અમરશી મહેતા,

પત્રી-"સ્ત્રીબોધ અને બાળક" કાર્યાલય, અમદાવાદ.

"વસંત" મુદ્રણાલયમાં મહેતા ચીમનલાલ ઇશ્વરલાલે છાપી.
ઠે. ઘીકાંટા રોડ, પાનાભાઈની વાડી, અમદાવાદ.

પ્રથમાવૃત્તિ.] ઇ. સ. ૧૯૨૫. [નકલ ૨૧૦૦

કીમત રૂ. સવા

સમર્પણ

ગુજરાતના સમર્થ સુધારકોને.

પ્રકાશકનું નિવેદન

આ નવલકથાના બે ખંડ પહેલા ભાગરૂપે "સ્ત્રીબોધ"ના ગ્રાહકોને ગયા વર્ષમાં ભેટ આપ્યા હતા ત્રીજા ખંડમાં આ નવલકથા સંપૂર્ણ થાય છે.

આ નવલકથાનો પ્રથમ ભાગ અમારા ગ્રાહકોમાંના ઘણાઓને ગમ્યો છે, અને સામાજીક સુધારાની એક નિર્દોષ નવલકથા તરીકે પસંદ પડયો છે અમને ખાત્રી છે કે આ બીજો ભાગ કે જે આખી નવલકથાના નિર્ણયાત્મક રૂપ છે તે વાચ્યા પછી તે વધારે ઉંચુ સ્થાન પામશેજ અને હાલના સમયે કેળવાયેલા ઘણા જુવાનોના ઉપરછલા વિચારોને યોગ્ય માર્ગે વાળવા સમર્થ થશે. આટલુ થશે તોપણ આ પુસ્તક "સ્ત્રીબોધ"ના ગ્રાહકોને ભેટ આપવા માટે અમે ઘણો સંતોષ માનીશું.

આ નવલકથા તદ્દન કલ્પિત છે, છતા લેખકે કલ્પેલા પાત્રો જેવી વ્યક્તિઓ જનસમાજમા તાદૃશ્ય દેખાઇ પણ આવે છે આમાંના વ્રજરાય ઉર્ફે હરિદત્ત જેવીજ એક વ્યક્તિનો અમને સાક્ષાત્ અનુભવ થયો છે આવા માણસો બીલકુલ ઓળખાણ વિનાના માણસની સાથે પણ મળી જવામા અને તેને પોતાની જાળમા ફસાવવામા ઘણા કુશળ હોય છે એક વખતે શુદ્ધ વેપારી, બીજે વખતે વૈદ્ય, ત્રીજે પ્રસંગે જ્યોતિષી કે કર્મકાંડી, ચોથે પ્રસંગે ભગવદ્ભક્ત સાધુ, દેશના સ્વયંસેવક કે ટીટેકટીવ થતા તેમને જરા પણ મુશ્કેલી નડતી નથી તેમ જ સાધુના કપડા ફેંકી દઇને સંસારી થઇ બેસતા પણ વાર નથી લાગતી આવા અનેક વેષધારી માણસોથી ચેતતા રહેવા માટે આ કથામાંનું વ્રજરાયનુ પાત્ર વાચકોને ખરેખર ઉપદેશક થઇ પડશે. તેમ જ વીણાદ્વારા પણ બહેનોને અવશ્ય વિચારવાનુ મળશે

આ વર્ષે "સ્ત્રીબોધ"ના બાળક વિભાગ વાચનારા બાળકોને ઉપયોગી થાય તેવુ જ "**લઘુબોધ વાર્તાવલી**" નામે બીજુ પુસ્તક ભેટ આપવાની યોજના કરી છે. આશા છે કે "સ્ત્રીબોધ અને બાળક" બન્ને વિભાગના ગ્રાહકોને તેના લવાજમના પ્રમાણમા આ બે પુસ્તકો આ વર્ષની ઉત્તમ ભેટરૂપ લાગ્યા સિવાય નહિ જ રહે

જીવનલાલ અમરશી મહેતા.

વીણા–વિહારી

ભાગ ૨ જો–ખંડ ત્રીજો: અનુક્રમણિકા.

"જ્ઞાનવર્ધક પુસ્તકમાળા" ઑફિસમાં

મળતી કેટલીક ઉત્તમ નવલકથાઓ.

કથામંજરી-ભાગ પહેલો.

(બીજી આવૃત્તિ. સોનેરી નામનું સુંદર પુંઠું કિંમત રૂ. બે)

આ ભાગમા કોઇ સગ્રહમા ન આવેલી વિદ્વાન લેખકોની ખાસ ચુટી કાઢેલી નીચેની સાળ વાતો છે—મેટ્રીકમા ટેકસ્ટ તરીકે સને ૧૯૨૩ મા મજુર થઇ હતી.

૧ વેષધારી (રા રા છગનલાલ હરિલાલ પડયા, બી એ). ૨ તારાનું અભિજ્ઞાન. (રા બ રમણભાઇ મહીપતરામ નીલકઠ), ૩ એક રાત્રી. (ડૉ રવીન્દ્રનાથ ટાગોર) ૪ અપરિચીતા (રા રા ભગવાનદાસ ગીરજાશકર ભટ) ૫ મણી (રા રા વૈકુઠલાલ શ્રીપતરાય ઠાકોર, બી એ) ૬ વીસમી સદિની શકુતલા. (રા રા. વૈકુઠલાલ શ્રીપતરાય ઠાકોર, બી એ) ૭ દોલત (સ્વ. ભાઇ રણજીતરામ વાવાભાઈ મહેતા, બી એ), ૮ સુમનનો સતાપ (ગ રા ઇન્દુલાલે કે, યાજ્ઞિક, બી. એ એલ એલ બી) ૯ લગ્ન (સૌ શારદા મહેતા, બી એ) ૧૦ ગરબાવાળી ૧૧ પૈસો કે પ્રેમ ? (રા રા ચપકલાલ એચ ભગુડીઆ, બી એ) ૧૨ વિચિત્ર સ્વયંવર ૧૩ રેણુકા (રા રા ગોકુળદાસ ડી રાયચુરા), ૧૩ સ્નેહ પહેલાં સાન ૧૫ પ્રિયબાલા (રા રા ડાહ્યાભાઇ લક્ષ્મણ પટેલ) ૧૬ લલિત–માધુરી (રા રા જગજીવન કાળીગાસ પાઠક લગભગ ૮૦ પૃષ્ટની મોટી અપ્રસિદ્ધ સ્નેહવાર્તા).

ચક્રવર્તી અશોક.

અર્ધ ઐતિહાસિક તેમજ ધાર્મિક નવલકથા.

આવડાંજ મોટા કદનાં પૃષ્ટ ૩૫૦ પુઠું પાકું. કિંમત રૂ. અઢી.

બૌધ ધર્મના પ્રવર્તક સમ્રાટ્ અશોકના જીવનમાના અનેક ધર્મ યુદ્ધોમાના એક કલિંગ યુદ્ધના મુખ્ય કથાભાગ ઉપર આ નવલકથા રચાઇ છે અશોક એક સમયે ઘાતકી અને ક્રુર સ્વભાવનો હતો તેજ કલિંગ યુદ્ધ પછી એકદમ કેવો બદલાઇ ગયો તેમજ તેનુ જીવનસૂત્ર કેવી રીતે ફરી ગયુ તેના તાદૃશ ચિત્ર ઉપરાત કપટી બુદ્ધિમાત સપુષ્ટાચાર્ય અને કાવત્રાખોર કલાવતી, વગેરે દ્વારા રાજકીય ખટપટનો સુદર દેખાવ આમા દૃશ્યમાન થાય છે કલિંગ યુવરાજ જીતેન્દ્રનું ઉત્તમ ચરિત્ર, મૃગેન્દ્રરાજની કન્યા શોભના તેમજ ઇન્દિરાનો નિર્મળ પ્રેમ, ચિદાનદ, ઉપગુપ્ત, અને માગલીપુત્ર તિષ્ય જેવા ધર્માચાર્યોની ધર્મપરાયણતા વગેરે વડે આ નવલકથા એટલી તો માહક તથા બોધક થઇ છે કે પુરી કર્યા વગર હાથમાથી મુકવી જ ગમે નહીં.

વીણા-વિહારી.

(ભાગ ૨ જો—ખંડ ત્રીજો.)

પ્રકરણ ૩૮ મું.

અકસ્માત અને કેદ.

જન્મ ને જીવના કૃત્યો છે આકસ્મિક સહુ અરે,
પાસા ફેંકે જનો સર્વે, દા દેવો હરિ હાથ છે
'કરૂં છું' ને 'કર્યું છે' મે જૂઠું એ અભિમાન હા,
કરી તે શું શકે પ્રાણી આ અનન્ત અગાધમા

(સ્વ૦ કલાપી.)

કુંજભવનમાના એક લતામંડપમા પ્રતાપરાય દેસાઈ અને ગુણવંતલાલ વાર્ત્તાલાપ કરતા બેઠા હતા આજ પોતાને ઘેર વીણા આવી હતી, એટલે આખુ ઘર તે તરૂણ દંપતિને સ્વાધીન કરી, ગુણવંતલાલ ખાસ ઇચ્છાપૂર્વક જ બહાર નીકળ્યા હતા ત્રણેક વાગ્યા સુધી તે સ્વામીજી પાસે બેઠા હતા ને પછી દેસાઇજીની પાસે આવ્યા હતા

ગુજરાતમા હજી પણ નવપરણિત યુગલને એ મીઠી સ્નેહભરી વાતો કે પરસ્પરના હૃદય ખુલ્લા કરવાનો અવકાશ ઓછો આપે છે. એમ જ નહિ પણ ઘણી ન્યાતો હજીએ એવી છે કે જો ભૂલે ચૂકે વર વહુની વાતનો એકાદ શબ્દ વડીલ જનને કાને પડી જાય તો, એ વડીલ જનો તરફથી પુત્ર અને પુત્રવધૂને 'નફ્ટ' નુ પ્રમાણપત્ર મળ્યા વિના રહેતુ નથી. પરિણામે ઘણા વખત સુધી વરવહુ પરસ્પરને પુરા ઓળખી પણ શકતા નથી, અને કોઇ કોઇ વખત તો તેથી માઠા ફળ પણ આવે છે.

વીણાના લગ્નમા ગુણવતલાલના સાદા સ્વભાવનો દેસાઇજીને પરિચય થયો હતો, અને આજ વળી તે કઇપણ મોટાઈ નહિ માનતા પોતાની મેળેજ એમના ઘેર ગયા તેથી દેસાઇજીને અનહદ આનદ થયો. પરતુ તે આનદ સાથેજ ત્હેમને ગ્લાનિ પણ થઇ 'વીણા આજ સાસરે ગઇ છે, તે ત્હા પોતાનો કેવો પ્રતાપ ગજાવશે' એ વિચારે ત્હેમને ચિંતામા નાખ્યા હતા ગુણવતલાલ આવ્યા તે વખતે પ્રતાપરાય તેના જ સબધમા વિચાર કરતા બગીચામા આટા મારતા હતા.

ગુણવંતલાલને જોતાજ કૃતજ્ઞતાપૂર્ણ અવાજે ત્હેમણે કહ્યુ "હું અત્મ્હારે શાતિથી આ બગલાના ઉદ્યાનમા ફરી રહ્યો છુ, એનું સઘળુ શ્રેય આપનેજ છે" એમ કહીને ત્હેમણે બાગમા કામ કરતા માળીને હાક મારી બે ખુરશીઓ લાવવા કહ્યું. અને ફરીથી ગુણવતલાલ સાથે વાતે વળગ્યા "હું આજ આઠ દિવસથી એજ વિચારમા છુ, કે ખરેખર મ્હારા સકટ સમયે ત્હમેજ મ્હારા ઇશ્વર બન્યા છો શું કરૂં ગુણવતલાલ, જો ત્હમે મ્હારી વ્હારે ધાયા ન હોત તો તે વખતે મ્હારે ઝેર ખાધા વિના છૂટકો નહોતો ચારે બાજુએથી હું સકટમા ઘેરાઇ ગયો હતો !"

"ચાલે છે ! એ તો સૃષ્ટિક્રમ એમજ ચાલે છે !" ગુણવતલાલે સભ્ય પુરૂષને છાજતી ઢબે કહ્યુ "મ્હે ત્હમને મદદ કરી એમા વિશેષ શુ કર્યું છે ? આપણામા કહેવત છે ને કે, પાણી કરતા રક્ત હમેશા ઘટ્ટ હોય છે ! દેસાઇજી, બાલ્યકાળે આ બાગમા કલ્યાણરાયની પાસે બેશીને આપણે કેટલા આનદ અને પ્રેમથી કાલક્રમણ કરતા હતા !"

એટલામા માળી ખુરશીઓ લાવ્યો અને ત્હેની પાછળ જ કનકરાય ચ્હાના બે પ્યાલા લઇને બહાર આવ્યો.

"પિતાજીના વખતની શી વાત કરવી ? એ તો એક અલૌકિક પુરૂષજ હતા." પ્રતાપરાયે કહ્યું "અરે કનકરાય, પાનદાની લાવજે ભાઇ. હ ગુણવતલાલજી, અમારે તો વ્રજરાય કાલથી એકાએક નોકરી છોડી ગયો છે એટલે બહુ પચાત પડે છે હતો બહુ આનદી ! પણ લહેરીએ અતિશય ઘણુંએ સમજાવ્યો પણ "

પ્રતાપરાયની વાત પૂરી થાય તેટલામા તો દોડતી ગાડીએ આવેલો શકર તીવ્ર વેગે દોડતો બગીચામાં આવ્યો. ત્હેના

માથે ટોપી પણ નહોતી. ત્હેની મુખમુદ્રા ભયભિત થઇ ગઇ હતી. હમેશના અને આ વખતના શંકરમાં ઘણોજ ફેરફાર થઇ ગયો હતો.

"બાપુ ચાલો—બાપુ દોડતા ચાલો—મ્હોટાભાઇ મોટાર ગાડી નીચે આવી ગયા છે—દેડો—જલદી—તે સાહેબ એમને લઇ ગયો છે. મૉટોરમાં નાખીને લઇ ગયો છે!"

શંકર ગભરાટમાં જેમ ફાવે તેમ બોલી ગયો.

"હે—હે—હે—" એવા શબ્દોચ્ચાર કરતા ગુણવંતલાલ શંકર તરફ દિવાના માણસની માફક જોઇ રહ્યા ત્હેમના હાથમાંથી ચ્હાનો પ્યાલો પડીને ફુટી ગયો આખું ધોતીયું ચ્હાથી પલળી ગયું દેસાઇજીની પણ એવીજ સ્થિતિ થઇ ત્હેમણે એકદમ મ્હોટેથી 'કનકરાય, કનકરાય' કરીને હાકો મારી. એટલામાં એક દોડતી ગાડી આવતી જણાઇ તેમાંથી એક પોલીસ અમલદાર અને બે સીપાઇઓ ઉતરી બાગમાં આવ્યા એકાએક હાકો મારેલી સાભળી કનકરાય પણ ઘરમાંથી દોડતો બહાર આવ્યો પોલિસ અમલદાર અને કનકરાય એકે સાથે દેસાઇજી પાસે આવી પહોચ્યા. તુર્તજ પેલા અમલદારે કનકરાયને વચ્ચેજ અડાવીને દમથી પૂછ્યું "ત્હમારૂંજ નામ કનકરાય ઇનામદાર કે ?"

"હા."

"ત્હમારી ઉપર વારંટ છે"

"મ્હારા ઉપર વારંટ! શા માટે ?"

"ખોટી નોટો વટાવવા માટે."

"ખોટી નોટો મ્હે વટાવી ?" કનકરાયે આશ્ચર્યથી પૂછ્યું

પોલિસ અમલદારે વધારે પ્રશ્નોત્તર નહિં કરતા સિપાહીઓને ઇશારત કરી તે સાથેજ એક સિપાહીએ આગળ વધીને કનકરાયનો હાથ પકડયો તે વખતે ફેલાઇ રહેલા ગભરાટનું વર્ણન કરવું અશક્ય છે! એક તરફ વિહારીને અકસ્માત થવાની ખબર અને બીજી બાજુએ કનકરાય માટે વારંટ! એથી ગુણવંતલાલ તથા દેસાઇજી ગભરાઇ જઇ, પરસ્પરની મુદ્રાઓ તરફ શૂન્ય દૃષ્ટિથી જોઇજ રહ્યા હવે શું કરવું, શું બોલવું, તે ત્હેમને ન સુઝયું!

"આમાં કંઇક ગેરસમજ થતી હશે. કનકરાય આ શી બાબત છે?" પ્રતાપરાયે થોડીક ક્ષણો પછી શાન્ત થઇ આગળ આવીને પૂછ્યું.

' મ્હને પણ કંઇ ખબર નથી—"

"ખબર કેમ નથી ?" વચ્ચેજ પોલિસ અમલદાર બોલી ઉઠયો.

"ગયા અઠવાડીઆમાં ત્હમે પચાસ રૂપીઆની બે નોટો વટાવી હતી કે નહિં ?"

"હા—પ—ણ— '

"બસ ! અમ્હારે એટલુંજ જોઇએ છે તે બન્ને નોટો બનાવટી છે ચાલો હવે " એમ કહી પોલિસ અમલદાર બહાર જવા નીકળ્યો.

વાચક ! પોલિસ અમલદાર કનકરાયને લઈ જાય છે તેટલી વારમાં આપણે વિહારીને થયેલા અકસ્માત વિષે તપાસ કરી લઇએ.

ભારતીમૈયાને પોતાની પ્રેમનિરાશાની વાત કહીને વિહારીએ પોતાનું ભગ્ન હૃદય ત્હેમની સમક્ષ ખુલ્લું કર્યું, તે વાત ગયા પ્રકરણમાં આપણે જાણી ગયા છીએ તે પછી મૈયા મેડે ગયા અને વિહારી ઘરની બહાર નીકળ્યો ઘણા દિવસથી રચી રાખેલું આશાનું મંદિર એકદમ તૂટી પડવાથી તે લગભગ ભ્રમિત જેવો બની ગયો હતો વીણાને મ્હારા ઉપર પ્રેમ નથી, એ વિચારજ ત્હેની એવી સ્થિતિ કરવા માટે પુરતો હતો વીણા સાથે લગ્ન થવાથી ત્હેની સોબતમાં હું સંપૂર્ણ સુખી થઈશ, અમે બન્ને જણ સાથે મળીને પુષ્કળ સમાજસેવા કરીને, બની શકતી દેશસેવા કરીશું વગેરે જાતની કલ્પનાઓ ઉપર રચેલા મનોરાજ્ય વીણાના એકજ શબ્દે તૂટી પડયા તેથી ત્હેના હૃદય ઉપર પ્રચંડ આઘાત થયો રસ્તા ઉપર તે ચાલતો હતો પરંતુ નિદ્રામાં ચાલનારા મનુષ્યના જેવીજ ત્હેની સ્થિતિ હતી. ત્હેની ઇંદ્રિયો ત્હેના તાબામાં નહોતી ક્ય્હાં જવું છે તે પણ નક્કી નહોતું ત્હેનું મન ભડકી ગયું હતું અને દેહ જ્ય્હાં પગ ઘસડી જાય ત્ય્હાં ઘસડાતો હતો

ભદ્રની બાજુમાં થઇને તે વિક્ટોરીઆ ગાર્ડન તરફ વળ્યો, એટલામાં જ પાછળથી એક ભર વેગભરી ગતિથી દોડતી મૉટોર આવી. તે ગાડી એક યુરોપિયન ચલાવતો હતો, અને ત્હેની સાથે બે આગ્લ તરૂણીઓ બેઠી હતી આગળ ચાલતા વિહારીને જોઇને મૉટોર હાંકતા યુરોપિયને ભૂંગળું વગાડયું પરંતુ જ્ઞાનશૂન્ય બનેલા વિહારીએ તે ન સાંભળ્યું, અને ચાલતો માણસ હમણાં બાજુએ થઇ જશે એ

આશાએ પેલા યુરોપિયને ગાડીની ગતિ પણ ન ઘટાડી. એ સ્થિતિમા એકજ ક્ષણ ગઇ, અને વિહારીને પીઠ પાછળ મૅાટારનો સજ્જડ ધક્કો લાગ્યો તે સાથેજ દડાની માફક ઉછળીને તે ચાર હાથ જેટલે દૂર જઇને પડયો એટલાથીજ ત્હેનુ દુર્દૈવ પૂરૂ થયુ નહોતું થયેલા અકસ્માતથી યુરોપિયન પણ ગભરાઇ ગયો ત્હેના હાથ–પગની શક્તિ હરાઇ ગઇ. તે મૅાટારની ગતિ હજી પણ ન અટકાવી શકયો. તુર્તજ આગળ પડેલા વિહારી ઉપર થઇને મૅાટાર આગળ નીકળી ગઇ. મૅાટારનો ધક્કો વાગતાજ ભગ્નહૃદયી વિહારી જ્ઞાનશૂન્ય સ્વપ્નસૃષ્ટામાથી જાગૃત થયો, અને ઓ–મા–એટલોજ શબ્દ ત્હેના મુખમાથી નીકળ્યો તેટલામા પુન મૅાટાર ત્હેના ઉપર ફરી વળી

પેલો યુરોપિયન પણ પછી સ્વસ્થ થયો. અકસ્માત થઇ ગયા પછી મૅાટાર અટકાવવાની ત્હેનામા શક્તિ આવી ત્હેણે તત્કાળ ગાડી અટકાવી. અંદર બેઠેલા સઘળા નીચે ઉતરી પડયા અને બેશુદ્ધ પડેલા વિહારી પાસે દોડી આવ્યા સાજનો સમય હોવાથી રસ્તામા પણ પુષ્કળ ગર્દી થઇ ગઇ તે સાહેબે પહેલા તો વિહારીને ક્યહા ક્યહા વાગ્યુ છે તે જોયુ, તે પછી ત્હેના ખિસામા હાથ ઘાલ્યો વિહારીના કપાળ ઉપર એક જખમ થયો હતો અને ત્હેમાથી એક સરખો રક્ત સ્રાવ થઇ રહ્યો હતો ત્હેના વસ્ત્રો માટી અને કીચડથી ખરડાઈ ગયા હતા ડાબા પગને પણ પુષ્કળ માર વાગ્યો હતો સાહેબે ત્હેના ખિસામાથી બે પત્રો કાઢયા ત્હેના લગ્નની ખુશાલીમા મિત્રો તરફથી આવેલા એ આનંદિત પત્રો તે સ્હવારની જ ટપાલમા ત્હેને મળ્યા હતા પત્ર ઉપરનુ શિરનામુ વાચીને તે સાહેબ આશ્ચર્યથી અગ્રેજીમા બોલી ઉઠયો " આ જાતેજ ડૅાકટર છે. અરેરે ! બોટુ થયુ ! ગરીબ બિચારો ! " એમ કહીને ત્હેણે પત્રના પરબીડીયા ઉપરથી શિરનામુ ફાડી લીધુ અને તુરતજ તપાસ માટે તે સ્થળે આવેલા પોલિસને આપતા ત્હેણે કહ્યુ " સિપાહી, તુમ એકદમ જાઓ ઔર એ પટા હૈ ઉધર જાકર ખબર દેઓ. પીછે સીવીલ હૉસ્પિટાલમે આઓ. હમ ઇસકો મૅાટારમા હૉસ્પિટાલમા લે જાટા હૈ. "

કોઇ દેશી માણસના હાથે એવો અકસ્માત થયો હોય તો ત્હેને પુષ્કળ દમ ભરાવવામા પાછા ન પડનાર બહાદુર (!) સિપાહી ભાઇ અકસ્માત કરનાર સાહેબના ફર્માન મુજબ શિરનામું લઇને એક

ભાડાની ગાડી કરીને તુર્તજ દોડયા એકઠા થયેલા પ્રેક્ષકોમાથી બે ત્રણ જણની મદદવડે વિહારીને બેશુદ્ધ સ્થિતિમા ગાડીમા સુવાડયો અને મડમો તથા સાહેબ પણ ત્હેમા ચડી બેઠા. મૉટોર ફરી ભો ભો કરતી દોડતી ભદ્રની પાછળ અદૃશ્ય થઇ ગઇ

સાહેબે આપેલુ શિરનામુ લઇને શોધતો શોધતો સિપાઈ સત્યધર્માશ્રમ પાસે જઇ પહોચ્યો અને આશ્રમમાથી બહાર નીકળતા શખસને જ 'ડૉકટર વિહારીલાલ ગુણવતલાલ' નો બગલો ક્યા છે ?' એમ પૂછ્યુ અર્થાત્ 'શુ કામ છે ?' વગેરે પ્રશ્નોત્તરો થતા જ પોતાના વિહારીભાઇને અકસ્માત થયો છે તે વાત જાણતા જ શકર એકદમ આશ્રમમા ગયો અને સ્વામીને સઘળી હકીકત કહી. તત્કાલ સ્વામી આસન ઉપરથી ઉભા થયા ત્હેઓ આશ્રમની બહાર નીકળે તે પહેલા જ શંકર ભાડાની ગાડી કરી શાહીબાગ તરફ દેસાઈજીના ઘેર ગયેલા ગુણવતલાલને એ શોકસમાચાર કહેવા ઉપડી ગયો.

પોતાના એકના એક પ્રિય પુત્રને નજરે જોયો નહોતો ત્યા સુધી ગુણવતલાલના જીવમા જીવ નહોતો 'મ્હારો વિહારી કયી સ્થિતિમા હશે !' એ વિચારની ત્હેમનાથી કલ્પના પણ થઇ શકતી નહોતી ! કનકરાયવાળી ગરબડ ઉભી થવાથી પ્રતાપરાયને મૂકીને તે શંકરને સાથે લઇને પોતાની ગાડીમા મારતે ઘોડે હૉસ્પિટલ તરફ આવવા નીકળ્યા આખે રસ્તે ત્હેઓ વિહારી તથા કનકરાયના સબધના વિચારોમા જ ડૂબી ગયા હતા હૉસ્પિટલમા આવ્યા ત્યા સૂધીમા ત્હેમણે શકરને ભાગ્યે જ એક બે પ્રશ્ન પૂછ્યા હશે

સીવીલ હૉસ્પિટલમા એક વૉર્ડમા લોખડના ખાટલા ઉપર વિહારીને સુવાડયો હતો પાસેજ સિવીલ સર્જન અને એક નર્સ ઉભા હતા. બાજુમા સ્વામી, મૉટોરવાળો યુરોયિપન અને બે મડમો ઉભી હતી. ગુણવતલાલને આવતા જોતા જ પેલા યુરોપિયન તરફ ફરીને સ્વામીજીએ અસ્ખલિત ઇંગ્રેજી ભાષામા કહ્યું "આ જુઓ એમના પિતાશ્રી આવ્યા હવે ત્હમારે એમને જે કઇ કહેવાનું હોય તે કહો "

ગુણવતલાલનું સઘળુ લક્ષ્ય વિહારી તરફ જ હતું. તો પણ સ્વામીને ઇંગ્રેજી ભાષામા બોલતા સાભળીને ત્હેમને અત્યત આશ્ચર્ય લાગ્યુ કારણ ત્હેમને પહેલી જ વખત એ ભાષામા આજે જ

બોલતા ગુણુવંતલાલે સાભળ્યા હતા સ્વામીની અગાધ વિદ્વતા ઉપરથી અને ત્હેમની સુદૃઢ તથા તેજયુક્ત કાન્તી ઉપરથી તે બાળ બ્રહ્મચારી છે એમ માનીને ગુણુવંતલાલની ત્હેમના ઉપર દૃઢ ભક્તિ બેઠી હતી સ્વામીજી ઇંગ્રેજી ભાષા જાણુતા હશે એવી ત્હેમને કદી શકા પણુ આવેલી નહિ અને સ્વામીને આજ પ્રત્યક્ષ અસ્ખલિત ઇંગ્રેજી ભાષામા વાતચિત કરતા સાભળ્યા તેથી ગુણુવંતલાલને આશ્ચર્ય થાય ત્હેમા શી નવાઇ ?

"મ્હારી મોટોગ નીચે ટમારા લડકાને અકસ્માત થયો છે તે માટે મ્હને અટયટ દીલગરી થાયચે" થયેલા ગુન્હાથી છોભીલા પડેલા સાહેબે બે ડગલા આગળ વધી ગુણુવંતલાલ આગળ ટોપી ઉતારતા કહ્યુ "હું બેડરકારીથી ગાડી હાકટો નહોતો આપના પુત્રને રસ્ટા ઉપરથી એક ટરફ જવા માટે મે બૂગલુ વગાડ્યુ હટુ, પર ટુ ટે ભાઈ વચ્ચેઠી ખસ્યા નહિં, ને ઝડપથી દોડટી ગાડી હું પન અટકાવી ન શક્યો છટા પણુ ટમાગ પુત્રની ડવાડારૂ માટે જે કાઈ ખરચ થશે, ટે હુ ઘણી ખુશીઠી આપીશ"

"મ્હને પૈસાની જરૂર નથી. ફક્ત મ્હારો પુત્ર સાજો થઇ પુન મ્હારા ઘેર આવે એટલે ગગા નાહ્યા !" એટલુ કહીને ગુણુવંતલાલ આગળ ગયા અને બેશુદ્ધ સ્થિતિમા પડેલા વિહારીના મુખ તરફ સ્નેહભરી નજરે જોઈ રહ્યા. ત્હેના કપાળ ઉપરના ઘાને ધોઇ, ઔષધ નાખી સ્વચ્છ પાટાથી બાધ્યા હતા તેજ પ્રમાણે ડાબા પગ ઉપર પણુ પાટીયા બાધી તે ઉપર પાટો બાધ્યો હતો. એ સ્થિતિમા પડેલા પોતાના પુત્રના નિસ્તેજ ચહેરા તરફ ક્ષણુ ભર જોઈ રહેતાજ ગુણુવંતલાલને ગભરામણુ થઈ આવી. ત્હેમના મુખમાથી દુ ખભર્યો દીર્ઘ નિશ્વાસ નીકળી ગયો અને નેત્રોમાથી અશ્રુ વહેવા લાગ્યા તે જોઇને પાસે જ ઉભેલા સિવીલ સર્જને કહ્યું: "તુમ મટ ગભરાઓ. તુમારા લડકાકે શીર પર માર લગા હૈ ઉસકે લીયે વો બેહોષ બનગયા હૈ. બહોટ થોડે બખટમે વો અચ્છા હો જાયગા. અભી ઉસ્કુ બહોટ આસાયેશ દેના ચાહીએ."

"ડૉક્ટર સાહેબ, હું મ્હારા ઘેર એની યોગ્ય સારવાર કરીશ. હું હવે એને મ્હારા ઘેર લઇ જવા માગું છું."

"નહિ, નહિ. ઉસ્કુ ઇધરસે હલાના અચ્છા નહિ. યે કેસ

ડેન્જરસ (ગંભીર) હૈ. ઔર તુમારે ઘરપર ઉસ્કી અચ્છી બરદાસ નહિ હોગી "

"તે માટે ત્હમે ચિંતા ના કરશો ડૉક્ટર સાહેબ. હું જોઇશે તેટલા–હજારો રૂપીઆ ખર્ચ કરવા તૈયાર છુ, પરંતુ મ્હને ઘેર લઇ જવા—"

"ઐસા હૈ ટો હમ ઉન્કુ 'સ્પેશ્યલ વૉર્ડ' (ખાસ વિભાગ) મે રખટા હૈ. મયેટો એહ અચ્છા સમજટા હું કી ટુમ ઉસ્કુ ઇધર-કી રકખે ઔર ઘરકુ લે જાનેકી ટકલીફ મટ ઉઠાવે " ડૉક્ટર સાહેબે યુરોપિનયશાહી ઉચ્ચારથી હિંદીમા કહ્યુ

સ્વામીજીને પણ ડૉક્ટરનુ કહેવુ વાજબી લાગ્યુ, એટલે છેવટે વિહારીને ઘેર ન લઈ જતા ત્હાંજ રાખવાનુ ઠરાવી ખાસ વિભાગમા ત્હેનો પલંગ રાખ્યો

પ્રકરણ ૩૯ મું.

આ શું થયું?

માનવ જાણે હું કરૂ, કર્તા બીજો કોઇ,
આરંભ્યુ અધવચ રહે, હરિ કરે તે હોય

"ગુણવંતલાલ, આપણા માટે કેવુ દુર્દૈવ નિર્માણ થયું!" હૉસ્પિટલમા જમાઇને જોવા આવેલા પ્રતાપરાયે ગુણવંતલાલને કહ્યુ

સંધ્યાનો સમય થઇ ગયો હતો 'વૉર્ડ ઑાય' (કામ કરનાર માણસ) દીવા પ્રકટાવવાના કાર્યમા ગૂંથાયો હતો દૂરના મંદિરો-માથી સંધ્યા–આરતિના ઘંટાનાદ સંભળાતા હતા મીલ કામદારો ઉતાવળે ડગલે ઘર તરફ આવતા હતા નાટકના શોખિનો રસ્તે જતા નાટ્યગૃહો સમીપ જઇ બહાર લટકાવેલા પાટીયામા 'આજ કયુ નાટક હશે?' તે વિષે તપાસ કરતા હતા હજી ગુણવંતલાલ પોતાના પુત્રના પલંગ પાસે બેશી રહ્યા હતા બાજુમા એક યુરોપીયન નર્સ બેઠી હતી તે વિહારીની નાડીની ગતિ અને આંખોની પાપણો વગેરે જોતી હતી ગુણવંતલાલના કહેવાથી સ્વામીજી થોડાજ સમય પહેલા આશ્રમમા પાછા ગયા હતા હજી વિહારી શુદ્ધિમા આવ્યો નહોતો એટલે ત્હેના માથા ઉપર સજ્જડ માર વાગેલો જણાતો હતો

"દેસાઇજી, દુર્દૈવ તો બઇજ્જતો !" ખિન્ન વદને ગુણવંતલાલે કહ્યું, "પણ હવે એનો કઇ ઇલાજ છે ? 'ઘણા કષ્ટ કાળે ઘણું ધૈર્ય ધારો !' એમ કવિએ જે કહ્યું છે તે યથાર્થ જ છે, અને આવે પ્રસંગેજ ત્હેનો અમલ આપણે કરી બતાવવાનો છે પણ કનકરાયનું શુ થયુ, એ તો કહો વિહારીની આ ખબર સાભળતાજ હું તદ્દન ભ્રમિત જેવો બની ગયો હતો, એટલે કનકરાયના સબધમા હુ તે વખતે કઇ બોલી પણ શકયો નહોતો એ શી ગરબડ છે ? મ્હારા આવ્યા પછી શુ થયુ ?"

"થવાનુ શુ હોય ? એને હાલમા તો પોલિસ પહેરા નીચે રાખ્યો છે ખોટી નોટો વટાવવાનો એના ઉપર આરોપ છે." દેસાઇજીએ નિશ્વાસ નાખીને કહ્યુ

"એ વખતે મ્હેં કઇક એવુ સાભળ્યુ હતુ ખરૂ, પરતુ મ્હારૂ ચિત્ત અહિ હોવાથી હુ કઇ સ્હમજી શકયો નહોતો પણ એ નોટો એની પાસે ક્યાંથી આવી હશે ?" ગુણવંતલાલે પૂછ્યુ

"એ વાત હુ પણ સ્હમજી શકતો નથી મ્હે એને બહુવાર પૂછ્યુ પણ એણે મ્હને કશુ કહ્યુંજ નહિ, પછી શુ કરૂ ? પોલિસને મ્હે બહુ બહુ રીતે સ્હમજાવી જોયા, પરતુ એ લોકો આપણુ ઓછુ સાભળે છે ? છેવટે ત્હેને લઇ ગયા "

"મ્હે હમણાજ નરેન્દ્રને બોલાવવા શંકરને મોકલ્યો છે, તે ઘણુ કરીને હમણાજ આવી પહોચશે " એમ કહીને ગુણવંતલાલે બારણા તરફ જોયુ "તે આવીને આપણને કઇક માર્ગ બતાવશે."

એટલામા ડૉકટર અદર આવ્યો અને ત્હેની પાછળ નરેન્દ્ર પણ આવ્યો. ડૉકટરે વિહારીની નાડી જોઇને ક્ષણભર વિચાર કર્યો અને થોડી વખત નર્સની સાથે વાતચિત કરી ત્હેને 'સિરિન્જબૉક્સ' (પિચકારીની પેટી) લાવવા કહ્યુ. થોડીવારમા નર્સ પેટી લઇને આવી. ડૉકટરે પિચકારીમા કઇક ઔષધ ભર્યુ અને વિહારીના જમણા હસ્તદંડમા તે ઔષધ ઉતાર્યું તે સાથે વિહારીએ કઇક હાલચાલ કરી અને એક દીર્ઘ નિશ્વાસ મૂકયો. ડૉકટર કેટલીક ક્ષણો સુધી ત્હેની નાડી પકડીને ઉભો હતો તે નર્સને કેટલીક સૂચનાઓ આપીને જવા તૈયાર થયો તે વખતે નરેન્દ્રે આગળ જઇને ત્હેને વિહારીના સબધમા કેટલાક પ્રશ્ન પૂછ્યા બહારની ગેલેરીમા

તે બન્ને જણાઓ વચ્ચે કેટલીક મિનિટો સુધી વાતચિત થઈ. ડૉકટરના કહેવાનો સારાંશ એ હતો કે વિહારીનો કેસ સુધરશે એવી આશા રાખવાને ઘણા સારા અને વાજબી કારણો છે.

ડૉકટરના ગયા પછી નરેન્દ્ર અંદર આવ્યો ત્હેને ડૉકટરે જે મત આપ્યો તે પૂછી ગુણવંતલાલે કુનકરાયની સઘળી હકિકત ત્હેને કહી. તે સાંભળી રહ્યા પછી ત્હેણે કહ્યું "પોલિસ હવે મ્હને કુનકરાયની કાચી જેલમાં મુલાકાત નહિ લેવા દે કાલે ત્હેને મેજીસ્ટ્રેટની કચેરીમાં 'ચાર્જ' (તહોમત) મૂકવા માટે લાવશે તે વખતે ત્હેને મળીને હું શું કરી શકું તેમ છુ તે હુ જોઇશ."

થોડા સમય પછી પ્રતાપરાય દેસાઈ ઘેર જવા નીકળ્યા નરેન્દ્ર લગભગ રાત્રિના અગીઆર વાગ્યા સુધી વિહારી પાસે બેઠો તે પછી તે પણ ઘેર ગયો ગુણવંતલાલ એકલાજ હૉસ્પિટલમાં રહ્યા હતા તે આખી રાત રાત્રે કામ કરનારી નર્સની સાથે વિહારીના પલંગ પાસે મીંટ પણ માંડયા વિના બેસી રહ્યા આખી રાત તે વિહારીના સ્હામેને સ્હામે ટગર ટગર જોયા કરતા હતા ત્હેમના મગજમાં સૃષ્ટિક્રમ પ્રમાણે અનંત વિચારમાળા ફરી રહી હતી અને વિધવિધ જાતના તર્કવિતર્કો કરાવી રહી હતી વિહારી તો હતો તેની તેજ સ્થિતિમાં પડી રહ્યો હતો જાણે ગાઢ નિદ્રામાં પડયો હોય તે રીતે ત્હેનો શ્વાસોશ્વાસ ચાલી રહ્યો હતો શંકર અને વિલસુ રાતના આઠ વાગ્યાના શુમારે હૉસ્પિટલમાં આવ્યા હતા પરંતુ નર્સે ત્હેમને ઝાઝી વાર બેસવા દીધા નહોતા ગુણવંતલાલે તો તે રાત નિરાહારજ કાઢી હતી જેમ જેમ રાત્રી જવા લાગી તેમ તેમ ત્હેમના મનની અસ્વસ્થતા અધિક અને અધિક વધવા માંડી. પોતાની ઇચ્છા અને વિહારીની મરજી પ્રમાણે સઘળી વાતો સરળતાથી પાર પડી, લેણદારોના હાથમાંથી 'કુંજભવન' છોડાવી શકાયું દેસાઇજી સાથેના ઘણા વર્ષના અબોલા દૂર થયા, ઉભય કુટુંબમાં એકતા થઇ અને વીણા પોતાની પુત્રવધૂ થઇ. ઇત્યાદિ વિચાર ત્હેના મનમાં આવતા, આજ વીણા ઘેર આવી છે અને વિહારી અતિશય આનંદમાં છે, એમ માની પોતાના એકના એક લાડકવાયા પુત્રના સુખની કલ્પનામાં પોતે સાંજ સુધી કેટલા આનંદમાં હતો, ત્હેમાં આ દુઃખદાયક સમાચાર મળતા કેટલો શોક થયો અને રંગમાં ભંગ પડયો, એ બધા વિચારો ક્રમશઃ ત્હેને થવા લાગ્યા.

સુખ અથવા દુઃખનો અતિરેક થતા જ ત્હેની કાંતિ થઇ સ્થિરતર થવુ એ ઇશ્વરી ન્યાય છે, તેવી જ સ્થિતિ આજે ગુણવતલાલની થઇ હતી. વિહારી ત્હેનો એકનો એક પુત્ર, અને વળી દુનિયામા ત્હેને પોતાના વિના 'મ્હારો' કહે એવુ બીજુ કોઇ નહોવાથી વિહારી પણ પોતાના ત્રફિલના એ જાતના પ્રેમને સર્વથૈવ પાત્ર હતો. તે પણ પિતાના સુખમા જ પોતાનું સુખ માનતો હતો પિતાની એટલી મોટી સપત્તિનો પોતે એકલો જ વારસ હોવા છતા, આળસ, મોજશોખ અને ગર્વ એ શ્રીમતજનસુલભ દોષોથી તે મુક્ત રહી શક્યો હતો તે અત્યત આજ્ઞાધારક, ઉદાર અંતઃકરણવાળો, પ્રેમાળ અને ધર્મ સ્હમજનાર પુત્ર હતો એવા પુત્ર ઉપર આવો શોચનીય પ્રસગ એકાએક આવેલો જોઇને ક્યા પિતાને દુખ ન થાય ?

મધ્યરાત્રિનો શુમાર થયો હતો હજી ગુણવતલાલ અચળ દૃષ્ટિથી હાથ ઉપર કપાળ ટેકવી વિહારીના નિસ્તેજ અને ચેતનરહિત મુખ તરફ જોઇ બેસી રહ્યા હતા. બાજૂની ખુરશી ઉપર સ્વસ્થપણે પુસ્તક વાચતી નર્સ બેઠી હતી. માત્ર વચ્ચે વચ્ચે તે ઘડીક આ તરફ જોઇ વિહારીની નાડીની ગતિ જોવા ઉઠતી, અને પ્રત્યેક સેકંડે ત્હેની નાડીના કેટલા ધબકારા થાય છે તે ગણીને નોંધી રાખતી. એ સઘળો પ્રકાર ગુણવતલાલ શૂન્ય દૃષ્ટિથી જોતા હતા. ધીરે ધીરે ત્હેમની આખો ઉઘથી ઘેરાવા લાગી. તે વખતે ત્હેના મનમા સ્વામીજીના સબધમા વિચાર ચાલી રહ્યા હતા. સ્વામી ક્યાના હશે ? કઇ જાતના હશે ? ત્હેમણે સંસારસુખ ભોગવ્યુ હશે કે નહિ ? ત્હેમને સંસાર છોડવાનુ કારણ શુ હશે ? ઇત્યાદિ અનેક વિચાર કરતા કરતા બેઠે બેઠે ત્હેની આખ મિંચાઇ ગઇ. એ ઉંઘમા ત્હેમણે એક સ્વપ્ન જોયુ ત્હેમા જાણે વિહારીના શરીર ઉપર થઇને ગાડી ચાલી ગઇ છે, ત્હેના હાથ-પગ કપાઇ ગયા છે અને તે આસન્ન મરણ સ્થિતિમા ભયંકર વેદના તથા દુખથી માછલીની માફક તરફડતો પોતાની પાસે 'પિતાજી, પાણી' એવા દયામણા સ્વરે યાચના કરી પાણી માગે છે, એવુ ત્હેણે અનુભવ્યુ. તે સાથે જ ત્હેના અંતઃકરણને જબરદસ્ત ધક્કો લાગ્યો તુર્ત જ ત્હેનાં નેત્રો ઉઘડી ગયાં ત્હેણે આખો ચોળી આસપાસ જોયુ તો વિહારીના ઓશિકા પાસે ઉભેલી નર્સ ત્હેના મુખ તરફ વાકી વળીને

જોઇ રહી હતી ગુણવંતલાલે પુનઃ આંખો ચોળી નજર સ્વચ્છ કરી નર્સ શું કરે છે તે ધ્યાન પૂર્વક જોયું નર્સ રૂમાલ ઉપર એક બાટલીમાંથી ઔષધ છાંટી તે રૂમાલ વિહારીના નાક આગળ ધરતી હતી ડૉક્ટરે એવો પ્રયોગ બે ચાર વખત કર્યો હતો તે ગુણવંતલાલે જોયું હતું પરંતુ તે વખતે તેથી કંઈ લાભ થયો નહોતો આ વખતે તેથી જૂદુંજ પરિણામ જણાયું નર્સે રૂમાલ ધર્યો ત્હેને થોડો વખત થયો તેટલામાં વિહારીએ પોતાનો હાથ કિંચિત્ હલાવ્યો થોડા વખતમાં શ્વાસ મૂકતાં ત્હેના મુખમાંથી 'ઓ-બા-" એવો સ્ફુટ શબ્દ નીકળ્યો તે જોતાંજ નર્સે પુનઃ તે પ્રયોગ અજમાવ્યો ત્હેને થોડો વખત થયો ગુણવંતલાલ અતિશય ઉત્સુકતાથી વિહારીના ચહેરા મ્હામે જોઇ રહ્યા હતા ધીમે ધીમે ત્હેની ચર્યામાં ફરક પડવા લાગ્યો આટલા વખત સુધી નિશ્ચલ પડી રહેલું ત્હેનું શરીર હવે ધીમી હાલચાલ કરવા માંડ્યું ક્ષણ-વારમાં ત્હેણે નેત્રો ઉઘાડયાં અને ઉંડા અવાજે તે બોલ્યો "વીણા! ત્હેં આ શું કર્યું ?-અરેરે ! વીણા—"

"ભાઇ, વિહારી, આમ જો !" એકદમ ઉઠીને ત્હેના ઉપર વાંકા વળતાં ગુણવંતલાલ બોલી ઉઠ્યા. પરંતુ નર્સે ત્હેમને તેમ કરતાં અટકાવ્યા ત્હેણે કહ્યું "હં બસ ! ત્હેની સાથે લગારે બોલશો નહિં ! દર્દી હવે કંઇક શુદ્ધિમાં આવવા માંડ્યો છે ત્હેને લેશ માત્ર પણ ત્રાસ દેવો એ ઠીક નથી "

ધીરે ધીરે વિહારીએ પોતાનાં નેત્રો ઉઘાડયાં અને આમ તેમ દૃષ્ટિ ફેરવવા લાગ્યો પહેલું ત્હેણે પિતા તરફ જોયું, તે પછી નર્સ ભણી જોયું અને પોતાના કપાળ ઉપર હાથ ફેરવ્યો. કપાળ ઉપર બાંધેલો પાટો ત્હેના હાથને અડતાં જ મંદસ્વરે ત્હેણે કહ્યું ' આ શું છે ? પિતાજી, હું અહિં ક્યહાંથી આવ્યો ? વીણા ક્યહાં છે ?-ઓ-બા-મ્હારા પગ કળી જાય છે ! પિતાજી—પિતાજી, મ્હને આ શું થયું છે ? અરેરે !-મ્હારૂં માથું-" પુનઃ વિહારીએ પોતાના કપાળ ઉપર હાથ મૂક્યો

નર્સે રાયજીને બોલવા નહિં દેતાં કહ્યું "ત્હમે લગારે ડરશો નહિં. ત્હમને મોટારનો અકસ્માત થયો છે પરંતુ થોડા વખતમાંજ ત્હમે તદ્દન સારા થઇ જશો. હું હવે ત્હમને થોડું દૂધ આપું છું

તે પીઓ અને શાત ચિત્તે સૂઇ રહો. ત્હમે સિવીલ હૅાસ્પીટલમા છો.' એમ કહીને ત્હેણે વિહારીના મુખમા દૂધની ઝારીનુ નાળચું મૂકયુ. વિહારીને ઘણી જ તરસ લાગી હતી તેથી તે સઘળું દૂધ પી ગયો તે પછી ત્હેને કઇક શાન્તિ વળી ફરીથી ત્હેણે પોતાના નેત્રો મિંચી દીધા

વાચક ! જેના વિચારમા વિહારીની આ સ્થિતિ થઈ, તે વીણા અત્યારે શુ કરતી હશે ? તે આ વખતે ગાઢ નિદ્રમા પડી હશે કે શુ ? ચાલો વિહારીને શાન્તિથી સૂઇ રહેવા દઇ આપણે ઘડીભર તે તરફ લટાર મારી આવીએ

વિહારીને બારણામા મળ્યા પછી ભારતીમૈયા મેડે ગયા. તે વખતે વીણા બારણા પાસે સ્તબ્ધ થઇને ઉભી રહી હતી ભારતીમૈયાને અદર આવેલા જેતાજ ત્હેણે પોતાનુ મ્હો ફેરવી નાખ્યુ ભારતીમૈયા કોણ છે અને ગુણવતલાલના ઘર સાથે ત્હેમને શો સબધ છે, તે સઘળી વાત ત્હેને વિલસુએ આગળથી કરી રાખી હતી પરતુ તે હજી સૂધી કદી ભારતીમૈયા સાથે બોલી નહોતી

ભારતીમૈયા ત્હેની પાસે ગયા અને ત્હેને શિખામણ આપવા લાગ્યા 'તુ વિહારી સાથે શુ બોલી ? ત્હારા વિચાર શા છે ? સ્રીઓએ પોતાના પતિ સાથે કેવી રીતે વર્તવુ જોઇએ ?' વગેરે જાતના પુષ્કળ પ્રશ્નો ત્હેમણે ત્હેને કર્યા અને ઘણી ઘણી રીતે ત્હેને સ્હમજાવી લગભગ એક કલાક સૂધી ત્હેમનુ આ સભાષણ ચાલ્યુ અને બની શકે તેટલી ત્હેને સમજાવી પરતુ વીણાએ તો 'ચુ'કે 'ચા' કર્યું નહિ છેવટે તે કટાળ્યા અને બોલ્યા ચાલ્યા વિના ત્હેની પાસેજ બેસી રહ્યા જાણે ત્હેને બોલાવ્યા શિવાય ત્હેની પાસેથી નહિંજ ખસવુ એવો ત્હેમણે નિશ્ચય ન કર્યો હોય ! એટલામા ગભરાતે ચહેરે દોડતો દોડતો શંકર ત્યા આવ્યો ત્હેની પાછળ વિલસુ પણ દોડતી ત્ય્હા આવી

"મૈયા, મૈયા, ગજબ થયો !" શંકરે આવતા વારજ કહ્યુ, "આપણા વિહારીભાઇના શરીર ઉપર થઇને મૅાટોર ચાલી ગઇ ત્હેમનુ માથુ ફુટી ગયુ છે અને પગે વાગ્યુ છે હવે શુ કરીશુ ? તે સાહેબની મૅાટોર ગાડી પણ ચાલી ગઇ ! ત્હેને પકડયો પણ નહિ– બાપુજીએ તો એને છોડી દીધો ! ભાઇને હૅાસ્પિટલમા લઈ ગયા છે

મૈયા, હવે શુ થશે ?" એમ કહીને શંકર રડવા લાગ્યો એ ખબર સાભળીને મૈયાના હૃદયમા એકદમ ફાળ પડી તેવીજ સ્થિતિ **વીણાની** પણ થઇ બન્ને જણ શકરની તરફ ગાડાની માફક જોઈ રહ્યા, એટલામા શકરને બીજી એક વાતનુ સ્મરણ થયુ ત્હેણે આખો સાફ કરતા **વીણા** તરફ જોઇને કહ્યુ "**વીણા** બ્હેન, ત્હમારા ભાઈ કનકરાયને પોલિસો પકડી ગયા છે કનકરાયે ખોટી નોટો વટાવી એવુ તે કહેતા હતા ત્હેમને સિપાઇઓ કચેરીમા લઈ ગયા છે અને કાચી જેલમા રાખ્યા છે"

એ બીજા દુ ખદાયક સમાચાર સાભળીને **વીણાનુ** હૃદય ચીરાઇ જવા લાગ્યુ તે નિરાશ, નિ સત્વ અને જ્ઞાનશૂન્ય બની બારણાને ટેકો દઇને ઉભી રહી

"સ્વામીજીને આ વાતની ખબર આપી છે ?" મૈયાએ પૂછ્યુ

"હા સ્વામીજી હૉસ્પિટલમા છે અને હુ હવે નરેન્દ્રભાઇને બોલાવવા જાઉં છુ"

"મૈયા, હુ ભાઇને જોવા જાઉં ?" વિલસુએ **વીણાને** પૂછ્યુ "ભાભી ત્હમે આવો છો ?"

વીણાએ કઈ જવાબ ન આપ્યો ત્હેના મુખમડળ ઉપર શાહી ઢોળાઇ ગઇ હતી ત્હેની છાતીની નીચે ત્વગ્નિ ગતિએ ધબ ધબ ધબકારા થઈ રહ્યા હતા શંકર નરેન્દ્રરાયને બોલાવીને આવ્યો એટલે વિલસુ ત્હેની સાથે હૉસ્પિટલમા જવા નીકળી તે વખતે ત્હેણે ફરીથી **વીણાને** હૉસ્પિટલમા આવવા માટે પૂછ્યુ પરતુ એ વખતે પણ ત્હેણે કઇ જવાબ ન આપ્યો તે પોતાનાજ વિચારોમા મગ્ન હતી તે રાત્રે એણે પણ વાળુ કર્યું નહિ જમવા માટે વિલસુએ ત્હેને ઘણો આગ્રહ કર્યો, પરતુ 'મ્હારે જમવુ નથી' એ ત્રણ શબ્દોથી વધારે તે બોલી જ નહિં રાત્રે વિલસુ અને **વીણા** બન્ને એકજ ખડમા સૂઇ ગયા. પરતુ આખી રાત **વીણાની** આખો મિચાઇ નહિ

પ્રિય વાચક ! તે એવા શા વિચારમા મગ્ન બની હશે ?

પ્રકરણ ૪૦ મું.

અસ્વસ્થ મન.

ચિંતા બડી અભાગિણી, માસ બટુકે ખાય,
રતિ ભરભર સીંચિએ, તોલા ભરભર જાય

"કનકરાય, ત્હમે જો ખરેખરી હકીકત નહિ કહો તો પ્રસગ ઘણો કઠિન છે" સિટી મૅજીસ્ટ્રેટ[૧]ની કચેરીમા નરેન્દ્રકુમારે કનકરાયને કહ્યુ "ત્હમારી પાસે આ નોટો ક્યહાથી આવી, એટલુ કહો એટલે ત્હમે મુક્ત થયા છો એમ સ્હમજજો જુઓ, વિચાર કરો 'કેસ સેશન કમીટ' થશે તો ત્હમારે તેટલા દિવસ પોલિસની દેખરેખ નીચેજ રહેવુ પડશે એ વખતે પછી ત્હમને કોર્ટ જામીન ઉપર પણ છોડશે નહિ"

અગિઆર વાગવાનો સમય હતો થોડાજ વખતમા કોર્ટના કાર્યનો આરભ થનાર હતો તેટલા વખતમા નરેન્દ્રકુમારે કનકરાયને મળી ત્હેને પુષ્કળ પ્રશ્નો પૂછ્યા પરતુ પોતાની પાસે એ નોટો ક્યહાથી આવી તે વિષે કઇ પણ ખુલાસો કરવાની ત્હેણે સાફ ના પાડી મૅજીસ્ટ્રેટ સમક્ષ ત્હેનો મુકદ્દમો શરૂ થયો, ત્હેમા તે અપરાધી ઠર્યો, મૅજીસ્ટ્રેટે ત્હેના ઉપર 'ચાર્જ'[૨] મૂક્યો અને ત્હેને સેશનકમિટ કર્યો કનકરાયને જામિન ઉપર છોડાવવાના નરેન્દ્રે પ્રયત્નો ઘણા કર્યા ઘણીએ દલિલો કરી કે, 'તે મોટા ઇનામદાર કુટુબનો છે, ત્હેના હાથે કદી પણ આવુ કાર્ય થાય એ માનવા જેવુજ નથી, માટે કોર્ટે ત્હેના જામિન લેવા પરતુ મૅજીસ્ટ્રેટે કઇ પણ સાભળ્યુ નહિ પોલિસ ફરીથી કનકરાયને જેલખાનામા લઇ ગઇ રસ્તામાથી ત્હેની ગાડી પસાર થતી હતી તે વખતે કનકરાય અવનત શીરે, નીચી દષ્ટિએજ બેશી રહ્યો હતો. અપરિચિત, એકાન્ત અને ભયાનક કોટડીમા આવી પડતાજ ત્હેની આખ્યો ઉઘડી 'હું આજ છૂટીશ' એવુ ત્હેને લાગતુ હતું 'હું મોટા ખાનદાન કુટુબનો સંતાન છુ એટલે મ્હારા જેવો યુવક કદી પણ બનાવટી નોટો તૈયાર કરવાનો નીચ ધધો કરેજ નહિ, એ

૧. ખાસ શહેરનું કાર્ય કરનાર મામલતદાર ૨. તહોમત

વાત ધ્યાનમા રાખીને ' બીજી નોટો વટાવીએ છીએ તેજ પ્રમાણે આ નોટો પણુ મ્હે વટાવી હતી ' એટલું કહેતામાજ પોતાનો છુટકો થશે, એવુ તે મનમા માનતો હતો. પરતુ ' એ નોટા મ્હેં વટાવી ખરી, પરતુ તે મ્હારી પાસે ક્યાંથી આવી તે વાત હું કહીશ નહિ ' એ ત્હેણે પ્હેલા ઉચ્ચારેલા એક વાક્યથીજ સઘળો આરોપ ત્હેના ઉપર આવ્યો ! હવે એકાત કોટડીમા આવીને પડયા પછી ત્હેનુ મન ત્હેને ડખવા લાગ્યુ. અને નરેન્દ્રકુમારે પોતાને ત્રણ ત્રણ વખત એ વિષે પૃચ્છા કરવા છતા ત્હેનો ઉત્તર ન આપ્યો તે માટે હવે તે પોતાનેજ દોષ દેવા લાગ્યો કનકરાયને જે ખોટી નોટો વટાવવાના આરોપ માટે પકડવામા આવ્યો હતો, તે નોટો ત્હેને જમના પાસેથી મળી હતી એ નોટો ત્હેણે અકેક બબ્બે દિવસના અતરે એકજ દુકાને વટાવી હતી એ બન્ને નોટોનો એકજ નબર હતો તે વાત દુકાનદારના લક્ષ્યમા આવવાથી ત્હેણે તુરત પોલિસને વર્દી આપી પોલિસને કનકરાયે જમનાનુ નામ ન કહ્યુ ત્હેનુ કારણ એટલુજ હતુ કે, આજ પર્યંતનો પોતાનો વેશ્યાગમનનો સઘળો ગુપ્ત વ્યવહાર જાહેર થઇ જાય અને તેથી પોતાની ફજેતી થાય એનો ત્હેને ડર હતો પરતુ હવે તુરગમા પડયા પછી પેલી ફજેતી કરતા આ ફજેતી વધારે છે એવુ ત્હેને લાગવા માડયુ હવે કૅાલેજના મિત્રવર્ગમા ઉચુ માથુ કરવા જેવુ રહ્યુ નથી એ વિચારથી ત્હેને મરણપ્રાય દુ ખ થયુ ત્હેને કૃતકર્મનો પશ્ચાતાપ થવા લાગ્યો, અને જો હુ જમનાના છદમા પડયો ન હોત તો, આજે મ્હારા ઉપર આ પ્રસગ ન આવત એવા વિચાર ત્હેને થવા લાગ્યા. પરતુ એ સઘળા વિચારો ઘણા મોડા આવેલા હોવાથી થયુ ન થયુ થાય તેમ નહોતુ.

કચેરીમાથી બહાર નીકળીને એક ભાડાની ગાડીમા નરેન્દ્રકુમાર હૅાસ્પિટલના ગયો હજી ગુણવતલાલ ત્યાંજ હતા આખી રાતનો ત્હેમને ઉજાગરો હતો વિહારી આખી રાતમા માત્ર એજ વખત જાગૃત થયો હતો, પરતુ તે સપૂર્ણ રીતે શુદ્ધિમા નહોતો. પરોઢીઆના સમયે સુષુપ્તી અવસ્થામા ત્હેણે ઘણો લવારો કર્યો હતો. તે વખતના સઘળા ઉદ્ગાર વીણાના વર્તનથી પોતાને થયેલી નિરાશાના સબધમાજ હતા

નરેન્દ્રકુમાર હૉસ્પિટલમા આવતાજ ગુણવતલાલે કનકરાય વિષે કેટલાક પ્રશ્નો કર્યા, અને ત્હેના સબધમા મળેલી હકિકત સાભળ્યા પછી ત્હેમણે કહ્યુ, "સ્હવારે ત્હારા આવી ગયા પછી સ્વામી એક વખત આવી ગયા શકર તો સ્હવારથી અત્યાર સુધીમા ચાર વખત આવી ગયો પરતુ ત્હેને અહિ બેસાડીને ઘેર જતા મ્હારો જીવ ચાલતો નથી તુ આવ્યો તે ઠીક થયુ સ્વામીજી પણ પ્રાર્થનાદિ કર્મો આટોપી અહિ આવનાર છે, તેટલી વાર તુ બેસ તો ઘેર જઈ હુ બે કોળીઆ ખાઇ આવુ"

નરેન્દ્રકુમારને વિહારી પાસે બેસાડી ગુણવતલાલ ભાડાની ગાડીમા ઘેર જવા નીકળ્યા, પણ જતા જતા પહેલા તે આશ્રમમા ગયા ત્હા સ્વામીજી પૂજા વગેરે આટોપી હૉસ્પિટલમા જવાની તૈયારીમા હતા.

"કેમ શી ખબર છે ?" ગુણવતલાલને જોતાજ સ્વામીએ પૂછ્યુ

"કઇ વિશેષ નથી છે તેમને તેમજ તે શાન્ત પડી રહ્યો છે હજી જોઇએ તેવી શુદ્ધિ આવી નથી સ્હવારથી અત્યાર સુધી ત્હેણે કઈ બડબડાટ કર્યો નથી."

"ગુણવતલાલ, હવે મ્હને બધી વાત સ્હમજાઈ પ્રાત કાલે વિહારી જે લવારો કરતો હતો ત્હેમા પુષ્કળ સત્યાશ છે, એવુ મૈયાના કહેવાથી હવે મ્હને સ્હમજાય છે કાલ વિહારી અને વીણાની પ્રથમ ભેટ થઇ તે વખતેજ ધમાલ જામી હતી 'મ્હારો ત્હમારા ઉપર બિલકુલ પ્રેમ નથી, પરતુ માત્ર પિતાજીને કર્જમુક્ત કરવા માટેજ મ્હે લગ્ન કર્યા છે' એવુ વીણાએ એને સાફ સાફ કહ્યુ તેથી નિરાશ થઇને તે ઘરમાથી નીકળ્યો અને મનમા વિચારની ઘટમાળ ચાલી રહેલી હોવાથી, પાછળ આવતી ગાડીના ભૂગળાનો અવાજ તે સાભળી શકયો નહિ તેથી આ અકસ્માત થયો"

ગુણવતલાલે સઘળી હકીકત શાતપણે સાભળ્યા પછી ત્હેમને સઘળી ઘટના યથાર્થ સ્હમજાઇ ત્હેમણે કહ્યુ "સ્વામીજી, તો પછી દેસાઇજીએ પહેલાથી આ ઘાટ ઘડી રાખ્યો હશે એમજ કહેવુ જોઇએ."

"ગમે તેમ હો ! પણ આપણે ત્હેનો યોગ્ય વિચાર કરવો જોઇએ ત્હમારા પચાસ સાઠ હજાર રૂપીઆ ગયા છે પરતુ ત્હેનો

ઉપયોગ તો થયોજ છે ત્હમારી ઇચ્છા પ્રમાણે 'કુંજભવન' લેણદારોના હાથમાંથી છૂટયું છે એટલે તે માટે ખોટું લગાડવાનું કંઈ કારણ નથી, કારણ પહેલેથીજ ત્હમારી એવી ઇચ્છા હતી અને તે માટે તો ત્હમે જાતેજ એમની પાસે ગયા હતા હવે આ લગ્નના સંબંધમાં વિચાર કરીએ તો ત્હેનો દોષ પણ આપણા શિરેજ આવે છે વિહારીનો વીણા ઉપર પ્રેમ હતો અને હજી પણ છે, પરંતુ લગ્નની શરત નાખવાથી વીણાની ઇચ્છા કે પ્રેમ ન હોવા છતાં પૈસા માટેજ પ્રતાપરાયે ત્હેને લગ્ન કરવાની ફરજ પાડી જો આપણે આ સંબંધમાં પહેલેથી તપાસ કરી હોત અને વિહારીનો વીણા તરફ જેવો પ્રેમ છે તેવોજ પ્રેમ વીણાનો વિહારી માટે છે કે નહિ તે જોયું હોત તો આજે આ પ્રસંગ આવ્યો ન હોત પણ હવે એ બધા વિચારોનો શો લાભ? થવાનું હતું તે થઇ ગયું! હવે તો વીણા ત્હમારા કુટુંબમાં આવી, તે ત્હમારીજ થઈ, એટલે હવે કંઇ ત્હેને કાઢી શકાય તેમ છે? હજી તે હલ્લડ સ્વભાવની છે, હજી ત્હેને મનોવિકારના બળની ખબર નથી આપણે ત્હેને સંભાળી લેવી જોઇએ અને ત્હેને એના કર્તવ્યની ઓળખાણ કરાવવી જોઇએ આજ બપોરે હું ત્હેની પાસે જવાનો છું ગુણવંતલાલ, મ્હારી તો ખાત્રી છે કે જો આપણે પ્રયત્ન કરીશું તો જરૂર તે સુધરશે અને આપણા વિહારી સાથે રહીને સુખી થશે એવા પ્રયત્નના અભાવે આજ કાલ હિંદુ સંસારમાં વેવાઇ પક્ષો વચ્ચે મતભેદ ઉભા થાય છે, અને એમનો સ્નેહ વેરના રૂપમાં ફરી જાય છે ઇશ્વર આપણા સંબંધમાં એવું ન કરે એ વીણા—વિહારીને દીર્ઘાયુષી અને સુખી કરે એવી મ્હારી ઇચ્છા છે"

ગુણવંતલાલે ઘેર આવ્યા પછી જલદી જલદી સ્નાન-સંધ્યા કરી લઈ, જેમ તેમ બે કોળીયા ખાઇ લીધું. ત્હેમનો દેહ આ કાર્ય કરી રહ્યો હતો, પરંતુ પ્રાણ તો હોસ્પિટલમાં વિહારીની પાછળ ભ્રમણ કરી રહ્યો હતો જમીને તુર્તજ તે પાછા હોસ્પિટલ તરફ જવા નીકળ્યા. જતા જતા વીણા જમી કે નહિ તે વિષે ત્હેમણે વિલસુને પૂછ્યું વિલસુએ કહ્યું, 'રાત્રે એ જમ્યા નહોતા.' ત્હેને જમાડવાની ભલામણ કરી તે તાબડતોબ ગાડીમાં બેસી હોસ્પિટલ તરફ ગયા. ત્હેમના ગયા પછી વિલસુએ વીણાને જમવા બોલાવી. અતિશય આગ્રહ કરવાથી તે જો કે જમવા તો બેઠી, પરંતુ ત્હેને

ગળે અન્ન ન ઉતર્યું. જેમ તેમ એકાદ બે ગ્રાસ લઇ ફરીથી તે ઉપર આવીને બેઠી આખી રાતના ઉજાગરાથી ત્હેનુ માથું કળતુ હતુ તે સાથે 'મ્હારૂ ભવિષ્યમા શુ થશે?' 'હું કરૂ છુ તે ઠીક કરૂ છુ કે કેમ?' એ વિચારો ત્હેને લગારે વિશ્રાંતિ પડવા દેતા નહોતા સુશીલાના પત્રથી ભડકી ઉઠેલુ ત્હેનું મન હવે ઘણુજ શાત થઇ ગયુ હતુ હવે ત્હેને લાગતુ હતુ કે, વિહારી સાથે મ્હે જે જાતનુ વિચિત્ર વર્તન ચલાવ્યુ તે કોઇપણુ રીતે ઠીક કર્યું નથી એ વિચાર હવે ત્હેને ડ ખતો હતો કારણુ કે 'મ્હે કેવળ પિતાજીની અડચણુ માટેજ ત્હમારી સાથે લગ્ન કર્યા છે, પરતુ મ્હારો ત્હમારા ઉપર પ્રેમ નથી' એ શબ્દો સાભળતાજ વિહારી-ની વૃત્તિ અને અવાજમા જે ભયકર ફેરફાર થઇ ગયો હતો તે વીણા કળી શકી હતી જે વખતે એના મુખમાથી એ શબ્દો નીકળ્યા તે વખતેજ 'આ ઠીક ન કર્યું' એમ ત્હેનો અતરાત્મા એને કહી રહ્યો હતો પરતુ વીણાનો સ્વભાવ મૂળે હઠીલો હતો અને અગ્રેજી શિક્ષણે સ્વતત્રતાના નામે એ હઠિલાઇમા વૃદ્ધિ કરી હતી, એટલે પોતાની ભૂલ મ્હમજવા છતા પણુ એક વખત બોલેલા શબ્દો પાછા શી રીતે લેવા તે વીણા જાણુતી નહોતી એને એ વાત પસદ જ નહોતી પોતાનુ સ્વમાન, સ્વતત્રતા ગુમાવવા જેવી કઠિન લાગતી હતી એટલે વિહારીની સ્થિતિમા એકાએક થયેલા પરિવર્તનને જોઇને તે ગભરાઇ ગઇ, છતા પણુ તે તદ્દન મૌન રહી ત્હેનુ તે વખતે ધારણુ કરેલુ મૌન હજી પણુ તૂટયુ નહોતું હવે તો છેવટ પર્યત મૌન ધારણુ કરી ભાગ્યમા જે જે કઇ થવાનુ સર્જીત હોય તે શાત રીતે જોવુ, એવો ત્હેણે નિશ્ચય કર્યો હતો, અને અત્યહાર સુધી તે એ પ્રમાણે વર્તી પણુ હતી. વિહારીના જવા પછી ભારતીમૈયાએ ત્હેની સાથે કેટલીએ વખત સુધી માથાફોડ કરી પરતુ તે પોતાના નિશ્ચયમાથી ન ડગી. નાઇલાજે ફક્ત વિલાસુ સાથે તે રડયાખડયા પ્રસંગોપાત એકાદ બે શબ્દો બોલી એટલુજ!

'મ્હારો ત્હમારા ઉપર પ્રેમ નથી' એવુ જો કે ત્હેણે વિહારી-ને કહ્યુ હતું, 'હું સ્વતત્રજ રહીશ' એવુ જો કે ત્હેને લાગતું હતુ અને 'લગ્ન પછી છેડાછૂટકો કરીને હું મ્હારી સ્વતત્રતા પુન પ્રાપ્ત કરીશ' એવી ત્હેની ભ્રામક કલ્પના હતી, તોપણુ વિહારીને–પોતાના પતિને અકસ્માત થયો તે સમાચાર સાભળતાજ ત્હેની છાતીમાં

ફ્રાસ્કો પડયો ! ગમે તેટલી પણ તે આર્ય બાળા હતી પરદેશી-ઓના સહવાસથી પરદેશી આચાર વિચારોનુ અનુસરણ કરવા તે ગમે તેટલા પ્રયત્ન સેવતી હોવા છતા તે આર્યાવર્તમા જન્મેલી, આર્યમાતાને ધાવેલી આર્યપુત્રી હતી ગમે તેટલી મનની અધમ દશાએ તે પહોચી હોવા છતા ત્હેના હૃદયના ઉંડાણમા આર્યત્વનાં બીજ વેરાયલા હતા એટલે એમ થાય એ સર્વથા સંભવિત હતુ

અકસ્માતની ખબર મળ્યા પછી ત્હેને જ્યારે જ્યારે વિહારી-નુ સ્મરણ થયુ, ત્યારે ત્યારે જાણે તે પોતાની સાથે નિરાશાથી વાતચિત કરી રહ્યો છે, અને પ્રત્યેક શબ્દે જાણે પોતાના હૃદયમાથી પ્રેમની શોધ કરતો જતો હોય, એવો વીણાને ભાસ થતો, અને તે સાથેજ ત્હેને ભય લાગતો વિહારીની સ્મૃતિની સાથે સાથેજ ત્હેને પોતાના બધુ કનકરાયની સ્મૃતિ થતી હાલમા તે કાચી જેલમા છે, ત્હેના ઉપર ખોટી નોટો વટાવવાનો આરોપ છે, વગેરે શકરે કહેલી હકીકત ત્હેના કાનમા ગણુગણી રહેતી અને વિહારીના સ્મરણથી ભય પામેલા ત્હેના મનને એકદમ વિકલ કરી દેતી વિહારીની હવે કેવી સ્થિતિ હશે અને પોતાના ભાઈનુ શુ થયુ હશે ? તે જાણવા ત્હેનુ મન અધિક ઉત્સુક બન્યુ હતુ પરતુ ‘ વીણા કઇજ બોલતી નથી, એટલે તે અત્યત દુ ખમા ડુબી ગઇ છે ’ એમ સ્હમજીને વિલસુ સ્હવારથીજ ત્હેની સાથે વધારે બોલી નહોતી ત્યારે ‘ સ્હ-વારથી હુ વિલસુ બ્હેન સાથે વધારે બોલી નથી અને હવે વિહારી તથા કનકરાયની ખબર પૂછવા ત્હેની સાથે શી રીતે બોલુ ? ’ એવો વિચાર થતા વીણાના મનમાથી પૂછવાની હિમ્મત ઉડી જતી

વીણા જમીને ઉપર આવીને બેઠી ત્યાર પછી થોડીજ વારમા કઇક કામને માટે શકર ઉપર ગયો ત્હેણે અંદર જતાજ વીણાના મુખ તરફ જોયુ. ત્હેનો ચહેરો ઉતરી ગયેલો હોવાથી તે પોતાના દુખે દુખી થઇ ગઇ છે એમ જોઇને શકર પણ મુગો મુગો પોતાનુ કામ કરીને નીચે જવા તૈયાર થયો. તે વખતે વીણાએ ત્હેને ધીમેથી હાક મારી.

“ શકર, શી ખબર છે ? ”

“ ખબર શું હોય, ભાભી ! સ્હવારે મ્હોટાભાઇને ભાન આવ્યું છે ત્યારથી તે સતત ત્હમારા નામનોજ ઉચ્ચાર કરી રહ્યા છે.

ડૉકટર કહે છે કે મ્હોટાભાઇનું મગજ દિવાના માણસ જેવું બની ગયું છે. તે ઘણી વખત તો મોટેથી ત્હમારા નામની હાકો મારે છે. ભાભી ! ત્હમે મારી સાથે હૉસ્પિટલમાં આવો છો ? ત્હમને જોઇને મ્હોટાભાઇને ઠીક લાગશે. ચાલો, ચાલો, ભાભી ચાલો. ત્હમે આવશો તો મ્હોટાભાઈ એકદમ સાજા થઈ જશે ! ત્હમે એમને નજરે જોશો ત્ય્હારે મ્હારી વાત ત્હમને સ્હમજાશે ડૉકટરે એમના પગે એક મ્હોટી લાકડાની ચીપ બાંધી છે, અને કપાળે લાંબો પાટો વીંટાળ્યો છે ભાભી, શું કહું ! એમના કપાળમાંથી કાલ પુષ્કળ લોહી વહી ગયું છે ભાભી, મ્હારૂં માનો તો ત્હમે ચાલો ત્હમારા આવવાથી ખરેખાત એમને આરામ થઇ જશે કેમ આવો છો ? ગાડી જોડવાનું કહું ? ભાભી બોલો ને ?" શંકરે ઉપરાઉપરી પ્રશ્ન પૂછવા માંડયા.

શંકર જ્ય્હારે આ બધું બોલી રહ્યો હતો, ત્ય્હારે વીણા એકી ટશે ત્હેના સ્હામે જોઇ રહી હતી ત્હેના પ્રત્યેક શબ્દે શબ્દે વીણાના મુખ મંડળ ઉપરના ભાવો નવું રૂપ ધારણ કરતા હતા, અને તે સાથેજ ત્હેના અંતઃકરણમાં ખળભળાટ મચી રહેતો હતો શૂન્ય દૃષ્ટિથી તે શંકરની સ્હામે જોઇ રહી હતી ક્ષણભર ત્હેના મનમાં એવો વિચાર આવ્યો કે તે સાથેજ ત્હેનું સર્વાંગ કમ્પી ઉઠયું 'વિહારીની આવી ભયંકર સ્થિતિ થવામાં હું જ કારણભૂત છું,' એ એકજ વિચારે ત્હેના હૃદયને કમ્પાવી નાખ્યું, ત્હેના હાથપગને પાણી પાણી કરી નાખ્યા, ત્હેનું ચેતન હરી લીધું એટલામાં બહારથી 'શંકર' એવી કોઇએ હાક મારી 'શંકર' ઉઠીને બારી આગળ ગયો, અને તુર્ત પાછો આવીને ત્હેણે વીણાને કહ્યું "ભાભી, સ્વામી મહારાજ પધાર્યા છે."

સ્વામી આવે છે એમ સાંભળતાંજ વીણા એકદમ ઉઠીને ઉભી થઈ ગઇ. થોડા વખતમાં સ્વામીજી દાદર ચઢીને ઉપર આવ્યા ત્હેમની ગંભીર અને તેજપુંજ કાંતિ નજરે પડતાંજ નૈસર્ગિક રીતે વીણાના બન્ને હાથ એક થઇ જોડાઇ ગયા ત્હેનું મસ્તક નીચું નમી ગયું ત્હેણે સ્વામીને નમસ્કાર કર્યા

"સુખી ભવ !" સ્વામીએ આશીર્વાદ આપ્યો.

સ્હવારે ગુણવંતલાલને કહેવા પ્રમાણે સ્વામીજી અત્ય્હારે ખાસ

વીણાને મળી, ત્હેના કર્તવ્યની ઓળખાણ આપવા માટેજ આવ્યા હતા. આગલે દિવસે વિહારીએ ભારતીમૈયા સાથે જે વાતચિત કરી હતી તે સઘળી મૈયાએ સ્હવારે સ્વામીજીને કહી હતી, તે ઉપરથી તથા વિહારીએ અર્ધ શુદ્ધિમા કરેલા લવારા ઉપરથી સ્વામીને લાગ્યુ હતુ કે, ' વીણા અંગ્રેજી શિક્ષણના પ્રતાપે વિચિત્ર સ્વભાવની બની છે, અને પરદેશી સ્ત્રીઓના ઉચ્છૃંખલ વિચારોના પરિણામે ત્હેના મનમા પ્રેમની કંઇક ભ્રમણાજનક કલ્પનાઓ ભરાઇ ગઇ છે ' તે ભ્રમણાજનક કલ્પના એક બે બોધવચનની વાતો કહીને દૂર કરવાના ઉદ્દેશથીજ તે આવ્યા હતા

" બેટા બેસ " સ્વામીએ વાત્સલ્યભાવે કહ્યુ " મનમા કોઇપણ પ્રકારનો સંકોચ ન લાવતા મ્હારી પાસે બેસ, અને ખુલ્લા મને મ્હારી સાથે વાતચિત કર બેટા, કાલ ત્હારી સાથે ભારતી-મૈયા કેટલીએ વખત સુધી વાતો કરતા બેઠા, પરતુ તુ એમની સાથે એક શબ્દ પણ બોલી નહિ બેટા, જો તુ એમ મૌન ધરીને બેસીશ તો એથી તુ ત્હારૂજ અહિત કરી બેસીશ કાલ વિહારી ત્હારી સાથે વાત કરતો હતો તે વખતે ' મ્હારો ત્હમારા ઉપર પ્રેમ નથી, પણ ફક્ત પિતાજીના ઋણની ખાતરજ હુ લગ્ન કરવા તૈયાર થઇ હતી. ' એવા ભાવાર્થનુ તુ કંઇક બોલી પરતુ ત્હારા એ એક ન્હાનકડા વાક્યનુ કેટલુ ભયકર પરિણામ આવશે, એ જો તે વખતે-જ ત્હારા લક્ષમા આવ્યુ હોત તો, એવા અવિચારના શબ્દો ત્હારા મુખમાથી નીકળ્યાજ ન હોત હશે, હવે તો જે થવાનુ હતુ તે થઇ ગયુ છે ત્હારા વગર વિચાર્યા વાક્યનુ ભયકર પરિણામ આવ્યુ અને વિહારીને હૉસ્પિટલમા ગભીર સ્થિતિમા રહેવુ પડયુ "

એટલુ કહીને સ્વામી, વીણાના મુખ તરફ જોવા લાગ્યા. પોતાના ભાષણનુ ત્હેના મન ઉપર કઇ પરિણામ થયુ છે કે નહિં, તે જોવા ખાતરજ ત્હેમણે ત્હેના મુખમડળ તરફ ક્ષણભર સૂક્ષ્મ દૃષ્ટિથી જોયુ પરતુ વીણાના ચહેરા ઉપર કંઇપણ વિશેષ ફેરફાર થયેલો તે જોઇ ન શક્યા. આગલે દિવસે વિહારીને થયેલા અક-સ્માતની અને કનકરાયના પકડાવાની ખબર સાભળી ત્હેનો ચહેરો તદ્દન ઉતરી ગયો હતો અને હજી પણ તેવોજ કાયમ હતો જો તે સ્થિતિમા કંઇક વધારે ફેરફાર થયો હોય તો તે માત્ર આખી રાત-ના જાગરણથી વધારે નિસ્તેજ બન્યો હતો એટલુજ !

"બેટા, ત્હેં સારી રીતે ઇંગ્રેજી જ્ઞાન સંપાદન કર્યું છે." પોતાના કહેવાની કંઇ પણ અસર નથી થઇ જાણી સ્વામીજીએ ફરીથી બોલવું શરૂ કર્યું "અને સ્વભાવત તું ધીટ હોવાથી, શહેરમા ભરાતી સભાઓમા, સ્ત્રીઓના ભાષણોમા અને બીજા સાર્વજનિક રીતે થતા સ્ત્રીપુરૂષોના ઉત્સાવોમા તુ જતી હતી એવુ મ્હેં સાભળ્યુ છે એ સઘળી વાતોના ત્હારા મન ઉપર સંસ્કાર પડવાથી તથા પ્રૌઢ વય પર્યંત અવિવાહિત રહેવાથી, લગ્નના સબધમા ત્હારા વિચાર પાશ્ચત્ય પ્રજાના વલણ જેમ વળ્યા હોય તો ત્હેમા કઇ નવાઇ નથી અને એમ થયુ જ છે એ હાલના ત્હારા વર્તન ઉપરથી સારી રીતે જોઇ શકાય છે સુધરેલા પાશ્ચાત્ય દેશોમા પ્રૌઢ વયસ્ક વધૂવર લગ્ન પહેલા એક બીજાનો પરિચય અને પ્રેમ સપાદન કરવામા કેટલાક દિવસ ગાળે છે. ત્હારા સબધમમા એવુ કઇ બન્યુ નથી. ત્હારો વિહારીની સાથે તદ્દન બાલ્યાવસ્થામા પરિચય હતો પરતુ પ્રેમનુ બીજારોપણ થવા માટે જે વય યોગ્ય છે, તે વખતે તો ત્હમે ઉભય એક બીજાથી તદ્દન દૂર હતા પાછળથી કેટલાક અકલ્પિત કારણોને લીધે એકદમ ત્હમારા વિવાહ નક્કી થયા એટલે ત્હમો દપતિમા પરિચય હોવા છતા પ્રેમ ઉદય થઇ શકયો નથી, એ વાત તો હું પણ કબૂલ કરૂ છુ, પરતુ લગ્નની પહેલા પ્રેમનો ઉદય થયો નથી એટલે ભવિષ્યમા પણ નહિ થાય, એવી ખોટી સમજણથી કાલે ત્હેં વિહારીને ગાડાની માફક 'મ્હારો ત્હમારા ઉપર પ્રેમ નથી' એમ કહી દીધુ ત્હેનુ કેટલુ બધુ ભયંકર પરિણામ આવ્યુ તે જોયુંને ? પણ બેટા ! ત્હારી એ ધારણા તદ્દન ભૂલ ભરેલી છે. કારણ ત્હમારા લગ્ન થતાજ નૈસર્ગિક રીતેજ ત્હમારા અત કરણમા પ્રેમના બીજ રોપાઇ ચૂકયા છે. હવે તે પરસ્પરના સહવાસથી ધીરે ધીરે મ્હોટા વૃક્ષનું રૂપ લેશે આજકાલ પોતાને સુધરેલામા ખપાવતા દેશોમા પરિચય અને પ્રેમના કારણ ઉપર લગ્નરૂપી કરાર થાય છે, તે કરતા પણ આપણા લગ્ન સબધમા લોકોત્તર બધન હોય છે તે વધુ દઢ હોય છે હિંદુસ્થાનમા લગ્નને કરાર ગણવામા આવતા નથી, પરતુ લોકોત્તર બધન તો ધર્મવિધિમાજ સમાવેશ કરવામા આવેલો છે જે પરદેશી સ્ત્રીઓના સહવાસથી ત્હારામા આ વિચાર પ્રવેશ્યા છે તેજ દેશના સર એડવર્ડ આર્નોલ્ડ નામના ડાહ્યા વિદ્વાને કહ્યુ છે કે "પશ્ચિમમા સ્નેહ–લગ્નને પરિણામે

ઘણીવાર ગભીર ભૂલો, સાહસિક નિશ્ચયો અને દયા ઉપજાવે તેવી નિરાશાઓ જોવામા આવે છે જ્યહા પૂર્વમા યુવાનોને માટે, ડાવકા અને સસાર વ્યવહારના અનુભવી વડિલો સભાળ પૂર્વક સારી પસદગી કરે છે તરતના આકસ્મિક સ્નેહથી આકર્ષાયલા અને ભવિષ્યમા ઉજળા સ્વપ્નજ જોનાર યુવાન જોડાઓમા આ ગુણનો અભાવ હોવાથી પાશ્ચાત્ય દેશોમા માઠા પરિણામો આવે છે. પૂર્વમા તેમ નથી. વળી લગ્ન બધન તરફ ઓછી કાળજી અથવા ઓછી સંભાળને લીધે હિંદુઓમા આવો આચાર પ્રચલિત છે એમ નથી એ લોકો લગ્નનો પૂર્ણ અર્થ, એની જવાબદારીઓ અને ગભીરતા સ્હમજે છે, અને તેથીજ પૂર્વમા આ જુનો સંપ્રદાય દષ્ટીએ પડે છે" બેટા, હવે તુજ કહે કે શુ આ વિદ્વાન કઈ પણ વિચાર કર્યા વિના પોતાના દેશની રૂઢીઓની નિદા કરી, આર્યાવર્તની લગ્ન પ્રથાની પ્રશસા કરતો હશે ? તુ તો ઇંગ્રેજી શીખેલી છે એટલે કદાચ એમની નવલકથાઓ પણ ત્હેં વાચી હશે ત્હેમા પણ એ આગ્લ વિદ્વાનના કથનને પુષ્ટિ આપનારી ઘટનાઓ જણાતી નથી ? બેટા, ત્હારા લગ્ન સમયે હિદુ લગ્નની પવિત્ર વિધિનું ત્હને ભાન થયુ જ હશે તુ હવે કઈ ન્હાની નથી, એટલે વિવાહ પછી ત્હારા મનનુ થતુ સ્થિત્યતર ત્હારા લક્ષ્યમા સારી રીતે આવી શક્યુ હશે જ. સાચુ કહેજે, હું કહુ છુ તે ખરૂ છે કે નહિ ? બેટા, ખરેખર કહેજે કે હુ જે કહુ છુ ત્હેની સત્યતા ત્હને સ્હમજાય છે કે નહિ ?"

પોતાના ભાષણનુ **વીણા**ના મન ઉપર કેવુ પરિણામ થયુ છે તે જોવા સ્વામીએ પુન ત્હેની મુખચર્યાનુ સૂક્ષ્મ દષ્ટિએ અવલોકન કર્યું આ વખતે **વીણા**ના ચહેરા ઉપર થયેલો ફેરફાર ત્હેઓ સ્પષ્ટ જોઇ શકયા તે જોઇને ત્હેમા વૃદ્ધિ કરવાના ઇરાદે સ્વામીએ પોતાનુ ભાષણ લબાવ્યુ "પુત્રી આપણા સસારમા લગ્નવિધિમા એટલા ઉચ્ચ અને ગભીર તત્ત્વો ભરેલા છે કે, તે સબધમા લખતા એક કવિએ તો ગાયુ છે કે 'પરણવુ તે તો પ્રભુતામા પગલા માડવા'[1] અને એ કથન અક્ષરસ સત્ય છે સસારીયોને માટે એ આવશ્યક વસ્તુ છે લગ્ન થતાજ કન્યાના ચારિત્રમા વિલક્ષણ ફેરફાર થવા માડે છે. તે મર્યાદાશીલ બને છે, ત્હેના હૃદયમા પ્રેમ, વાત્સલ્ય, આદર, સહનશીલતા વગેરે ઉચ્ચ અને કોમળ મનોવિકાર

૧ "ઇન્દુકુમાર"

જાગૃત થાય છે, ટૂંકામાં એટલુંજ કે, લગ્નરૂપી રાજ્યાભિષેકથી ગૃહ રૂપી નાનકડા રાજ્યનો સર્વ કારભાર અને જવાબદારી વિવાહિત સ્ત્રીને સોંપવામાં આવે છે, અને તે ગૃહરાજ્યની સ્વામિની–રાણી બને છે એટલું જ નહિ પણ પતિના અર્ધા અંગની માલીક બને છે. મહાભારતના આદિ પર્વમાં કહ્યું છે કે—

> अर्द्धं भार्या मनुष्यस्य भार्या श्रेष्ठतम सखा ।
> असहायस्य लोकेऽस्मिन लोकयात्रा सहायिनी[1] ॥

અરે બ્હેન, તું જે અંગ્રેજોના વિચારો ઉપર મોહિ પડી છે, તે જાતિનો એક વિદ્વાન તો એટલું બધું લખે છે કે—

> "A good wife and health,
> Are a man's best wealth"[2]

આ ઉપરથી તું લગ્નની મહત્તા સ્હમજી શકીશ."

સ્વામીએ ત્રીજી વાર વીણા તરફ જોયું અને પછી ઉઠયા. ત્હેના મન ઉપર પોતાના ભાષણનું થોડું ઘણું પરિણામ થયું છે, તે સ્વામીના લક્ષમાં આવ્યું, એટલે હવે ત્હેને પોતાના લાંબા ભાષણ ઉપર શાન્ત ચિત્તે વિચાર કરવાની તક આપવી જરૂરની છે, એમ ધારીને તે ઉઠયા અને જતાં જતાં ત્હેને કહ્યું "પુત્રી, મ્હેં ત્હેને જે જે કહ્યું ત્હેનો વિચાર કરજે. વિહારી ઉપર પ્રેમ નથી એમ ત્હેં કહ્યું છે, પરંતુ હવે તું ત્હારા અંતઃકરણના પ્રત્યેક ખૂણા તપાસી જો એટલે એ પ્રેમનો અંકુર આપોઆપ ત્હારી નજરે પડશે."

---

૧ "મનુષ્યની શ્રેષ્ઠ દોલત ભલી પત્ની અને તંદુરસ્તી છે"

૨ ભાવાર્થઃ—'સ્ત્રી એ પુરૂષનું અર્ધું અંગ તથા ઉત્તમોત્તમ મિત્ર છે કારણ કે, સહાય વિનાના પુરૂષને આ જગત્ વિષે લોકવ્યવહારમાં સ્ત્રી સહાયતા કરનારી છે.

પ્રકરણ ૪૧ મું.

જુના ચિત્રનું બીજું.

ભોમા પેસી ભોયરે, કરીએ કાંઇ વાત,
ઘડીએ મનમા ઘાટ તે, જાણે જગનો તાત

(સ્વ૦ દલપતરામ)

સ્વામીજીના ગયા પછી, વીણા ત્હેમના ભાષણ સબંધે જેમ જેમ વધારે વિચાર કરતી ગઇ, તેમ તેમ લગ્નના લોકોત્તર બંધનની સત્યતા ત્હેને સ્હમજાતી ગઇ શાળામા શીખતી વખતે ગાએલા,

'સખિઓ નિજ નિજ નીતિ ધર્મ સદા સંભાળજો રે'

એ ગરબાનુ સ્મરણ થતા, પતિની મહત્તા અધિક સ્હમજાઇ તે સાથે લગ્નક્રિયા વખતે 'સપ્તપદી'[1]ની લીધેલી પ્રતિજ્ઞાઓમાની ત્રીજી અને ચોથી[2] પ્રતિજ્ઞાઓ યાદ આવી એટલે એ સ્હમજણમા વૃદ્ધિ થઇ લગ્ન થતાજ મનમા વિલક્ષણ ક્રાંતિ થાય છે તે કથનની સત્યતા તો લગ્ન સમયેજ ત્હેને સ્હમજાણી હતી, અને તે ક્રાંતિનુ પોતાના મન ઉપર પરિણામ થતું હતું, તેવામાજ સુશીલાના પત્રથી પુનઃ ત્હેના મનની સ્થિતિ ડગુમગુ બની ગઇ તેથીજ ત્હેણે વિહારીને પોતાના પતિને ઉદ્ધતપણે જવાબ આપ્યો હતો તે વિચાર સીનેમાના ચિત્રપટની માફક ત્હેના સ્મરણપટ ઉપર આવી ગયા પોતાના એ જાતના જવાબથીજ પતિના મનની નિરાશા થઇ તે

---

૧. ચોરીમા સાત પગલા ભરતી વખતે લેવાની સાત પ્રતિજ્ઞાઓ

૨. भर्तृभक्तिरता नित्यं सदैव प्रियभाषिणी ।
भविष्यामि पदे चैव तृतीये साऽब्रवीदिदम् ॥ ३ ॥

(ભરથારની ભક્તિ કરવામા નિરંતર પ્રીતિમતી થઇશ, પ્રિય બોલનારી થઇશ એવુ ત્રીજે પગલે કન્યા બોલે છે)

आर्ते आर्ता भविष्यामि सुखदु:ख सभागिनी ।
तवाज्ञां पालयिष्यामि कन्या तूर्ये पदेऽब्रवीत् ॥ ४ ॥

(ત્હમારે દુઃખે હું પણ દુઃખી, અને સુખે સુખી થઇશ ત્હમારી આજ્ઞાનું પાલન કરીશ એમ કન્યા ચોથે પગલે બોલે છે.)

સાથે ત્હેમના મનમા મ્હારા માટે તિરસ્કાર ઉત્પન્ન થયો હશે એવુ ત્હેને લાગવા માડયુ જેમ જેમ તે આ વાતને વધારે ને વધારે વિચાર કરવા લાગી તેમ તેમ ત્હેનુ મન વધારે અસ્વસ્થ થવા લાગ્યુ, અને પોતાના હાથે મોટી ભૂલ થઇ એવુ ત્હેને લાગવા માડયુ

મધ્યાહ્નકાળના સુમારે વિલસુ ઉપર આવી પોતાની ભાભીના મનમા ચાલી રહેલી વિલક્ષણ વિચારપરપરાની ત્હેને કલ્પના પણ નહોતી ત્હેને તો એમ લાગ્યુ હતુ કે, ' એ શ્રીમતની પુત્રી છે અને વળી ઘણી ભણેલી છે એટલે પહેલો દિવસ હોવાથી મ્હારી સાથે મોકળે મને બોલતી નહિ હોય, અથવા તો પ્રથમજ શ્વસુરગૃહે આવેલી હોવાથી ત્હેને સાહજિકજ સકોચ લાગતો હશે એટલે બોલતી નહિ હોય ' છતા પણ કઇને કઇ નિમિત્ત શોધી કાઢીને તે વીણાની સાથે બોલવાનો પ્રસગ શોધી કાઢતી હતી જે રીતે ત્હેની સાથે ત્હેની નણુદ-વનલતા બોલતી હતી તેજ પ્રમાણે પ્રેમ અને ખુલ્લા દિલથી પોતે પણ પોતાની ભાભી સાથે બોલે એવી વિલસુની ઉત્કટ ઇચ્છા હતી તેથી વીણા પોતાની સાથે ખુલ્લે મને વાતચિત કરે તે માટે શુ કરવુ તેના સબધમાજ આગલા દિવસે સધ્યાકાળે તે વિચારમા ગૂથાઈ હતી, એટલામાજ કમનશિબે વિહારીને અકસ્માત થવાના સમાચાર મળ્યા તે વખતથી તો ફરી બધી વાતો બદલાઇ ગઇ વીણા તો પહેલાના કરતા પણ વધુ મુગ્ધ બની ત્હેનો અર્થ વિલસુએ એવો કર્યો કે, પોતાના પતિની આવી કષ્ટમય સ્થિતિ થવાથી પોતાને થતા અતિશય દુખને લીધે વીણા એકાતમા બેશી રહેતી હશે આ વખતે ત્હેના મનનુ કેવી રીતે સમાધાન કરવુ ત્હેનો કઇ પણ ઉપાય વિલસુને સૂઝતો નહોતો અને ' જો હુ એની પાસે જઇને બેસીશ કે વાર્તાલાપ કરવાનો પ્રયત્ન કરીશ તો ત્હેના દુખમા વૃદ્ધિ થશે, માટે ત્હા નહિ જતા એને એકલીજ બેસી રહેવા દેવી એ ઠીક ' એમ ધારીને વિલસુ બપોર પછી ઉપર ગઇ જ નહોતી.

" ભાભી, ચ્હા લાવુ કે ત્હમે નીચે આવો છો ? " ઉપર જઇને વીણાના ખડમા પ્રવેશતાજ વિલસુએ પૂછ્યુ

" મ્હારે ચ્હા નથી પીવી "

" એમ કેમ ભાભી ? બપોરે ત્હમે બરાબર જમ્યા પણ નથી, અને અત્યારે ચ્હા પણ લેવાની ના પાડો છો. " વિલસુ પોતાનું

એ વાકય પુરૂ કરે એટલામા શંકર ત્હેના ચ્હા લઇને આવ્યો, અને બોલ્યો "ભાભી, આ ચ્હા લ્યો. બ્હેન કહે કે હું ભાભીને નીચે બોલાવુ છુ, પરંતુ ચ્હા ઠરી જતો હતો એટલે હું ઉપર લઇને આવ્યો! હ–ભાભી, લ્યો આ ટાઢો પડી જાય છે." શંકરના પટામણા જોઇ વીણા ક્ષણભર ત્હેની તરફ એકી ટસે જોઈ રહી શંકરના વ્હાલસોયા સ્વભાવથી તે દિગ્મૂઢજ બની ગઈ

"ભાભી, લ્યોને! પછી ઠરી જશે એટલે નકામો થઇ જશે! ઠરી ન જાય ત્હેની ખાતર તો હું ઉપર લાવ્યો છુ"

"પણ શંકર, મ્હારૂ એક કામ કરે છે કે?" વીણાએ કઈંક યાદ આવતા પૂછ્યુ

"હા, ખુશીથી કહો" કોઇપણ કામ કરવા પોતે એક પગે તૈયાર છે એવુ દર્શાવનાર અંગવિક્ષેપ કરીને શંકરે કહ્યુ, "કહો, શુ કામ છે? હૉસ્પિટલમા જાઉં? ત્હમારા પિતાજીના ઘેર જાઉં? નહિં તો પછી શુ કરૂ? ત્હમારા ભાઇની બાતમી લઇ આવુ?" સીતાની આગળ ઉભેલા હનુમાનની પેઠે ઉત્સુકતાથી શંકરે ઉપરાઉપરી પ્રશ્ન પૂછ્યા

શંકરના એ ઉપરાઉપરી પૂછાયલા પ્રશ્નોથી ગભરાઇ જઈ વીણાએ છેવટે પૂછેલા પ્રશ્ન આગળ ફક્ત હકાર દર્શક માથુ હલાવ્યુ. તે જોઇને વિલસુને સ્હવારે જમતી વખતે બાપુએ–ગુણવતલાલે કહેલી વાતનુ સ્મરણ થયુ, એટલે તે બોલી "ત્હમારા ભાઇની આજ સ્હવારે કચેરીમા તપાસ થવાની હતી, એવુ જમતી વખતે બાપુ કહેતા હતા"

"હા, હા હવે સાભર્યું! અને નરેન્દ્રભાઇ એની વતીથી મુકદ્દમો ચલાવવાના છે, નહિ વારૂ?" એમ કહીને શંકર વિલસુ તરફ જોવા લાગ્યો વિલસુએ નરેન્દ્રનુ નામ સાભળીને લજ્જાથી મસ્તક નીચુ નમાવી દીધુ શંકરના એ શબ્દોથી ત્હેને પતિને માટે અભિમાન ઉત્પન્ન થયુ, પરંતુ તુર્તજ શંકરે ત્હેની સામે જોયુ એટલે તે શરમાઇ ગઈ અને સહજ હસી જઇને નીચી દૃષ્ટિ ઢાળી દીધી

"તો પછી હુ નરેન્દ્રભાઈની પાસેજ જાઉં છુ એટલે સઘળી વાત સ્હમજાશે કેમ ખરૂને વિલસુબ્હેન? બ્હેન, ત્હારે કઈ સંદેશો મોકલવો છે? બોલ! નહિ તો પછી હુ તો જાઉં છુ. જાઉં ને?"

એમ કહીને ઉત્તરની વાટ પણ ન જોતા શંકર તાબડતોબ રવાના થયો પોતાના ભાભી દુ:ખમા છે, તેથી હેમનુ પ્રત્યેક કામ ઉત્સાહ-થી કરવામા આવે તો ત્હેમને ઠીક લાગે, એ ઉદ્દેશથીજ શંકર વીણાએ સોપેલુ કામ કરવા એટલો બધો ઉત્સુક બન્યો હતો ને પોતાનાજ વિચારમા મગ્ન બનીને ઝપઝપ પગલા ભરતો ભદ્રના રસ્તે ચાલ્યો જતો હતો પહેલા હૉસ્પિટલમા જઇ એક વખત વિહારીભાઇની ખબર જોઇને પછી નરેન્દ્રભાઇના ઘેર જઇશ એવું ત્હેણે ઠરાવ્યુ પરતુ વળી ત્હેને વિચાર થયો કે 'વીણાભાભીએ સોપેલુ કાર્ય પહેલા કરી આવુ તે પછી હૉસ્પિટલમા જઇશ હજી તે અમદાવાદના રસ્તાઓનો બરાબર ભોમિયો નહોતો નરેન્દ્ર-ભાઇના ઘેર જવું હોય તો રીચીરોડ ઉપર થઇને માણેકચોકમાં થઇને જવાનો ત્હેણે વિચાર કર્યો એટલે પાનકોરના નાકા આગળથી શાકબજાર તરફ જવા માટે હાજાપટેલની પોળના રસ્તે તે વળ્યો ભાગ્યેજ તે બે ચાર ડગલા ગયો હશે એટલામા પાછળથી ત્હેને પીઠ ઉપર કોઇએ સ્પર્શ કર્યો. તુર્ત ત્હેણે પાછા ફરીને જોયુ તો, ત્હેની નજરે વ્રજરાય પડ્યો !

"શંકર, તે દિવસે–રવિવારે, તુ પછી ક્ય્હા જતો રહ્યો ?" વ્રજરાયે શંકરે પોતાની સ્હામે જોયુ કે તુરત પૂછ્યુ "મ્હે તો ત્હને આમતેમ બહુ શોધ્યો પણ ત્હારો તો પત્તોજ ના મળ્યો !"

"ત્હમે તો વિચારમા ને વિચારમા લીન થઈ ગયા હતા. મ્હે ત્હમને બે ચાર વખત હાકો મારી પરતુ ત્હમારૂ લક્ષ્ય જ નહોતુ એટલે પછી હુ તો ઘેર ગયો.—"

"ઘેર ! કયા ઘેર ?"

"કેમ વળી કયા ઘેર ? અમારાસ્તો !"

"ત્હારા ઘેર એટલે કયા ?

"કયા એટલે ? ગુણવતલાલ ઝવેરીના"

"એટલે ? શુ તુ હજીએ ત્યહાજ છે ? હુ તો તે દિવસે સ્હમજ્યો હતો કે તુ ત્યહાથી નીકળી ગયો છે ! ત્યારે મ્હે તે દિવસથી આખા શહેરમા નકામી ત્હારી શોધ કરી"

"કેમ ભલા ? મ્હારી એટલી બધી શોધ કરવાની ત્હમને શી જરૂર પડી હતી ?" શંકરનો એ પ્રશ્ન સાભળીને વ્રજરાય ક્ષણભર વિચારમા પડી ગયો

તે દિવસે ત્હારા ફાટેલા કપડા જોઇને મ્હને એમ લાગ્યુ કે તુ ગુલાબચંદલાલના ઘરના આશ્રયમાંથી દૂર થયો છે અને નિરાશ્રિત છે." એટલુ કહી ક્ષણભર શાંત રહી, વળી કંઈ વિચાર કરીને પુન ત્હેણે કહ્યુ "ત્હારી બાને હુ સારી રીતે ઓળખતો હતો ત્હેને અને મ્હારે ઘણું નજીકનું સગપણુ હતુ, તેથી એની ખાતરજ ત્હને મ્હારી પાસે રાખી ત્હારા વિદ્યાભ્યાસની બની શકે તે વ્યવસ્થા કરવી એવો મ્હારો વિચાર થયો હતો."

"પરંતુ ગુલાબચંદલાલના ઘેર મ્હારી સર્વ પ્રકારની વ્યવસ્થા થઈ છે."

"એ-એ-એ-મ કે! પણ તુ અહિં અમદાવાદમાં શી રીતે આવ્યો?" એમ કહીને વ્રજરાયે ત્હેનો હાથ પકડયો અને બોલ્યો, "શંકર, ત્હને જોઈને ત્હારી ઉપર મ્હને એક પ્રકારની ચમત્કારિક ભાવના ઉત્પન્ન થઇ છે છોકરા, ત્હને તો ખબર નથી પણ ત્હારી બા અને હું બન્ને ઘણા જ નજીકના સગા હતા એક વખત મ્હારે ત્હારી સઘળી કથા સાંભળવી છે તુ આવે છે મ્હારા ઘેર! મ્હારૂ ઘર અહિંથી નજીક છે ચાલ" એમ કહીને વ્રજરાયે ત્હેનો હાથ ખેચ્યો શંકર પણ કોણ જાણે શાથી કંઇ પણ આનાકાની ન કરતા ત્હેની સાથે જવા તૈયાર થયો "વ્રજરાય કોણ છે? તે ક્યહા રહે છે? ત્હેને જોતાજ મ્હારા મનમા સારા અને માઠા વિચારો કેમ આવવા લાગ્યા છે?" એ બધી વાતો ત્હેને મન કોયડા જેવી લાગી હતી તે જાણવાની ખાતર આગલા રવિવારે શંકર જાતે જ ત્હેની તરફ જતો હતો, પરંતુ તે વખતે અતૃપ્ત રહેલી ત્હેની જીજ્ઞાસા અત્યહારે તૃપ્ત થવાનો પ્રસંગ પ્રાપ્ત થયો એટલે જ તે વ્રજરાયની સાથે જવા તૈયાર થયો હતો

તુરત બન્ને પાછા વળ્યા અને પાનકોરના નાકાનો રસ્તો પકડયો રસ્તામા ચાલતા વ્રજરાય કંઈક વિચારમા લીન થઈ ગયો હતો એટલે તે કંઇ બોલ્યો નહિ, પરંતુ પોતાના મકાન આગળ આવતા જ વ્રજરાય ઉભો રહ્યો તે જમનાવાળા ઘરના પાછલા ભાગમા રહેતો હતો તે વાતથી વાચક વર્ગ જ્ઞાત છે જ દાદર ચડતા પહેલા વ્રજરાયે શંકરને કહ્યું "હવે તો હુ આ ઘર છોડી દેવાનો છુ કારણ અહિં વસતિ સારી નથી તુ મ્હારી સાથે રહેવા આવે તો હુ સારા લત્તામા મકાન લઉ" એમ કહીને પછી તે

દાદર ચડવા લાગ્યો શંકર પણ આમતેમ નજર ફેંકતો ત્હેની પાછળ જ ચડતો હતો

"કેમ વ્રજરાય, એ ત્રણ દિવસથી સ્વારી ક્યહા ફરતી હતી ?" તે ઉપર ચઢ્યો કે સ્હામે બેઠેલી જમનાએ હસીને પૃછ્યુ. ત્હેની પાછળ શકરને જોતા તે બોલી "અને આ કોણ ? જહેને વિષે ત્હમે તે દિવસે વાત કરતા હતા તે છોકરો આજ કે ? ત્ય્હારે છેવટે એ ત્હમને મળ્યો ખરો !"

"હા–એજ. પણ જમના, કનકરાયની કઇ વાત સાભળી કે ?"

"નહિ કેમ ભલા ? આજ એ ત્રણ દિવસથી એ મ્હારી પાસે આવ્યો નથી"

"આવે ક્ય્હાથી ! હમણા તો એ ભાઇ બેઠા છે જેલખાનામા !"

"હે ! શુ કહો છો ?" આશ્ચર્યથી જમના બોલી ઉઠી, "કનકરાય જેલમા ! એટલે, શા માટે ?"

"કઇક પરાક્રમ દાખવ્યા હશે તેમાન્તો"

"હુ કઈ સ્હમજી શકતી નથી ! એણે એવુ શુ કયુ ?"

"એણે શુ કર્યું ત્હેની મ્હને પણ શુ ખબર ! મ્હે તો આજે જ એ વાત સાળળી સ્હાજે બહાર જઇશ ત્ય્હારે બરાબર તપાસ કરી લાવીશ." એમ કહી જમનાને વિચાર વમળમા તણાતી કરીને વ્રજરાય શકરને લઇને અદર ગયો. ત્હેની ઓરડી પાછલા ભાગમા, એકાતમા હતી બારણા ઉઘાડા હોય ત્ય્હારે કઇક આછુ આછુ અજવાળુ અદર આવતુ, નહિં તો ઓરડીમા સદા સર્વદા તિમીરનુ જ સામ્રાજ્ય રહેતુ વ્રજરાયે તાળું ઉઘાડી બારણુ ઉઘાડ્યુ અંદર એક લાકડાની પેટી, બે ટ્રંકો, એક વાળી રાખેલી પથારીનો વીટો અને એક ખૂણામા સગડી પડી હતી સગડીના ઉપર એક શીકુ લટકાવી રાખ્યુ હતું ત્હેમા થોડા વાસણ હતા ખૂણામા થોડાક કોલસા, થોડાક છાણા અને એક તૂટેલુ ઝાડુ પડયુ હતુ. બીજી તરફ એક દીવી પડી હતી, ત્હેના ઉપર ઘાસતેલની ચીમની વિનાની બત્તી પડી હતી

"શકર, એ પથારી પહોળી કરીને બેસ. હુ ચ્હા કરૂં છુ આપણે થોડીવાર વાતો કરીશુ." એમ કહીને વ્રજરાયે ટોપી ઉતારી ખીલી ઉપર લટકાવી અને શરીર ઉપરના બીજા વસ્રો

કાઢવા વિનાજ બાય ચઢાવી સગડી પેટાવવાના ઉદ્યોગમા મચી પડયો. શંકર શુ થાય છે તે જાણવાને ઇરાદે સ્વસ્થપણે પેટીને ટેકો દઇને પથારી ઉપર બેઠો હતો. વ્રજરાય અને પોતાની માતાનો એવો નિકટનો શો સબધ હશે ત્હેના વિચારમા તે પડયો હતો. થોડા વખતમા વ્રજરાયે સગડી ઉપર મૂકેલુ ન્હાનુ પાણી ઉકળવા લાગ્યુ, એટલે તે ઉઠયો અને જે પેટી પાસે શકર બેઠો હતો ત્હેની પાસે આવ્યો ન્હાનો ડબો તે પેટીમા હતો તે કાઢવા ત્હેણે પેટી ઉઘાડી ત્હેમા પુષ્કળ ન્હાના ન્હાના ડબ્બા ભરી રાખ્યા હતા વ્રજરાયે ત્હેમાથી બે ચાર ડબ્બા કાઢીને બહાર મૂક્યા અને પોતાને જોઇતો ન્હાનો ડબ્બો કાઢયો, ત્હેમાથી જોઇતો ન્હા લઇ ઉકળતા પાણીમા નાખી, સગડી ઉપરથી તપેલી નીચે ઉતારી, શીકામાથી એક પવાલુ લઇને તે ઉઠયો અને "શકર, બેસ જે હો હુ દૂધ લઇને આવુ છુ" એમ કહીને તે બહાર ગયો થોડા વખત સૂધી તો શંકર સ્વસ્થપણે વિચાર બેઠો હતો, પરતુ એટલામા ત્હેની દૃષ્ટી વ્રજરાયે બહાર કાઢી રાખેલા ડબ્બાઓ ઉપર પડી સહજ વૃત્તિથી ત્હેણે એક ડબ્બો હાથમા લઇ ઉઘાડયો ત્હેમા એક બે અણીદાર ખીલા, તટી ગયેલા ચંપુના પાના, કાનસ વગેરે ન્હાના ન્હાના હથિયાર હતા તે ડબ્બો જોતા ત્હેને બીજા જોવાનુ મન થયુ એટલે એને બધ કરી બીજો ડબ્બો ઉઘાડયો. ત્હેમા લાકડાનો વેત જેટલો લાબો ટૂકડો હતો શકરે તે બહાર કાઢયો તે ટૂકડા ઉપર કઇક કોતરકામ કરેલુ હતુ પરતુ તે શાની આકૃતિ હશે તે કોટડીમાના અધારાના લીધે સ્પષ્ટ રીતે જોઇ શકાતુ નહોતુ ત્હેણે કોતરેલા ભાગ ઉપર હાથ ફેરવ્યો તો ત્હેના ઉપરની શાહી ત્હેના હાથે લાગી. તે જોઇને એ ટુકડા ઉપર શુ ચિત્ર કાઢયુ હશે તે જાણવાની ત્હેની ઇચ્છા વધુ બળવતી થઇ તેથી ત્હેણે પોતાના ધોતીઆને સાથળ ઉપર ખેચીને ત્હેના ઉપર એ બીબું દાબ્યુ એટલામા વ્રજરાય દૂધ લઇને આવી પહોચ્યો ત્હેને જોઇને શંકરે એ બીબુ હતુ તે ડબ્બામા મૂકી દીધુ શંકરની એ ક્રિયા જોતાજ વ્રજરાય એકદમ ડઘાઇ ગયો. ક્ષણભર તે શકરના ચહેરા તરફ જોઈ રહ્યો પરતુ એ બીબુ શાનુ છે તેની શંકરને કલ્પના પણ નથી, એવુ ત્હેના મુખ ઉપરના ભાવથી જાણી લીધા પછી તે શાન્ત થયો છતા તે સબધે વધારે ચોકશી કરવા ત્હેણે ન્હાની તપેલી પાસે બેસતા બેસતા પૂછ્યુ કે,

"શંકર, એ બીજુ ત્હે જોયુ કે ?"

"હા પણ એ શુ છે તે કઇ સ્હમજાયુ નહિં"

શંકરનો એ જાતનો જવાબ સાભળીને વ્રજરાયના મનનું સમાધાન થયુ છતા શંકરને બીજો કોઇ વ્હેમ ન આવે તે ઉદ્દેશથી ત્હેણે કહ્યુ "અરે, એક વખત હુ લાકડાના બીબા કોતરવાનુ કામ કરતો હતો, તેમાનુ એ પડયુ છે લે હવે અહિં આવ" એમ કહીને ત્હેણે મ્હામા દૂધ નાખ્યુ અને વાળાની એક ભાગી ગયેલી ગરણીમા ગળીને શંકરને એક પચપાત્ર ભરી આપ્યુ.

દૂધ પીતી વખતે વ્રજરાયે ત્હેને બધી વાત પૂછી અને શંકરે તે સઘળાના સરલ જવાબ આપ્યા પોતાની માતાના મરણ પછી પોતે મુબઇ કેવી રીતે ગયો, તે પછી અમદાવાદ શી રીતે આવ્યો, ગુણવતલાલના ઘેર પોતાની કેવી વ્યવસ્થા છે, વગેરે હકિકત ત્હેણે અથથી તે ઇતિ પર્યંત કહી સભળાવી પછી તે પોતાને સોપેલા કામે જવા નીકળ્યો કોઇ દિવસ નહિં ને આજ સોપેલુ કાર્ય કરવા જતા વચ્ચે પુષ્કળ વખત ગાળ્યો તે માટે ચિંતા કરતો તે ઉઠયો અને ફરીથી બબ્બે દિવસે એક વખત આવવાનુ વ્રજરાયને વચન આપીને તે નીકળ્યો

પ્રકરણ ૪૨ મુ.

નિરાશાનો લવારો.

દેવી આશા ! અયિ ભગવતી ! પ્રાણીના પ્રાણ તુ છે !
તારી સત્તા સકળ જગમા વ્યાપ્ત સર્વત્ર ભાસે

* * * *

દેવી ! તારો જગત-જનને જો ન આધાર હોત,
તો પ્રાણીને પળ પળ મહિં લેત ઝાલી કૃતાંત

(સ્રોતસ્વિની)

"કેમ શંકર, કેમ આવ્યો છે ?" શંકરને ઘરમા પ્રવેશતો જોઇને જ નરેન્દ્રે પૂછ્યુ "કેમ કઇ ચિંતા જેવુ તો નથીને ? હૉસ્પિ-

ટલમાથી આવ્યો લાગે છે ! વિહારીભાઇને કેમ છે ? હું હમણાજ જનાર હતો. ”

“ હું હૉસ્પિટલમાથી નથી આવ્યો ” શંકરે એટલાબધા પ્રશ્નોનો ટૂંકો ઉત્તર આપ્યો.

“ ત્યારે ? ” નરેન્દ્ર ત્હેના મુખ તરફ જોઇ રહ્યો ‘ શંકર જો હૉસ્પિટલમાથી નથી આવ્યો તો ઘેરથી કંઇ ખાસ કારણસર આવ્યો હશે, અને તે કારણ વિલસુનો કંઇક સંદેશો હશે,’ એમ ધારીને તે ઉત્સુકતાથી તેની સામે જોતો હતો, પરંતુ થોડીવાર સુધી તે કંઇ પણ ન બોલ્યો એટલે ત્હેણે કહ્યુ “ ઠીક ત્યારે ચાલ ઉપર અને જે કામે આવ્યો હોય તે શાંતિથી કહે ”

બન્ને જણ ઉપર ગયા, અને દિવાનખાનામા જઇ સ્હામસ્હામી ખુરશીઓમા બેઠા તે પછી નરેન્દ્રે પૂછ્યુ “ વારુ–હવે કહે, કેમ આવ્યો છે ? ”

“ વીણાભાભીના કામે આવ્યો છુ એમના ભાઇનુ શુ થયુ તે જાણવાની એમની ઇચ્છા છે ”

નરેન્દ્રરાય થોડીવાર ચુપ રહ્યો ત્હેણે ધાર્યૂ હતુ કંઈ અને નીકળ્યુ કંઈ એથી એણે રચી રાખેલા વિચારોમા ક્ષણભરમા પરિવર્તન થઇ ગયુ ધીરે રહીને પછીથી એણે કહ્યુ “ શુ કહુ ? કનકરાય હજી કાચી જેલમાજ છે મ્હે એને બહુએ કહ્યુ, બની શક્યા તેટલા પ્રયત્ન કરી જોયા, પરંતુ એણે કંઇ સાભળ્યુજ નહિ. જો સેશનમા તે આમ મૌન વ્રત ધારણ કરશે તો એનુ પરિણામ ઘણુજ ખરાબ આવશે ” આ વાત કરતા કરતા નરેન્દ્રની દૃષ્ટી શંકરના ધોતીયા ઉપરના કાળા ડાઘા તરફ ગઇ, તેથી ત્હેણે પૂછ્યુ

“ શંકર, ત્હારા ધોતીયા ઉપર આ કાળો ડાઘ શાનો પડ્યોછે ? ”

“ ક્યો–આ કે ? ” ધોતીયાનો છેડો લંબાવતા શંકરે કહ્યુ શંકરને આખે રસ્તે વ્રજરાય અને પોતાની માતાને શો સબંધ હશે ત્હેના વિચાર થયા હતા, પરંતુ પેલા બીબાની વાત તે વિસરી ગયો હતો ત્હેનુ હવે સ્મરણ થયુ

“ જોઉં–જોઉં ! ” એમ કહીને નરેન્દ્રરાયે ત્હેના ધોતીઆનો છેડો ખેંચીને પડેલી છાપ કેટલીક ક્ષણ સુધી બારીક દૃષ્ટીએ જોઇને પૂછ્યુ, “ શંકર, આ છાપ ત્હારા ધોતીઆ ઉપર ક્યાંથી ? તું આવુ બીબુ ક્યાંથી લાવ્યો ? ”

"મ્હારી પાસે એવુ બીબુ નથી. પરતુ હું હમણા વ્રજરાય પાસે ગયો હતો, ત્હા આ બીબુ એની પેટીમા હતુ —"

"એ વ્રજરાય કોણ છે ?" નરેન્દ્ર વચ્ચેજ બોલી ઉઠયોઃ 'પ્રતાપરાયના ઘેર કારભારી હતો એ તો નહિં ?"

"એજ હુ અહિં આવતો હતો તે વખતે મ્હને એ રસ્તામા મળ્યા ત્હેમણે મ્હને કહ્યુ કે, 'ત્હારી માતાને અને મ્હારો તો નજીક-નો સબંધ હતો ! તે કઇ જાતનો સબધ હશે તે જાણવા માટે હું એમના ઘેર ગયો. એક નાયકણના ઘરના પાછલા ભાગમા એ રહે છે " એમ કહીને શંકરે સર્વ હકીકત કહી સભળાવી

"શો વિલક્ષણ યોગાયોગ !" એમ સ્વગત બોલી નરેન્દ્રે મોટેથી કહ્યુ "શંકર, ત્હે આજ કેવુ મહાન્ કાર્ય બજાવ્યુ છે એની ત્હને કલ્પના પણ છે કે ?"

શંકર આશ્ચર્યથી નરેન્દ્રરાયની મ્હામે જોઇ રહ્યો

નરેન્દ્રરાયે ફરીથી કહ્યુ "આ બીબુ શાનુ છે એની ત્હને ખબર છે ?"

બીબાનુ નામ સાભળતાજ શકર પોતાના ધોતીયા ઉપર પડેલી છાપ ઉપર ચોક્કસ દ્દષ્ટીએ જોવા લાગ્યો

"ત્હને એ જલદી નહિં સ્હમજાય અરે ! કનકરાય જે એકજ નબરની બે નોટો વટાવવાના ગુન્હા માટે અત્યારે તુરગમા પડેલ છે, તેજ નોટો બનાવવાનુ આ બીબુ છે સમજ્યો ? જો–ચોર કેવો પોતાની મેળે સપડાયો છે !" એમ કહીને નરેન્દ્રરાય ક્ષણભર વિચારમા પડયો પછી નોકરને બોલાવી એક ધોયેલુ ધોતીયુ મગાવ્યુ.

એટલામા વનલતા ત્હા આવી અને બોલી, "કેમ ભાઇ, ત્હમે તો વિહારીભાઇને જોવા હોસ્પિટલમા જતા હતાને ? વળી ધોતીયુ કેમ મગાવ્યુ ?"

"બ્હેન, આ જુઓ–" શંકરના ધોતીઆ ઉપરની છાપ બતાવીને નરેન્દ્રે કહ્યુ "કનકરાયે જે ખોટી નોટો વટાવી છે ત્હેનુ જ આ બીબુ છે"

વનલતાને સઘળી વાત સ્હમજાયા પછી ત્હેને પણ અત્યંત આશ્ચર્ય લાગ્યુ. અને ત્હેણેં કહ્યુ "ભાઈ, કહેવાય છે તે ખોટુ નથી

કે સત્ય કદી છૂપાવ્યુ છૂપાતુ નથી અને પાપ પોકાર કર્યા વિના રહેતુ નથી. પણ હવે ત્હમે શુ કરશો ?"

"શકરનુ આ ધોતીયુ મ્હારે પુરાવા માટે જોઇશે, માટે એને બીજુ ધોતીયુ પહેરવા આપો હુ અહિથી પહેલા જઇશ કનકરાય પાસે. પણ શંકર, ત્હને એ ઘરની તો બરોબર ખબર છે ને ?"

"હા નાયકણના ઘરની પાછળજ છે"

"કઇ નાયિકણ ? અમદાવાદમા તો એવી સ્ત્રીઓ પુષ્કળ છે"

"એનુ ના–મ–શુ હતુ ? વ્રજરાયે ત્હેને એક વખત નામ દઇને બોલાવી હતી હા–હા. એનુ નામ છે જમના. વળી એણે કનકરાય વિષે પડપૂછ પણ કરી હતી

"એમકે ? શુ પૂછતી હતી ?"

"એણે કહ્યું કે કનકરાય આજ બે ત્રણ દિવસથી આવ્યા નથી, ત્હેનુ શુ કારણ ? ત્યહારે વ્રજરાયે કહ્યું કે, એ તો જેલમા છે"

ક્ષણભર વિચાર કરીને નરેન્દ્રરાયે કહ્યુ 'હવે સ્હમજાયુ ! આ ઘટનામા વ્રજરાયને જમનાની મદદ હશે હવે સમય ગુમાવવો તે ઠીક નહિ શકર, તુ હવે ઘેર જા પરતુ જોજે, ગુણવતકાકા કે સ્વામીજી શિવાય બીજા કોઇની આગળ આ વાત સબધે એક અક્ષરે બોલતો નહિ !"

"વારૂ"

નરેન્દ્રરાયે શંકરના ધોતાયાને ગડી કરીને તે પોતાની 'હૅન્ડ-બૅગ' મા મૂક્યુ અને તે કનકરાય પાસે જવા તૈયાર થયા પરતુ જતા જતા ત્હેણે વિચાર ફેરવ્યો નોકર પાસે ભાડાની ગાડી મગાવી અને શંકરને કહ્યુ "શકર, મ્હારે ત્હારી પણ જરૂર પડશે. આપણે અહિથી પહેલા હૅાસ્પિટલમા જઇને વિહારીની ખબર પુછીએ ત્યહા ગુણવતકાકાને સઘળી વાત કહીશુ તે પછી કનકરાય-ને મળીશુ અને વ્રજરાય તથા જમનાને એને બદલે તુરગમા મોકલાવી એને છોડવી લાવીશુ"

એટલામા નોકર ગાડી લઇને આવ્યો, એટલે નરેન્દ્ર તથા શકર ત્હેમા બેસી સીવીલ હૅાસ્પિટલ તરફ રવાના થયા.

ત્હેમની ગાડી હૅાસ્પિટલના દરવાજામા પ્રવેશી તેજ વખતે, બહાર આવતા સ્વામીજી ત્હેની દષ્ટિએ પડયા. સ્હાજનો વખત હતો.

હૉસ્પિટલમાંના રોગીઓને મળવાનો એજ વખત હોવાથી, બહારથી આવેલા ત્હેમના સ્વજન સંબધીઓની હૉસ્પિટલના આગળ ઠીક ગરદી થઇ હતી

નરેન્દ્ર ગાડી ઉભી રખાવી, નીચે ઉતરી સ્વામીજીને મળ્યો. ત્હેમના કહેવા ઉપરથી તે જાણી શકયો કે વિહારી હજી પૂરેપૂરી શુદ્ધિમા આવ્યો નથી, પરતુ જખમમાથી વહેતુ રક્ત બધ થયુ છે. તે પછી નરેન્દ્રે શંકરે કરેલી શોધ વાળી હકિકત એમને ટૂકામાં કહી સભળાવી તે સાભળીને 'એવુ કઇક હશે એવુ મ્હને પહેલેથીજ લાગ્યુ હતુ,' એટલુ કહીને સ્વામી આશ્રમ તરફ જવા નીકળ્યા.

નરેન્દ્ર વિહારીવાળા ખડમા ગયો, તે વખતે તે સ્વસ્થ રીતે પડી રહ્યો હતો ત્હેની મુખમુદ્રા વિચારમા ડૂબેલી અને નિસ્તેજ લાગતી હતી ત્હેના મનમા વિચારોનુ દારૂણ યુદ્ધ ચાલી રહ્યુ હતુ, ત્હેની સ્પષ્ટ છાપ એના મુખમડળ ઉપર પડી રહી હતી નરેન્દ્રે ત્હેના ખાટલા પાસે જઇ નીચા વળી ત્હેના ચહેરા સ્હામે જોયુ તો ત્હેને લાગ્યુ કે વિહારી જાગૃત અવસ્થામા છે, પરતુ ખરી વસ્તુસ્થિતિ એવી નહોતી તે એ વખતે પણ અડધી પડધી બેશુદ્ધ અવસ્થામા હતો નરેન્દ્રે બાજુમા બેઠેલા ગુણવતલાલને પૂછ્યુ "હુ વિહારીને બોલાવુ ?" જવાબમા ત્હેમણે હકાર સૂચક માથુ હલાવ્યુ, એટલે નરેન્દ્રે પુન નીચા નમી વિહારીના મુખ પાસે પોતાનું માથુ નમાવ્યુ અને ત્હેને બોલાવવાની તૈયારી કરી, એટલામાજ વિહારીને બેશુદ્ધ સ્થિતિનો લવારો શરૂ થયો.

"અહોહો ! શો મનોહર પ્રકાશ ? આવા સુરમ્ય પ્રકાશમા આ અખિન્ન નભોમડળમા આ સવિતા, નિસર્ગ દેવતા સાથે ક્રીડા કરવામા મસ્ત બનેલ લાગે છે વીણા ! વ્હાલી ! જો-જો આવા આલ્હાદકારક સમયે સૃષ્ટિ ઉપર અનિયત્રિત શાતિદાયક સત્તા સ્થાપતો પેલો રોહિણીપતિ પોતાના સકલ ઐશ્વર્યથી વિભૂષિત થઇ-ને, પોતાનો ઠાઠ બતાવતો, પોતાની જ્યોત્સ્ના દ્વારા અખિલ દિગંત-ને શુ કહી રહ્યો છે ? પ્રેમ. ક્ષણભરમા પોતાની અતુલ શક્તિથી નભમડળમા જઇ અડેલા આ ઉતુગ શૈલશિખરોને, એક ફૂકની સાથે જમીનદોસ્ત કરી નાખનાર અનિલરાજ—આ અથાગ સૃષ્ટિમાનો પચમહાભૂતોનો વ્યાપાર આપણને શુ સૂચવી રહ્યો છે ? પ્રેમ વીણા,

આ મ્હારા આખા શરીરના રોમેરોમમા ભરેલો પ્રેમ તુ જોઇ શકતી નથી ? વીણા, વીણા,

તુમ પર તો મએ નિસાર સદા સુબ્હ શામ હૂ,
તુ આખે જીદગી હો તો મયે તિશના કામ હૂ,
હરદમ તુમારી ચાહકા દિલસે ગુલામ હુ,
ઉશ્શાક જાની સારો મે મયમો ઇમામ હુ ૧

વ્હાલી! વ્હાલી! હું ત્હને કેવી ગણુ છુ તે તુ જાણે છે ?

ખાલે તો દાને દાને વ જૂલ્ફે તો દામ દામ,
મુસોફિ દાને દીદ, ગિરફતારે દામ શુદ ૨

વ્હાલી! શુ તુ મ્હારા પ્રેમને સ્હમજી શકતી નથી ? તુ નથી જાણતી કે "Love is Heaven, and Heaven is Love (પ્રેમ એ પરમેશ્વર છે અને પરમેશ્વર તે પ્રેમમૂર્તિ છે)" વ્હાલી! મ્હારી એ પ્રેમની મૂર્તિ તુ જ છે વીણા! મ્હારે મન તો ખરેખર તુ ઇશ્વર તરફથી મળેલી બક્ષીસ જ છે તુ મ્હારા જેવા દુખીની ભાગ્યદેવી છે શુ તુ એ નથી જાણતી કે,

अर्द्ध भार्या मनुष्यस्य भार्या श्रेष्टतम सखा।
असहाय लोकेस्मिन् लोकयात्रा सहायिमी ३॥

"વીણા! હું ત્હને આવી માનુ છુ જ્યા તુ ત્હારા આસુરી તિરસ્કારથી પ્રેરિત થઇને, પૈસા આપીને ત્હેને બદલે હુ પ્રેમ ખરીદુ છુ એમ માને છે, નહિ ? છટ! છટ! વીણા, તુ ભૂલ કરે છે કવિએ કહ્યુ છે કે, પ્રેમ કદી પૈસા ખર્ચીને વાટે કે હાટેથી મેળવી

---

૧ નજર

૨ મહમદ ગજનવી એનો ભાવાર્થ "ત્હારા શરીર પરના તલ એ તો જાણે દાણાના કણ છે, અને ત્હારી લટો તો જાણે પક્ષીને પકડવાની જાળ છે બસ, પક્ષી દાણા જોતા જ એ જાળમા ઝડપાઇ જાય છે.

૩. મહાભારત —ભાવાર્થ —'સ્ત્રી એ પુરૂષનુ અર્દ્ધુ અંગ તથા ઉત્તમોત્તમ મિત્ર છે કારણ કે સહાય વિનાના પુરૂષને આ જગત વિષે લોકવ્યવહારમા સહાયતા કરનારી સ્ત્રી છે

શકાતો નથી તે ખરૂ જ છે My dear Vina, don'tyou under stand that Love is more than money, and a kind word will give more pleasure that a present[1] મ્હને એવા કપટી, ઢોંગી અને કાર્યસાધુ પ્રેમની લગારે અપેક્ષા નથી ઉલટુ વીણા, ત્હેં ત્હારા પિતાની સાપત્તિક સ્થિતિ માટે "ધનની ખાતર પ્રેમનુ બ્હાનુ કરી, ખોટા સ્નેહનુ પ્રદર્શન પ્રકટ કર્યું છે, પરતુ ત્હારા એ કૃત્યથી ત્હેં મ્હારા શુદ્ધ–પવિત્ર પ્રેમની અવગણના કરી છે–પ્રેમના ઉચ્ચ તત્વનો ત્હેં તિરસ્કાર કર્યો છે ! મ્હને નિરાશ કર્યો છે !! મ્હને હૃદયભગ કર્યો છે !! અરેરે ! આ જો મ્હારા માટે સર્વત્ર અધકાર છવાઇ ગ્યો ! જો જો વીણા, વીણા, ત્હારા જેવીના ફદે ફસીને જ બિચારા કોઇએ રખડ ગાયુ છે —

અરે ! અરે ! આવા હશે વિધિના કયમ નિર્માણ ?
પ્રિયતમ, મધુતમ, ગજ્જુતમ અતિ વેગે ઉડી જાય ![2]

હા, હા, મ્હારા પ્રેમને છેતરવામા આવ્યો છે ! હાય !" આમ કહેતા વિહારીએ પોતાની આખ્યો ઉપર બન્ને હાથ મૂકયા

નરેન્દ્ર, ગુણવતલાલ અને બાજુપર ઉભેલો શકર ત્રણે જણ એક ચિત્તે ત્હેનો આ બડબડાટ સાભળતા હતા

"આખો વખત આમને આમ બોલે જાય છે" ગુણવતલાલે નિશ્વાસ નાખીને કહ્યુ.

"ગુણવતકાકા, ચિંતા ન કરો વીણાના વિચિત્ર વર્તને એના મન ઉપર જબરી અસર કરી દેખાય છે પ્રભુ કરશે તો સહુ સારા વાના થશે" નરેન્દ્રે આશ્વાસન આપ્યુ

તે પછી નરેન્દ્રે ધીમે રહીને વિહારીને હલાવ્યો એટલે થોડીવારમા વિહારીએ આખ્યો ઉઘાડી.

---

૧ **ભાવાર્થ** —"મ્હારી વ્હાલી વીણા, તુ નથી સ્હમજતી કે, પૈસા કરતા પ્યાર વધુ મૂલ્યવાન છે. અને પ્રેમભર્યા એક શબ્દની અસર જડ વસ્તુની બક્ષિસ કરતા વધારે સુખમય છે"

૨. સ્વ કલાપી

"વિહારી, હવે ત્હને કેમ લાગે છે ?"

"કોણ નરેન્દ્ર, તુ ? અને તુ મ્હને આવો પ્રશ્ન પૂછે છે ! અરે આ ભગ્ન હૃદયી વિહારીને 'કેમ લાગે છે ?' એ શુ પૂછે છે ?"

"પણ વિહારી, તુ આટલો નિરાશ કેમ થયો છે ? હજી સુધી–"

"નરેન્દ્ર, તુ જ કે મ્હને આવા પ્રશ્નો કરે છે ?" આ વખતે વિહારી સારી રીતે શુદ્ધિમા આવ્યો હતો

"ભાઈ વિહારી, આમ સતપ્ત ના થા વીણા હજી ન્હાની છે, તેથી જ મ્હે ત્હને એ પ્રશ્ન કર્યો તુ ત્હને પોતાને ડાહ્યો અને સ્હમજણો કહેવડાવે છે, પરતુ નિદાન આ બાબતમા તો ત્હે મત બાધી દેવામા ઘણી જ ઉતાવળ કરી છે એમ મ્હને તો લાગે છે !"

"ઘણીજ ઉતા–વ–ળ ! છટ ! અને ધાર કે કદાચ મ્હે ઉતાવળ કરી છે તો પણ તેથી મ્હારી નિરાશાને લગારે બાધ આવતો નથી કારણ એવી જ પરિસ્થિતિ હોવા વિના—"

"એવી શી પરિસ્થિતિ ત્હારા સ્હમજવામા આવી કે, જેથી ત્હારી આમ છેવટની હૃદયભગ કરનારી નિરાશા થઈ ?" નરેન્દ્ર વચ્ચે જ બોલી ઉઠયો "આપણને જે વાતની આશા હોય છે, જે ઘટના બને એવી મનમા સતત કાળજી હોય છે, અથવા તો અમુક વસ્તુ પ્રાપ્ત થાય તે માટે મનની એક સરખી તાલાવેલી ચાલુ હોય છે, તે વસ્તુ આપણને પ્રાપ્ત થાય છે, અથવા તો તે ઘટના બનતા વિરુદ્ધ બાજૂથી સઘળી વાતો પ્રતિકૂળ થવાની પગકાષ્ટા થાય છે. આધળી આશા માટે જ્યહારે સ્થાન જ રહેતુ નથી, ત્યહારેજ છેવટે મનની નિરાશા થાય છે"

"હા અને મ્હારા સબધમા પણ એવુ જ બન્યુ છે" વિહારીએ પૂર્ણ શુદ્ધિથી કહ્યુ "નરેન્દ્ર, વીણાના સબધમા મ્હારા મનના સકલ્પો કેટલા ઉચ્ચ હતા, વીણા માટે મ્હારા કેવા કેવા વિચારો હતા, વીણાના માટે મ્હારા મનની કલ્પનાઓ કેટલી ગભીર વાતાવરણમા ભ્રમણ કરતી હતી, એ બધી વાતો તુ જાણે છે, છતા તું મ્હને અત્યહારે આવા પ્રશ્નો કરે છે કે ? તે દિવસે વીણાની કૃતિમા, વિચારમા અને આચારમા સુદ્ધા મ્હને સઘળી વાતો ઉલટી દેખાઈ. ધ્વનિ નિકળ્યા પછી ત્હેનો પ્રતિધ્વનિ મનને જેવો આનદ, ઉત્સાહ અને પ્રોત્સાહન આપે છે. ત્હેવુ વીણા તરફથી મ્હને કઇ

એ ન મળ્યુ પરતુ તે માટે હુ એને દોષ દેતો નથી. કારણ મ્હને જે કલ્પના હતી–આશા હતી–અરે, મ્હારો પૂર્ણ વિશ્વાસ હતો, તે પ્રમાણે મ્હારી ઉચ્ચ કલ્પનાઓ, મ્હારા પ્રગલ્ભ વિચારો અને મ્હારા શુદ્ધ મનની સ્થિતિ સ્હમજવા જેટલુ વીણાનુ સામર્થ્ય નથી ત્હેના વિચાર અને આચાર વચ્ચે મેળ નથી નરેન્દ્ર, મ્હે પત્નીની પસદગી કરવામા જ ભૂલ કરી છે એવુ મ્હને હવે લાગે છે"

"વિહારી, ત્હારી એ ગેરસમજ થઇ છે હુ હજી પણ કહુ છુ કે વીણાના સબધમા એકદમ મત બાધી દેવામા ત્હે ઉતાવળ કરી છે." નરેન્દ્ર પોતાના મુદ્દાને વળગી રહ્યા

"નહિ, નહિ, નહિ ! મ્હે ઉતાવળ કરી નથી કે મ્હારી ગેરસમજ પણ થઇ નથી" વિહારી પોતાના મુદ્દાને સિદ્ધ કરવાના હેતુથી બોલ્યો, "અમારા લગ્ન માટે ત્હેણે આપેલી સમતિ કેવળ સ્વાર્થ સાધવા માટે અને બનાવટી પ્રેમની હતી એવા પ્રકારની પ્રેમાવરોધક અને સ્વાર્થસવર્ધક પ્રવૃત્તીની વીણાની સાથે રહેવામા મ્હારા અત કરણમાની તમામ ઉચ્ચ કલ્પનાઓ નાશ પામશે, મ્હારા ઉદાત્ત વિચાર, મ્હારી સાત્વિક મહત્વાકાક્ષાઓ અને અનુકૂળ સાધનો વડે સમાજસેવા કરવાનો મ્હારો નિશ્ચય એની સોબતમા રહીને હુ કદીયે પૂર્ણ કરી શકુ તેમ નથી એવી પરસ્પર વિરોધી સ્ત્રીની સાથે લગ્ન કરીને કેવળ વિષયનાજ ભોગ થવુ એનુ સાર્થક શુ છે ? કેવળ મોજશોખ માટે નાણાની કોથળી ઉપર મોહ પામીને લગ્ન કરનારી વિલાસી સ્ત્રી કરતા જન્મભર અવિવાહિત રહેવુ એજ સારૂં ! નરેન્દ્ર, હું તો વાજબી રીતે માનુ છુ કે, ફક્ત દ્રવ્યના લોભથી અથવા તો બીજી જાતની સ્વાર્થી દૃષ્ટિથી લગ્ન પછી થનારો સબધ એ તો કેવળ વ્યભિચાર જ ગણાય. એવા પ્રેમ વિનાના અને સ્વાર્થી લગ્નનાં દુષ્પરિણામ છેવટે તે યુગલને ભોગવવા પડે છે, તેથી જ કહું છુ કે ખરેખરા પ્રેમસુખની ખોટય પૈસાથી કદી પણ ભરી શકાતી નથી. તે પ્રેમની ખોટય તો પ્રેમથી જ ભરવી જોઇએ. પણ નરેન્દ્ર, હવે એ પ્રેમની વાત શા માટે કરવી ? મ્હારા હૃદયમા પડેલો નિરાશાનો જખ્મ હવે કોઇપણ રીતે રૂઝાવો અશક્ય છે શુદ્ધ અને સાત્વિક પ્રેમનો મલમજ એ ઘા રૂઝાવી શકે, પરતુ આ જીવનમા હવે એવા પ્રેમની આશા રાખવી મ્હારે માટે તો વ્યર્થ છે ભાઈ નરેન્દ્ર, એક વખતે ભાવી સુખના ઉચ્ચ શિખર ઉપર મ્હારૂં મન વિહાર કરવું

હતુ બાલ્યકાળે અમે એક સાથે ઉછર્યા હતા એટલે વીણાના મનમા પણ મ્હારા વિષે એવો જ ઉચ્ચ પ્રેમ વસ્યો હશે એમ માનીને, મ્હારા આ મનરૂપી મહાસાગરમા, આનદથી ભાવી સુખના કલ્પનાતરગમા પ્રેમના પ્રચણ્ડ મોજા ઉછળી રહ્યા હતા પરતુ હવે એ બધાને શુ કરવુ છે ? મ્હારી સઘળી આશાઓ હવે તો નષ્ટ થઇ ગઇ છે ! અરેરે ! ” એમ કહીને વિહારીએ નિશ્વાસ મૂકી પુન આખો ઉપર હાથ ઢાકી દીધા

વિહારીના મનનુ સમાધાન શી રીતે કરવુ તે બેરિસ્ટર નરેન્દ્ર પણ સ્હમજી ન શક્યો ! તે કોઇક બીજો મુદ્દો રજુ કરવા જતો હતો એટલામા હાથમા દૂધની ઝારી લઇને ત્ય્હા નર્સ આવી, અને વિહારીના 'કૉટ' (ખાટલા) પાસે આવીને નરેન્દ્રને ત્હેણે કઇક સત્તાભર્યા અવાજે કહ્યુ “ પેશન્ટ (દરદી) સાથે ત્હમે લગારે વાત ના કરતા જો એનુ લગાર વધારે માથુ તપી આવશે તો પરિણામ ઘણુજ ખરાબ આવશે અત્ય્હારે એને માટે પૂર્ણ વિશ્રાન્તિની અત્યત જરૂર છે ”

નર્સ વિહારીને દૂધ પાવા મડી એટલે નરેન્દ્ર ઉઠ્યો ત્હેની પાછળ ગુણવતલાલ પણ બહાર નીકળ્યા અને નરેન્દ્રને ચાલીમા ઉભો રાખીને બોલ્યા “ જોયુ નરેન્દ્ર, આવોજ લવારો એ આખો દિવસ કરે છે મ્હને તો હવે કંઇ સૂઝતુ નથી મ્હને એ ક્ય્હાથી દુર્બુદ્ધિ સુઝી અને દેસાઇજીની પુત્રી સાથે મ્હારા વિહારીનો સબધ બાધ્યો ! ” એમ કહીને એમણે નિશ્વાસ નાખ્યો

“ ગુણવત કાકા, એમ નિરાશ ન થાઓ એમ કરે હવે શુ વળે તેમ છે ? આ કાઇ આપણા હાથની વાત નથી. વિધિનિર્મિત ઘટનાઓ સદા સર્વદા ઘડાયા જ જાય છે આપણે તો સારા માટે કરીએ પણ પછી એમા ઉલટુ થાય એમા આપણો શો દોષ ? ખરી રીતે તો આપણે કોઇ કાર્ય કરવા શક્તિવાનજ નથી પ્રભુ જે ધારે છે તેજ થયા કરે છે એક કવિએ કહ્યુ છે કે —

“ હુ કરૂ આ મે કર્યૂ એ માનવી મિથ્યા વદે,
પણ ઈશની આજ્ઞા વિના, નવ પાન પણ હાલી શકે. ”

એ અક્ષરશ ખરૂ છે હવે તો ચિંતા કર્યા વિના પ્રભુ ઉપર પૂર્ણ ભરૂંસો રાખો હુ હવે જાઉં છુ. હં ! પણ ઠીક યાદ આવ્યુ

હું શંકરને પણ મ્હારી સાથે લઈ જાઉં છું " એમ કહીને નરેન્દ્રે વાતનો વિષય બદલી કનકરાયના સંબંધમાં વાત કાઢી બનાવટી નોટના ખીખા સબંધે ટૂંકમાં બનેલી હકિકત કહી સંભળાવી છેવટે ત્હેણે કહ્યું, " હવે મ્હારે માત્ર એકજ કામ છે પહેલાં પોલિસ સુપરિટેન્ડેન્ટ પાસે જઇ, આ પુરાવા ઉપર પ્રથમ જમના નાયકણ અને વ્રજરાય એ બન્નેને પકડાવી પછી જમવા જઇશ, અને જમીને આહ આવીશ કાલ ત્હમે આખી રાતનું જાગરણ કર્યું છે એટલે રોજને રોજ ઉજાગરો કરવો તે ઠીક નહિ હું આજ ત્હમારી સાથે સુવા માટે આવીશ "

" પણ કનકરાયનું શું કરશો ? "

" કાલે સ્હવારેજ કોર્ટમાંથી હુકમ મેળવી એને છોડાવીશ. "

એમ કહીને જવા નીકળ્યો શંકર સાથે તે ગાડીમાં બેઠો તે વખતે દિવા પ્રકટાવવાની વખત થઇ ગઈ હતી

પ્રકરણ ૪૩ મું.

નોટો વિશે ભાંજગડ.

" દિલકે ફફોલે જલ ઉઠે, સિનેકે દાગસે,
ઇસ ઘરકો આગ લગ ગઇ, ઘરકે ચિરતાસે "

" પણ વ્રજરાય કહોને ? ત્હમને તો બધી વાતની ખબર છે, પણ ત્હમે કહેતા નથી હું આમ વારવાર ત્હમને ભાર દઇને એ વાત પૂછું છું એટલે ત્હેને માટે મ્હને તાલાવેલી લાગી છે એમ સ્હમજી લેવાની ભૂલ ન કરશો ! કનકરાય જેલમાં પડયો હોય ત્હોએ શું તે ખાડામાં પડયો હોય ત્હોએ શું ? મ્હારે તો બધુ સરખુંજ છે ! " જમનાએ વેસ્યાને છાજતી વાણી ઉચ્ચારી

" તો પછી આટલી બધી ચોકશી શું કરવા ચલાવે છે ? " વ્રજરાયે ત્હેનો મર્મ જાણવાના ઉદ્દેશથી કહ્યું

" એને માટે મ્હને લગાર ખરાબ લાગે છે એટલું ! જ્યહાં સુધી મ્હારૂં આ સૌન્દર્ય છે–તારૂણ્ય છે, ત્યહાં સુધીજ એ કનકરાય જેવા પાસેથી ધન પ્રાપ્તિ થાય તેમ છે ! પછી તો અમ્હારો ભાવ પણ કોણ પૂછનાર છે ? "

જમનાનુ એ વાક્ય સાભળીને વ્રજરાય ત્હેની તરફજ જોઇ રહ્યા. ત્હેની મુદ્રા વધુ ગભીર બની અને ત્હેણે કહ્યુ "પણ જમના, તે સાથે આપણે પાપ–પુણ્યનો વિચાર કરવો ન જોઇએ ?"

"પાપ–પુણ્યનો વિચાર કરવાના દિવસ ઘણાએ છે ત્હેને માટે ઘડપણ છે ને ! અત્યારે તો આ તારૂણ્યના જોર ઉપર જે કઇ મેળવી શકાય તે મેળવી લેવુ અને પછી વૃદ્ધાવસ્થામા શાન્તિથી ધર્મધ્યાન કરી કરેલા પાપ ફોડવાના ! પણ વ્રજરાય, ત્હમને પાપ–પુણ્યનો વિચાર આજ ક્યાંથી સુઝ્યો ?"

"કારણ હુ હવે વૃદ્ધ થયો ! તુ કહે છે તેમ મ્હે પણ મ્હારી જુવાનીમા અનેક કાળા ધોળા કરીને ગાંઠે પાચ પૈસા કર્યાં છે "

"ત્હમે કર્યા છે પણ મ્હે ક્યાં કર્યા છે ? જો હુ તો અત્યારે મેળવાય તેટલા પૈસા મેળવી ન લઉ તો પછી ભવિષ્યમા મ્હને કુતરા પણ ન સુંઘે એવી મ્હારી સ્થિતિ થઇ જાય પણ ત્હમારે માટે કઇ એવુ છે ? ત્હમે તો રસ્તામા જઇને કોઇની મજુરી કરશો ત્હોએ પાચ પૈસા કમાઇ આવશો. પણ મ્હારાથી કઇ એવુ થાય તેમ છે ? એટલે મ્હારે તો કનકરાય જેવા કુળને અત્યારે લુટાય તેમ લુટવા જોઇએ !"

"હવે એ કનકરાયનુ નામ ભૂલી જા ! એ હવે ત્હારા હાથમા આવે તેમ નથી એ બરાબર ધ્યાનમા રાખજે !"

"પણ વ્રજરાય, એ તો કહો કે કનકરાય ઉપર શી આફત આવી છે અને શા માટે ?"

"ત્હને કહુ જ ? સાભળ ત્યારે કનકરાયે ખોટી નોટો ચટાવી છે "

"ત્હમે આપી હતી તે કે શુ ? ત્હમે એક વખતે મ્હને એ નોટો વિષે કઈ કહેતા હતા ખરા" આશ્ચર્યથી જમનાએ કહ્યુ, "એવુ તો કઇ કર્યું નથી ને, વ્રજરાય ?"

"અને કર્યું હશે તો પણ એમા ત્હારે ને મ્હારે ક્યાં ન્હાવા જાવુ પડે તેમ છે ? હવે તો થયુ તે ખરૂ ભવિષ્યમા નહિ કરીએ એટલે થયુ !" વ્રજરાયે ભેદભરી ભાષામા કહ્યુ.

"એટલે ? શું એ નોટોનો ઉપયોગ ત્હમે કર્યો છે કે શુ ?" જમનાએ સાશક વૃત્તિથી પૂછ્યુ.

"મ્હે કર્યો ત્હોએ શુ ને ત્હે કર્યો ત્હોએ શુ? બધુ સરખુજ" વ્રજરાયે પુન એવી મુગ્ધ ભાષા વાપરી

"શુ મ્હે?" આશ્ચર્યથી જમના બોલી ઉઠી

વ્રજરાય ત્હેનો ઉત્તર આપવા જતો હતો એટલામા બે સદ્‌ગૃહસ્થો દાદર ચઢીને ઉપર આવ્યા એટલે એનુ ભાષણ ત્ય્હાજ અટકી પડયુ અને વ્રજરાય એકદમ ઉતાવળથી પડદા પાછળ સતાઇ ગયો

આગતુક ગૃહસ્થો મધ્યમ વયના અને સુશિક્ષિત જણાતા હતા. ત્હેમાના એકે રેશમી ફેંટો બાધ્યો હતો અને બીજાએ ટોપી પહેરી હતી પ્રેમાભાઇ હૉલમા વચ્ચે કેટલાક મહિના સુધી દ્વૈતાદ્વૈતવાદની ચર્ચા ચાલતી હતી તે વખતે એ બન્ને ગૃહસ્થો ચર્ચામા સારો ભાગ ભજવતા હતા

"ઓહોહો! પધારો પધારો નિશાનાથ! આજ ક્‌યાંહાથી આ તરફ ભૂલા પડયા?" જમનાએ ભ્રૂભગ સાથે લટકો કરીને હસતા હસતા કહ્યુ

"આ તરફ આવ્યો હતો ત્ય્હારે એમ થયુ કે ચાલો જરા ખબર કાઢી આવીએ કા—કેમ ચાલે છે? ઠીક તો છે ને?" ફેંટાવાળા ગૃહસ્થ—નિશાનાથે કહ્યુ

"ઠીક છે આપ જેવાની કૃપાથી સહુ સારા વાના છે" જમનાએ કહ્યુ

એ વખતે વ્રજરાય પડદા પાછળથી બહાર આવ્યો. કોઇક અજાણ્યા માણુસો આવ્યા હશે એમ માનીને તે સતાઇ પેઠો હતો પરતુ હમેશના પરિચિત ગૃહસ્થોને આવેલા જોતાજ, તે પડદા પાછળથી બહાર નીકળ્યો ત્હેને જોઇને જમનાએ કહ્યુ

"વ્રજરાય, પેલો દીવો જરા મ્હોટો કરોજો! અને આમ જુવો રૂપાળીને મોકલીને, સારા કપૂરી પાન—"

"પણુ મ્હારી પાસે—" ખિસામા હાથ ઘાલતા ઘાલતા વ્રજરાયયે કહ્યુ

"નથી ત્હમારી પાસે પૈસા? અહિ મ્હારી પાસે પણુ નથી ઉઠવુજ પડશે?" એમ કહીને જમના ઉઠવા લાગી. એટલે નિશાનાથે ખીસામા હાથ નાખ્યો, અને બોલ્યો "ઉભા રહો, ઉભાં રહો, ઉઠશો નહિં, લ્યો આ પૈસા!" એમ કહીને જરાક રૂઆબથી ત્હેમણે

ચપટીમા પકડીને વ્રજરાય તરફ એક રૂપીઓ ફેકયો તે લઇને વ્રજ-રાયે રૂપાળીને બોલાવી.

તુરત રૂપાળી આવી ત્હેને વ્રજરાએ સારા કપુરી પાન લેવાની વરદી આપી લેવા મોકલી

થોડા વખતમા રૂપાળી પાન લઇને આવી. ત્હેણે જમનાની બાજુમા પડેલા તાટમા પાન મૂકયા પરતુ તે મૂકતી વખતે ત્હેણે પોતાની શેઠાણીના મુખ તરફ જોયુ. ત્હેણે કરેલી ઈશારતને સ્હમજી ગઇ, એટલે પાનની સાથે રૂપીઆમાથી વધેલા બાકીના પૈસા મૂકયા વિના તે અદર ચાલી ગઇ

જમના પાનની પટ્ટીઓ તૈયાર કરવા માડી તે વખતે નિશા-નાથ અને ત્હેનો મિત્ર બન્ને જણ એની સાથે વિવિધ પ્રકારની વાતો કરી રહ્યા હતા પરતુ જમનાનુ તે તરફ લગારે લક્ષ્ય નહોતુ. ત્હેના મનમા તો ખોટી નોટોની વાત ઘોળાઈ રહી હતી પોતે ખોટી નોટોનો ક્યહારે ઉપયોગ કર્યો એ વાત તે સભારી રહી હતી. એટલામા ત્હેને એક વાતનુ સ્મરણ થયુ તે સાથેજ ત્હેની છાતીમા ધ્રાસ્કો પડયો અને ત્હેના સર્વાગેથી સ્વેદ છૂટવા માડયો. વ્રજરાયે ત્હેને બે નોટો આપી હતી અને તે ખોટી હતી એ વાત તે જાણતી હતી એજ નોટો ત્હેણે કનકરાયને આપી હતી, તે વાતનુ ત્હેને સ્મરણ થયુ. કનકરાય પોતાના હાથમા સપડાય તે ઈચ્છા આગળ તે વખતે ત્હેને એ નોટોનુ મહત્વ ન સ્હમજાયુ, અથવા તો એનુ પરિણામ આટલુ ભયકર આવશે એવી ત્હેને શકા પણ ન આવી

"કેમ કઇ આજ અમ્હારી સાથે મોકળે મને બોલતા નથી ?" નિશાનાથે, પીકદાનીમા પાનની પિચકારી મારતા મારતા કહ્યુ, "આજ હું મ્હારા આ મિત્રને ખાસ ત્હમારૂ ગાયન સાભળવા માટે લાવ્યો છુ—"

"આજનો દિવસ મ્હને માફ કરો" માથુ પકડીને જમનાએ કહ્યુ, "આજ મ્હારૂ માથુ ઘણુજ કળે છે, અને વળી મ્હારા મનને પણ આજ શાન્તિ નથી"

"એમકે ! ત્મ્હારે પછી અમને ખુલ્લે ખુલ્લુ કહીજ દોને કે આવ્યા છો ત્હેવા ચાલ્યા જાઓ આમ અબોલા રહેવાથી કે માથુ દુખવાનો ડોળ કરવાથી શો લાભ છે ! કોઇક વખત અમે અહિં આવીએ છીએ તે શું કામ ? જરાક વિનોદ—કઇક ગાન—"

" પણ હું ના ક્યહારે કહું છુ ? આજ માત્ર નાઇલાજ છુ. "

" હવે શું કહેવુ ! વારુ, પણ જરા આમ તો આવો." એમ કહીને નિશાનાથ ઉઠયો ત્હેની પાછળ જમનાને પણ ઉઠવુ પડયુ બન્ને બાજુની કોટડીમા ગયા એટલે નિશાનાથે કહ્યુ " જમના, તુ મ્હારા વિશ્વાસનુ ફળ હોવાથીજ હું ત્હારી પાસે આવ્યો અને હવે તુ મ્હને નિરાશ કરે છે કે ?"

" નિશાનાથ, હુ ખરેખરૂજ કહું છુ આજ મ્હારૂ મન ઘણુજ અસ્વસ્થ છે !"

" હુ કરૂ છુ ત્હારા મનને સ્વસ્થ !" એમ કહીને નિશાનાથે પાચ રૂપીઆની નોટ કાઢી જમનાના હાથમા મકતા કહ્યુ, " કેમ હવે તો મન સ્વસ્થ થશેને ? જો જમના, આ મ્હારી સાથે આવ્યા છે એ મ્હારા મિત્ર છે વડોદરામા રહે છે ઘણા વિદ્વાન અને રસિક છે કાલ સ્હવારની ગાડીમા તો એ પાછા જવાના છે હું એમના સુવાની મ્હારા ઘેરજ વ્યવસ્થા કરવાનો હતો. પણ ઘેર છે અડચણ એટલે કહ્યુ, ત્હારી પાસે લાવીશ તો તેમને લગાર આનદ પણ મળશે અને તારે ત્યા સુવાની વ્યવસ્થા પણ સારી થશે "

ધનનો મહિમા જબરો છે ! ભલભલા મુનીઓના મન પણ એ ચળાવી નાખે છે તો પછી જમનાનો શો આશરો ? જમનાનુ આટલી વખત સુધી અસ્વસ્થ રહેલુ મન હાથમા પાચ રૂપીઆની નોટ પડતાજ સ્વસ્થ થયુ !

" થશે–પ–ણ–વારૂ, પણ હવે જ્યહારે ત્હમારો આટલો બધો આગ્રહ જ છે તો પછી હુ લાચાર છુ " એમ કહીને જમના બહાર આવી

નિશાનાથે જ્હેને માટે જમના સાથે આટલી માથાફોડ કરી તે વિદ્વાન ગૃહસ્થ શ્યામલાલ એક પત્રના કહેવાતા તત્રી હતા ત્હેમને બીજે દિવસે વડોદરે પાછા જવાનુ હતુ તે વાત ખરી હતી પરતુ ત્હેની રાતને માટે વ્યવસ્થા નહિ થવા માટે નિશાનાથે ઘરની જે અડચણ બતાવી હતી તે વાત તદ્દન બનાવટી અને ખોટી હતી વાસ્તવિક ખરી વાત તો એમ હતી કે, શ્યામલાલ આગામિ દીપોત્સવીના તહેવાર ઉપર પોતાના પત્રનો ખાસ અક કાઢનાર હતા અને તે માટે જૂદા જૂદા લેખકો પાસેથી વાર્તાઓ, કવિતાઓ

મેળવવા તથા એક જાણીતા ધર્મ ધુરધર, સાક્ષરવર્યનો ધાર્મિક વિષયનો ખાસ લેખ લેવા માટે અમદાવાદમા આવ્યા હતા. શ્યામલાલ અને નિશાનાથની ઘણી જૂની મૈત્રી હતી એટલે તે એના ઘેર જ ઉતર્યો હતો અને સાત આઠ દિવસ સુધી અમદાવાદના મ્હોટા મ્હોટા નામાંક્તિ પદવીધરોના ઉબરા ઘસવી નાખ્યા છતા લેખોનુ કઇ ઠેકાણુ પડયુ નહોતુ છતા પેલા જાણીતા ધર્મધુરધરાચાર્યજીએ ' હિદુ ધર્મનુ આવી બન્યુ ! " એ નામનો 'બાસુબિલ'-ની ચર્ચા કરતો, ગલીચ ભાષાનો એક લેખ લખી આપ્યો હતો, અને બીજા કેટલાક ઉછરતા લેખકોએ થોડીક કવિતાઓ અને બગાળી—હિંદી ભાષામાથી અનુવાદ કરેલી બે ત્રણ ટૂકી વાર્તાઓ આપવાનુ વચન આપ્યુ હતુ, એટલે શ્યામલાલના મનને શાતિ વળી હતી તેથી નિશાનાથની સાથે ' એલિસબ્રીજ ' ઉપરથી ફરીને આવતી વખતે, ત્હેમની વચ્ચે જે વાતચિત થઇ હતી તે અહિ આપવી અ પ્રાસગિક નહિ થાય એમ ધારી રજુ કરીએ છીએ —

" નિશાનાથ, આ આઠ દિવસ તો આ કામમા ને કામમા એમને એમ ચાલ્યા ગયા મ્હને લાગ્યુ હતું કે, એક બે દિવસમા આ ખાસ અકતુ કામ આટોપીને પછી એક બે દિવસ ત્હમારી અહિની શોધખોળ જોઇશુ "

" શ્યામલાલ, શોધ કઈ વિશેષ નથી " નિશાનાથે કહ્યું, " કારણુ હમણા હમણા મ્હારે બધી વાતો ચોરી છૂપીથી કરવી પડે છે આપણુ ખાસ પ્રિય પીણુ—દેવીનો પ્રસાદ પણ મ્હારે રાત્રે, સુતી વખતે લેવો પડે છે કારણુ અમદાવાદમા તો મ્હને એક સારા વક્તા અને ધાર્મિક ગૃહસ્થ તરીકે લોકો ઓળખવા માડયા છે. જામનગરમા હતા ત્યહારે તો આપણે ગમે તેમ કરતા, તે છૂટ હવે અહિ મળતી નથી !"

" ત્યહારે ભાઇ વડોદરામા મ્હારી પણ એવીજ સ્થિતિ થઇ છે. હવે તો હું તત્રી બન્યો છુ એટલે વડોદરામા એવો કઇ ઘોટાળો કરી શકતો નથી. ત્હોએ આપણે કઇ પાછા પડીએ એવા તો નથી જ. પણ બહુ સાવચેત રહેવુ પડે છે, અને અહિ અમદાવાદમાં તો આપણને કોણ પૂછનાર છે ? "

"ઠીક ત્યહારે. જો ત્હમારી એવી જ ઇચ્છા છે તો પછી આજ

ત્હમારી સુવાની વ્યવસ્થાજ હું એક ખાસ સ્થળે કરી આપુ છુ પછી તો થયુને ? પણ શ્યામલાલ, ઠેકાણુ તો એવુ છે કે, ત્હમે વડોદરે જશો ત્હોએ રોજ સભાગ્ગો !"

આ થોડાક સવાદ ઉપરથીજ વાચકના લક્ષ્યમા વણી વાત આવી ગઇ હશે

છેવટે શ્યામલાલને કબુલાત આપ્યા પ્રમાણે નિશાનાથ ત્હેને તેડીને જમનાને ઘેર આવ્યો હતો પરતુ એની માથુ દુખવાની વાત સાભળીને નિશાનાથ વિચારમા પડી ગયો હતો પોતાનુ ખાત્રીનુ કુળ ગણીને તો પોતે અહિ આવ્યો અને હવે પાછા જવુ પડશે તો શ્યામલાલ આગળ પોતાની કિમ્મત થઈ જશે, એવો વિચાર મનમા આવતાજ ત્હેણે જમનાને મનાવવાનો વિચાર કર્યો અને તે પ્રમાણે પોતાના ખિસાનુ મ્હોઢુ પહોળુ કરીને જમનાને ત્હેણે તે રાત્રે પોતાના વિદ્વાન મિત્ર માટે વશ કરી જમના નિશાનાથે આપેલી નોટ લઇને બહાર આવી અને ક્ષણભર બારણા પાસે ઉભી રહી નિશાનાથને ત્હેણે કહ્યુ "કેમ નિશાનાથ, ત્હમારા મિત્ર તો કઇ બોલતા ચાલતાજ નથીને ?"

"ત્હમે એમને બોલતા કરો એટલે આપોઆપ બોલવા માડશે !" શ્યામલાલ તરફ હસ્તા હસ્તા જોઇને નિશાનાથે કહ્યુ

"ઠીક ત્યારે જમના, હુ તો હવે જાઉ છુ કારણ ઘેર અડચણ છે એ વાત મ્હે ત્હને આગળથીજ જણાવી દીધી છે"

"નિશાનાથ, ત્હમે જ્યારે જ્યારે આવો છો, ત્યારે ત્યારે કઇને કઈ અડચણ તો હોય છે જ !" એમ કહી ત્હેણે બાજુમા પડેલી પાનદાનીને ખેચી પટ્ટીઓ બનાવવા માડી તે કાર્ય કરતા કરતા ત્હેણે બે ચાર વખત પોતાના નેત્રોના ખૂણામાથી શ્યામલાલ ઉપર પોતાનુ મોહિની અસ્ત્ર ફેકયુ, અને પટ્ટી આપતા આપતા ત્હેણે કહ્યુ, 'નિશાનાથ, એટલામા શુ ચાલ્યા, જરા બેસો હુ જરી અદર જઇ વ્યવસ્થા જોઇ આવુ "

એમ કહી જમના ઉઠીને અદર ઠેઠ વ્રજરાયની કોટડી તરફ ગઇ વ્રજરાયની કોટડી અદરથી બધ હતી, તોપણ તે ઉંઘી ગયો નહોતો એટલે જમનાની હાક સાભળતાજ ત્હેણે બારણુ ઉઘાડયુ.

"કેમ જમના શી ભાજગડ ચાલે છે ? તુ હજી સુઇ ગઇ નથી ? કોઇ આવ્યુ હોય એમ લાગે છે " બારણુ ઉઘાડતાજ વ્રજરાયે પૂછ્યુ.

' વ્રજરાય, કોઇ આવો કે જાઓ એની અત્ત્હારે પચાત કરવાની નથી ! પણ પેલી નોટોની ત્હમે શી ભાજગડ કરી છે તે પહેલાં મ્હને કહો ' એ વાત સાભળી છે ત્ય્હારથી મ્હારૂ ચિત્ત ઠેકાણે નથી વ્રજરાય, ત્હમે મ્હારૂજ ગળુ કાપવાનો વિચાર કર્યો છે કે શુ ? "

" જમના, આમ શુ બોલે છે ? ત્હારે એમા કઈ ગભરાવાનુ કારણુ નથી "

" અને કઇ વત્તી ઓછી ગરબડ થઇ તો ? "

" તો આપણે છૂટી જઇએ એવી હકીકત બનાવી કાઢીને ત્હેને સાચાપણાના ઓથા નીચે જાહેર કરવી "

એટલામા ત્યા રૂપાળી આવી અને નિશાનાથ જવા તૈયાર થયા છે એવો સદેશો કહ્યો

પ્રકરણ ૪૪ મુ.

પાપનો ઘડો ફુટ્યો.

" ચોરી ચાહત થાય છે, જ્યારે ચોર ઝલાય,
બાધી મારે મહિપતી, છેક ફજેતી થાય "

(ક. દ ડા.)

વહાણુ વાયુ હતું મીલોમાથી રાક્ષસી અવાજે સીસોટીઓ વાગી રહી હતી, મજુરો ઉતાવળે પગલે પોતે પોતાના કામ ઉપર જતા હતા, દૂધવાળી ધાચણો માથે દૂધની દેગડીઓ મૂકી " લ્યો દૂઉઉઉઉધ "ના પોકારો કરતી શહેરની ગલીઓમા ફરતી હતી હૉટેલવાળાઓ ચ્હા ઉકાળવા માટે પેટવેલી સગડીઓ વારવાર ખખડાવતા, કામે જતા મજુરોને ચ્હાના ઉકળતા વાસણમાથી વરાળો નીકળતો ચ્હા કાઢી આપતા હતા. રીચીરોડના રસ્તા ઉપર સાઇકલો અને ઘોડાગાડીઓનો અવર જવર શરૂ થઇ ગયો હતો.

લગભગ સવા છ વાગ્યાનો શુમાર હતો શ્યામલાલ વહેલી ઉપડતી ગાડીમા વડોદરે જવા સ્ટેશન ઉપર જવા માટે તૈયાર થયો જમના પોતાના એ નવા યજમાનને ચ્હા આપવાની ગરબડમા પડી હતી થોડા વખતમા તે ચાદીના એક સુદર પ્યાલામા ચ્હા લઇને આવી અને ટેબલપર મૂકી આરસા સ્હામે ઉભા ઉભા વાળ ઠીક કરતા શ્યામલાલને ઉદ્દેશીને તે બોલી "ખરૂ છે બાઇ, 'પરદેશી સાથે પ્રીતડી કરવી નહિ' એમ કહેવાય છે એ કાઇ ખોટુ નથી! હવે વડોદરે ગયા પછી આ જમના ત્હમને તો શાની સાભરે? પણ હુ તો અહિ ત્હમારા જ નામના જાપ જપતી બેશી રહીશ"

"એમ કેમ બોલો છો? હુ હવે ત્હમારી આ ઓળખાણ કદી પણ વિસરૂ એમ ત્હમને લાગે છે? જમના, હુ હવે માત્ર ત્હમારી ખાતર જ વચ્ચે વચ્ચે ખાસ અમદાવાદ આવતો રહીશ પણ આ શુ? ત્હમારો ચ્હાનો કપ ક્યહા છે? આ તો ઠીક નહિ! ત્હમારા ચ્હા લીધા શિવાય હુ ચ્હા નહિં લઉં!"

"હું લઉં છુ પણ પહેલા ત્હમે તો પીઓ મ્હારા મ્હેમાન!" સ્મિત કરી, નખરા અને નયન કટાક્ષ સાથે શ્યામલાલના ગાલ ઉપર બે આગળીઓ વડે ધીમી તમાચ મારતા જમનાએ કહ્યુ, "મ્હેમાનોનુ તો પ્રથમ સ્વાગત કરવુ જોઇએ"

"નહિ, નહિ! હુ હવે કઇ ત્હારો મ્હેમાન નથી, માટે એમ નહિ ચાલે તું આમાથી અડધો ચ્હા લે"

"ના, ના ત્હમે એ પીઓ, હુ લાવુ છુ બીજો કપ" એમ કહી જમના અદર ગઇ. એ વખતે શ્યામલાલે ખિસામાથી પાચ રૂપીઆની નોટ કાઢીને ચ્હાના ખાલી કરેલા પાત્ર પાસે મૂકી

એટલામા અદરથી ચ્હા લઇને જમના બહાર આવી ત્હેની નજર પેલી નોટ ઉપર પડતા જ તે નાયિકાની ઢબથી જ ખોટો ઢોગ કરતી બોલી "અરે આ શુ છે? આ બધુ થયુ તે નોટની આશાએ થયુ એમ ત્હમને લાગે છે કે? અરે વાહ! પહેલા એને લઇને ખિસામા મૂકો જોઉં!"

"પણ હુ આ કોઇ જાતના બદલા માટે આપતો નથી તો ફક્ત હું પ્રસન્ન થયો છુ એટલે આજનુ ત્હારૂં સ્મરણ રહે એટલા—"

"ત્હમે જો પ્રસન્ન થયા હો તો તો આ નોટ પહેલાજ લઇને

ખિસામાં મૂકી દ્યો ! મ્હેં ત્હમારી પાસેથી પૈસા લીધા એવું જો નિશાનાથ જાણે તો—"

"પણ હવે ત્હેને જાણવાનો રસ્તો જ નથી રહ્યો તે ! હવે હું દશ–પંદર દિવસે અમદાવાદમાં આવ્યા કરીશ તે ફક્ત ત્હારી મુલાકાત માટે જ ! હવે તો આવીશ ત્ય્હારે નિશાનાથને મળીશ સુદ્ધાં નહિ ત્હને મળીશ એટલે મ્હારૂં અમદાવાદનું કામ પૂરૂં થશે !" એમ કહીને વિદ્વાન શ્યામલાલે એ વારયુવતિના પવિત્ર (!) હાથે તૈયાર થયેલો શુદ્ધ (!) ચ્હા ઘણા જ પ્રેમથી ગળામાં ઉતારવા માંડ્યો. અત્રે કહેવું જરૂરનું છે કે શ્રીયુત્ શ્યામલાલ સનાતન ધર્મના ચુસ્ત હિમાયતી, મ્હોટા મ્હોટા ભાષણો કરનાર, અને પોતાના માસિકમાં સ્પર્શાસ્પર્શ અને 'બાસુ બીલ'ની વિરૂદ્ધમાં સુધારકો ઉપર કડક ટીકા કરનારા લેખો લખતા હતા, પરંતુ ત્હેઓશ્રી જાતે તો 'પોથી-માંનાં રીંગણાં'ના ન્યાયે જ વર્ત્તી રહ્યા હતા

એટલામાં બારણા આગળ આવીને રૂપાળીએ "ત્હમને કોઇ બોલાવે છે" એવો સંદેશો કહ્યો તે સાંભળીને જમના બહાર ગઇ તો દાદર આગળ એક માણસ ઉભેલો જણાયો જો કે ત્હેણે સાદાં વસ્ત્રો જ પહેર્યાં હતાં છતાં ત્હેના મુખમંડળ ઉપરની રેખાઓ, ભવાં ઉપરની આંટીઓ અને તેમની કઠોરતા તે પોલિસ હશે એવો સ્પષ્ટ ભાસ આપતી હતી

પોલિસને જોઇને જ જમનાના હોશ કોશ ઉડી ગયા ત્હેના પેટમાં ફાળ પડી ધીરે પગલે તે આગળ આવી, અને અંદર બેઠેલો શ્યામલાલ દરવાજાની કાટમાંથી બહાર કોણ આવ્યું છે તે જોવાનો પ્રયત્ન કરવા લાગ્યો

"ત્હમારૂં જ નામ જમના કે ?" તે પુરૂષે પૂછ્યું

"જી, હા" જમનાએ ધીરે હલકે કહ્યું

"અને વ્રજરાય પણ અહિં જ રહે છે ને ?" જાણે ખાસ જાણતો હોય તેવી ઢબે દ્રઢતાથી ત્હેણે પૂછ્યું

"અહિં નહિં એ તો પાછલી બાજુએ રહે છે પણ હજી એ ઉઠ્યા નહિ હોય"

"હરકત નહિ હું જ ત્હેને ઉઠાડીશ મ્હને ત્હેનું મકાન દેખાડો" એમ કહીને તે પુરૂષે દાદર નીચે ઉભા રહેલા પોતાના બે સહાયક પોલિસોને ઉપર આવવાની ઈશારત કરી

જમના સાથે વાત કરતા ત્હેની તિક્ષ્ણુ દષ્ટિ બારણાની ફાટમાથી અદર ગઇ હતી, અને અદરથી કોઇ માણુસ સફાળો પોતાને જોઇ રહ્યો છે એ પણુ તે જાણી ગયો હતો, એટલે નીચેના પોલિસો-ઉપર આવતા જ ત્હેણે કહ્યુ 'આ બારણા પાછળ કોણુ છે? તે જુઓ અરે !—" ત્હેણે અદર ઉભેલા શ્યામલાલને ઉદ્દેશીને કહ્યુ "અદર કોણુ છે ? બહાર આવો "

પોલિસનુ એ આમત્રણુ સાભળીને શ્યામલાલનુ હૃદય ધડકવા લાગ્યુ ત્હેની નાડ પણુ ચાલતી ક્ષણુભર અટકી ગઇ ! ત્હેનાથી બોલાયુ કે ખસાયુ પણુ નહિ તે જોઇને પેલો સાદા વસ્ત્રોવાળો માણુસ આગળ વધ્યો અને અદર આવી શ્યામલાલને પૂછ્યુ- "ત્હમારૂ નામ વ્રજરાય કે ?"

"ન—ન—નહિ. હુ—હુ—" શ્યામલાલની જીભ તોતડાવા લાગી

"એમ ગભરાશો નહિ " પોલિસે આશ્વાસન આપવા માડયુ, "ત્હમે વ્રજરાય નથી ને? પછી—"

"પણુ આ શ—શ—શો ઓઓ ધોટાળો છે ?" જમના વચ્ચેજ બોલી ઉઠી

'બીજુ કશુ એ નથી ખોટી નોટો બનાવવા માટે ત્હમારા ઉપર વારટ છે. વ્રજરાય ક્હા છે તે બતાવો !" નિત્યના આવા કાર્યોથી ટેવાયલા પોલિસ ઉપર જમનાની ગભરામણુની કઇ પણુ અસર ન થઇ, તે ત્હેણે ઠડે પેટે આપેલા ઉત્તર ઉપરથી જણુાયુ

"મ્હે કઇ એ ખોટી નોટો બનાવી નથી એ બધુ વ્રજરાયનુ કામ છે " ક્ષણુભરમા બની શકી તેટલી હિમ્મત એકઠી કરી જમનાએ વારસુવતિને સુલભ છટાથી કહ્યુ

"તે ગમે ત્હેનુ કામ હો ! ત્હમે અમારી સાથે ચાલો એટલે થયુ !" એમ કહીને તે આગળ વધ્યો એટલામા બીજા બે પોલિસ સિપાહીઓ ઉપર આવી પહોચ્યા ત્હેમાના એકને દાદર પાસે અને બીજાને શ્યામલાલ પાસે મૂકીને, બે સિપાહીઓ સાથે તે અદરની બાજુએ ગયો વ્રજરાય તુર્તજ ઉંઘમાથી ઉઠયો હતો પોલિસે ત્હેનો દરવાજો ખખડાવવો અને ત્હેણે બારણુ ઉઘાડવુ એ બે ક્રિયાઓ એકજ સાથે થઇ !

"વ્રજરાય ત્હમારૂં નામ ?" સાદા વસ્ત્રોમાં સજ્જ થયેલા તે પોલિસ અમલદારે લગાર ઠસ્સામાંજ કહ્યું.

"હા"

"ત્હમને પકડવાનું વારંટ છે, અને ત્હમારા મકાનની ઝડતી લેવાની છે." એમ કહીને ત્હેણે વ્રજરાયને વારંટ બતાવ્યું તુર્તજ બાજુમાં ઉભેલા સિપાહીઓમાંથી એકે આગળ આવી વ્રજરાયનો હાથ પકડયો અને બીજા સિપાહીની મદદથી પેલા અમલદારે ઓરડી-ની ઝડતી લેવાનું મંગલાચરણ કર્યું શંકરે કહ્યા પ્રમાણે પહેલાં ત્હેમણે પેટીઓ તપાસવા માંડી તો એક લાકડાની પેટીમાંથી બે ચાર જાતની નોટોના બીબા, કેટલાક હથિયાર, નોટોના કાગળ, શાહી અને કેટલાક ઝાંખી છાપો ઉઠવાથી બગડેલા કાગળો ત્હેમણે બહાર કાઢ્યા તે પછી બીજી એક ટ્રંકની તપાસ શરૂ થઇ ત્હેમાં પહેલાં તો કપડાં ગોઠવેલા જણાયા, પરંતુ તે કાઢયા પછી અંદરથી એક પતરાની ન્હાનકડી પેટી નીકળી. પોલિસ અમલદારે તે પેટી બહાર કાઢી અને વ્રજરાય પાસેથી ચાવી લઇને ઉઘાડી ત્હેના ઉપરના ખાનામાં એક બાજુએ કેટલીક ગીનીઓ, નોટો અને મ્હોટી કિમ્મત-ની નોટોના બે પડીકાં હતાં અને નીચેના ખાનામાં હીરા, મોતી અને સોનાના કેટલાક ન્હાના મ્હોટા દાગિના હતા

પોલિસ અમલદારે જમનાના ખંડમાંથી શ્યામલાલને પોલિસ માર્ફત બોલાવ્યો તે આવી પહોંચતા જ પોલિસ અમલદારે ત્હેની તરફ ફરીને પૂછ્યું, "ત્હમારૂં નામ કહો !"

"હ–હ–સાહેબ, મ–મ–મ–મ્હારે શું છે–મ્હારે–આમાં મ્હારો કંઇ હાથ નથી ! હું તો હમણાં વડોદરે જવા નીકળ્યો છું—"

"હાથ નહિ હોય તો પણ સાક્ષીદાર તો છોને ? આ ઝડતીમાં મળેલો માલ જુઓ આ માલના સંબંધમાં તો ન્હમે સાક્ષીદાર થશો ને ? કહો ત્હમારૂં નામ—"

"પ–પ–પણ, મ્હારૂં સાંભળો તો ખરા ફોજદાર સાહેબ !" પત્રના વિદ્વાન સંપાદકશ્રી લથડતી જીભે બોલ્યા, "મ્હારે હમણાં વડોદરે જતી ગાડીમાં જવુંજ જોઇએ. જો ત્હેમ ન થાય તો મ્હને ઘણું નુકશાન થાય તેમ છે"

"થશે ત્હેને અમ્હે શું કરીશું ? ભરી લેજો સરકાર પાસેથી હં—ચલાઓ—જોઉં—નામ કહો ?"

"પણ મ્હારૂં નામ શા માટે લ્યો છો, સાહેબ ? જુઓ—જરા મ્હારી તરફ તો જુઓ—આ, આ જુઓ સાહેબ—" એમ કહીને શ્યામલાલે ખિસામાંથી કંઇક રૌપ્યનાણું બહાર કાઢયાં, અને નમ્ર વાણીથી બોલ્યા, "મ્હને શું કરવા નાખો છો આ ભાંજગડમાં ?"

"તો પછી આવા ઠેકાણે આવો છો શું કરવા ? ઝખ મારવા ! સારા સભ્ય ગૃહસ્થ કહેવરાવો છો અને વેશ્યાઓના ઘર ઢુંઢતાં શરમ નથી લાગતી ત્હમને ?" એમ ગુસ્સાથી કહીને તે પોલિસ અમલદારે એક સિપાહી તરફ જોઇને કહ્યું "રણછોડજી, પકડો એને લાંચ આપવી છે કે ?"

ગરીબ બિચારો શ્યામલાલ ડઘાઇજ ગયો અને રણછોડજીના હાથમાં પકડાઇને તેલમાં માખ ડૂબી હોય ત્હેવો બની ગયો

"વ્રજરાય, ત્હારા ઘણા ઘણા ઉપકાર કર્યાં એનો આ બદલો ત્હેં અપાવ્યો કે ? મ્હારૂંજ ગળું છેવટે તું કાપવા બેઠોને ?" એક સિપાહીના પહેરા નીચે ઉભેલી જમનાએ વ્રજરાય સ્હામે તિરસ્કાર-ભરી દૃષ્ટીથી જોઇને કહ્યું

"બસ કરો હવે ગરબડ !" પોલિસ અમલદારે દમ ભરાવતાં કહ્યું "હં, ચાલો આમને નીચે લઇ લ્યો. હું આ કોટડીને સિલ કરીને આવું છું. સંભાળજો સારી રીતે એમને નીચે ભર રસ્તા ઉપર લઈ જઇને ઉભા કરો એટલે લોકો જુએ તો ખરા"

વ્રજરાય તો નીચે મુખે સ્વસ્તિક રચીને ઉભો હતો ન્હાસી જવાનો કે બીજી કંઈ ગરબડ કરવાનો ત્હેણે લગારે પ્રયત્ન કર્યો નહિ કારણ 'વારંટ' એ શબ્દ કાને પડતાંજ ત્હેના હાંજા ગગડી ગયા હતા ત્હેનું મુખ મંડળ કાળું શાહી જેવું બની ગયું હતું. હવે સંપૂર્ણ સાક્ષી પુરાવા સાથે પકડાવા પછી બધા બહાના નિરર્થક છે એમ ત્હેને લાગ્યું હતું. તે મુંગો મુંગો સિપાહીના પહેરા નીચે હેઠે ઉતર્યો પરંતુ જમના તો ઉતરતાં ઉતરતાં ત્હેના નામે અસંખ્ય ગાળો દઇ રહી હતી. દાદર ઉતરી રહેવા આવતાં તો એનો ક્રોધ એટલો બધો વધી ગયો કે તે પોલિસ અમલદાર તરફ ઉંચે જોઇને બોલી ઉઠી "આ મુઆ વ્રજરાયને બરાબર શિક્ષા કરજો. એ મુઆએજ પેલા કનકરાયને ફસાવવા માટે મ્હારી મારફત એને

ખોટી નોટો અપાવી છે હવાલદાર સાહેબ, કનકરાય તદ્દન નિર્દોષ છે, પણ આ મુઓ ચાંડાલ—"

"હવે તુ ચૂપ રહે છે કે નહિ ?" દાદર ઉપર ઉભેલા ફોજદારે ગુસ્સે થઈને કહ્યું, "નાયક, એ જે છેલ્લા વાકયો બોલી તે બરાબર નોધી લ્યો આ કેસમા એ વાકયો ઘણા જ ઉપયોગી થઇ પડશે "

હવે ઉતરવાનો શ્યામલાલનો વારો આવ્યો ત્હેણે છેલ્લી વખત પ્રયત્ન કરી જોવાને ઇરાદે ફોજદારના પગે પડીને કાલાવાલા કરતા કહ્યુ "સાહેબ, હું ત્હમારા પગે પડુ છુ ત્હમે જ્યહા કહેશો ત્યહા હુ આવીશ હું ન્હાસી નહિ જાઉં, પરતુ કૃપા કરીને મ્હને ભરરસ્તા વચ્ચે એમની સાથે લઇ ન જાઓ મ્હારો આ કામમા લગારે હાથ નથી હુ તો—"

"આખી રાત રડીબાજી કરવામા બીલકુલ શરમ ન આવી, અને હવે એની સાથે જતા શરમ આવે છે નહિ ? સુવર, રડીબાજ, ગુપચુપ ચલો—" એમ કહીને તે અમલદારે શ્યામલાલને પાછળથી એક જોસભર્યો ધક્કો લગાવ્યો !

લોકોની મશ્કરીઓ અને ટીકા વચ્ચે વરઘોડો સડક ઉપર થઇને પોલિસ ચેવડીએ પહોચ્યો

* * * *

તે દિવસે અગિઆર વાગે એ મડળને કોર્ટ સમક્ષ લાવીને ઉભુ કરવામા આવ્યુ સહુથી પહેલી નરેન્દ્રરાયની સાક્ષી લેવાઇ તે પછી શંકરે સઘળી ઘટના કહી સભળાવી તે હકિક્ત વ્રજરાય ધ્યાન પૂર્વક સાભળતો હતો "આ બિલ્લુ શાનુ હશે તે જોવા માટે મ્હે તે મ્હારા ધોતીઆ ઉપર દાબ્યુ, એટલામા દૂધ લઇને વ્રજરાય અદર આવ્યા " એ હકિક્ત જ્યહારે શંકરે કોર્ટ સમક્ષ કહી સભળાવી તે વખતે વ્રજરાયે સાધારણ મ્હોટા અવાજે પરતુ સ્વગત કહ્યુ "છોકરા, છેવટે ત્હેજ મ્હારો ઘાત કર્યો ? તુ આ શુ કરે છે, કોની વિરૂદ્ધ આ બધુ બોલી રહ્યો છે, એની ત્હને કલ્પના પણ છે કે ? અરેરે ! શંકર, છેવટે તુ મ્હારા નાશનુ કારણ બન્યો !"

શંકરની સાક્ષી લેવાઈ રહ્યા પછી શ્યામલાલની જુબાની શરૂ થઇ ત્હેણે પોતે જે જે જોયુ અને સાભળ્યુ હતુ તે સઘળુ કોર્ટ સમક્ષ કહી સભળાવ્યુ પરતુ "ત્હમે કોણ છો ? અને આ મુકદ્દમામા ત્હમારો શો સબધ છે ?" એવુ જ્યહારે કોર્ટે ત્હેને પૂછ્યુ ત્યહારે

ત્હેને પૃથ્વી જગા કરે તો અંદર સમાઇ જવાનું વધારે ઠીક લાગ્યું પરંતુ એમ ન બન્યું અને છેવટે અવનત શિરે ત્હેને પોતાની સઘળી હકિકત કહી સંભળાવવી પડી ત્યારે કોર્ટે "તમે એક પત્રના સંપાદક છો કેમ ? ઠીક ! અમદાવાદમાં આવીને તમે ધંધો તો બહુ સારો કર્યો છે, હો ! ઠીક હવે કહો તમને આ સંબંધમાં શું શું ખબર છે ?" માત્ર એટલાજ પ્રશ્ન પૂછ્યા પરંતુ તે શ્યામલાલને માટે આકાશપાતાળ એક કરી નાખે એવા હતા

તે પછી જમનાને સાક્ષીના પિંજરામાં લાવીને ઉભી કરવામાં આવી તે વ્રજરાય ઉપર એટલી બધી બળી જળી રહી હતી કે, કોર્ટ સમક્ષ પોતે શું બોલી રહી છે, ત્હેનું પણ ત્હેને ભાન સુદ્ધાં રહ્યું નહોતું

"વ્રજરાયના મનમાં તો પહેલેથીજ કનકરાયને લુટવાનો વિચાર હતો પરંતુ ત્હેના ઘેર પોતે નોકરીમાં હોવાથી, જો જાતે કંઇ આડું અવળું કરે તો સંશય આવે એટલે ત્હેણે મ્હારી અને કનકરાયની વચ્ચે ઓળખાણ કરાવી સાહેબ, હું તો નિર્દોષ છું મ્હને પણ એ વ્રજરાયે ફસાવી છે મ્હે માત્ર ત્હેના કહેવાથી એ નોટો કનકરાયને આપી હતી મ્હને કનકરાયે રાજી ખુશીથી બક્ષિસ આપેલી મોહનમાળા, એક હીરાની વીંટી અને કનકરાયના બ્હેનના લગ્નમાં હું ગાવા ગયેલી તે વખતે મ્હને મળેલા પૈસા એ બધું વ્રજરાયે મ્હને ફોસલાવીને લઇ લીધું છે" જમનાએ પોતાની સાક્ષીમાં એ પ્રમાણે કહ્યું

"પણ એ નોટો ખોટી હતી એવી તમને ખબર હતી કે ?" કોર્ટે પૂછ્યું

"હા વ્રજરાયના કહેવાથી મ્હે તે કનકરાયને આપી હતી"

કોર્ટે તે પછી વધારે કંઇ પ્રશ્નો ન પૂછ્યા તે પછી વ્રજરાયને ઉભો કરવામાં આવ્યો ત્હેણે પોતાની હકિકત સેશનકોર્ટમાં કહેવાનું કબૂલ્યું એટલે ત્હેના ઉપર ખોટી નોટો બનાવવાનો અને જમના ઉપર તે ખોટી નોટોનો ઉપયોગ કરવાનો આરોપ મૂકી, કોર્ટે તે બન્નેને સેશન કમિટ કર્યાં સરકારી વકિલે કનકરાય ઉપર મૂકેલું તહોમત પાછું ખેંચી લઇ ત્હેને નિર્દોષ ઠરાવી છોડી મૂક્યો. પરંતુ કનકરાય, નરેન્દ્રરાય અને શંકર એ ત્રણેને ત્હેણે તાજ તરફના સાક્ષીદાર તરીકે ગણ્યા

પ્રકરણ ૪૫ મું.

સૂક્ષ્મ મનની જાગૃતિ.

" હા ! પસ્તાવો વિપુલ ઝરણુ, સ્વર્ગથી ઉતર્યું છે !
પાપી તેમા ડૂબકી દઇને પૂણ્યશાળી બને છે ! "

(સ્વ કલાપી)

વિહારીને અકસ્માત થયે આઠ દિવસ થઈ ગયા હતા વીણા એ સમય દરમિયાન ઘરમા ભળી ગઇ હતી ત્હેની સોબતમા હજી પણ ગુણવનલાલે વિલસુને રાખી હતી વિહારીના માથા ઉપરનો ઝખમ રૂઝાવા આવ્યો હતો છતા હજી ત્હેના મન ઉપર થયેલા પરિણામની અસર મટી નહોતી કદી કદી તે સારી રીતે શુદ્ધિમા આવતો, તો કદી કદી એકાદા ભ્રમિતની માફક આખો દિવસ ને રાત લવારોજ કર્યા કરતો ગુણવતલાલ રાત ને દિવસ ત્હેના ઓશિકા આગળજ બેશી રહેતા નરેન્દ્ર પણ સ્હવાર સ્હાજ ત્હેની પાસે જઇને બેસતો પરતુ અકસ્માત થયો ત્હેના બીજા દિવસે સ્હાજે વિહારીએ જે રીતે શુદ્ધિમા આવીને નરેન્દ્ર સાથે વાતચિત કરી હતી, એવી રીતે આ આઠ દિવસમા તે ફરીથી કદી બોલ્યો નહોતો ત્હેને હાક મારતા માત્ર તે આખ્યો ઉઘાડીને જોતો અને પછી તુરત આખ્યો મિચી દઇને માથુ ફેરવી દેતો વચ્ચે સારી રીતે શુદ્ધિમા આવીને ત્હેણે ગુણવતલાલની સાથે બે ચાર વખત બોલવાનો પ્રયત્ન કર્યો હતો, પરતુ તે વખતે નર્સ પાસે હોવાથી ત્હેણે ગુણવતલાલને બોલવા દીધા નહોતા વળી ડૉકટરે કહ્યુ હતુ કે, 'જેમ બને ત્હેમ ત્હેને જોવા માટે ઓછા માણસો આવે તેટલુ વધારે સારૂ કારણ કે વધારે માણુઓ આવવાથી ત્હેને ત્રાસ થાય તો મગજ ભમી જવાનો સભવ છે' તેથી સ્વામી પણ ખાસ કરીને વધારે વાર હૉસ્પિટલમા ગયા નહોતા વિલસુએ હૉસ્પિટલમા જવા માટે ગુણવતલાલને કેટલીએ વખત કહ્યુ હતુ, પરતુ ત્હેમણે એને પણ ત્યહા આવવાની મના કરી હતી શંકર માત્ર નિશાળમાથી ઘેર જતી વખતે દરરોજ હૉસ્પિટલમા એક આંટો મારી આવતો.

માત્ર કનકરાય એક વખત હૉસ્પિટલમા આવ્યો નહોતો, એટલુજ નહિ પણ એ તો કૉલેજમા પણ જતો અટકી ગયો હતો શંકરે, વ્રજરાયને ત્ય્હાથી બનાવટી નોટોના સબધમા અકલ્પિત રીતે શોધ કર્યા પછી, નરેન્દ્રરાયે પોલિસમા જઇને તે વિષે ખબર આપ્યા પહેલા, ખાસ કાચી જેલમા જઇને તે કનકરાયને મળ્યો હતો. તે વખતે કનકરાયે સઘળી વાત કબૂલી અને સાથે સાથે એ પણ જણાવ્યુ કે, “ મ્હને જમનાએજ એ ખોટી નોટો આપી હતી, પરતુ એ વાત કરવાથી હું વેશ્યાગામી છુ એ વાત જાહેર થઇ જાય તેથીજ મ્હે ખાસ કરીને એ વાત કોર્ટમા કહી નહોતી. ”

પોતાનો ભાઇ નિર્દોષ ઠરીને છૂટયો એ વાત જાણ્યા પછી વીણાને કઇક ઠીક લાગ્યુ હતુ, તોપણ તેથી ત્હેના મનમાં ચાલી રહેલી સતત વિચારમાળા અટકી નહોતી સ્વામી અને ભારતી-મૈયાના ભાષણ, બિહારીની સ્થિતિ અને પોતાનુ કર્તવ્ય એ સબધ-નાજ વિચારોની ઘટમાળ ત્હેના મગજમા ફરી રહી હતી

એક દિવસે બપોરના વખતે કોર્ટમા કઇ કામ ન હોવાથી, કલબમા બેશી રહેવા કરતા વિલસુને મળી આવવુ તે ઠીક એમ ધારી નરેન્દ્રરાય ગુણવતલાલના ઘેર ગયો હતો. તે વખતે ગુણવંત-લાલ હૉસ્પિટલમા હતા તથા શંકર નિશાળે ગયો હતો અને વીણા દિવાનખાનાની બાજુની એક કોટડીમા બારણા પાસે ઉભી ઉભી શૂન્ય દૃષ્ટીથી આકાશ તરફ જોઇ રહી હતી. તે વખતે દિવાન-ખાનામા કઈ ખડખડાટ થતા કોણ આવ્યુ હશે, તે જોવાના ઉદ્દેશથી વીણા એ કોટડીમાથી દિવાનખાનામા પડતા બારણાની પાસે જઇ ત્હેની ફાટમાથી જોવા માડી, તો અદર નરેન્દ્રરાયને જોયો નરેન્દ્રરાય દિવાનખાનાની મધ્યમા મૂકેલા આરસના ગોળ ટેબલ પાસેની ખુરશી ઉપર બેઠો હતો ટોપી ઉતારીને ત્હેણે ટેબલ ઉપર મૂકી હતી અને મુખમડળ ઉપર વળેલો પ્રસ્વેદ રૂમાલવડે સાફ કરતો હતો. થોડી વાર બેઠા છતા ત્યહા કોઇ ન જણાવાથી તે ઉઠીને દિવાનખાનામા લટકતા ફોટાઓ જોવા માડયો, એટલામા વિલસુ ત્યહા આવી પહોચી.

“ કેમ, હવે ઘેર કય્હારે આવવાનો વિચાર છે ? ” વિલસુને જોઇને પાછા ખુરશી ઉપર બેસતી વખતે નરેન્દ્રરાયે પૂછ્યુ.

" હુ તો આવવા તૈયાર છુ " ટેબલ પાસે આવીને ઉભી રહેતા વિલસુએ કહ્યુ, " પરતુ બાપુજી કહે છે કે ઘરમા વીણાભાભી એકલાજ છે, માટે ભાઇ સારા થઇને ઘેર આવે ત્યહા સુધી—"

" એટલે શુ વિહારી સારો થઇને ઘેર આવ્યા પછી આખો દિવસ એ ત્હારી ભાભી પાસે બેશી રહેશે એમ ત્હને લાગે છે ? "

" આખો દિવસ બેશી નહિ રહે તોપણ—" ટેબલપર પડેલી ટોપીને હાથમા લઈ આમતેમ ફેરવતા ફેરવતા વિલસુ બોલી

" તો પણ શુ ? "

" જેવો ત્હેમનો પ્રેમ હશે તેમ વર્તશે જો વધારે પ્રેમ હશે તો આખો દિવસ બેશી રહેશે ! " હાથમાની ટોપીને આગળી એ ચડાવી ગોળ ફેરવતા ફેરવતા વિલસુએ હસ્તા હસ્તા કહ્યુ

" એને તો ઘણોએ પ્રેમ છે, પણ ત્હારી ભાભીનો પ્રેમ ક્યહા છે ? " એટલામા કઇક યાદ આવ્યુ હોય તેમ ત્હેણે ધીમેથી કહ્યુ " પણ વિલસુ, ત્હારી ભાભી ક્યહા છે ? અહિ તો નથીને ! નહિ તો આપણી વાત સાભળશે ! "

" નહિ, એ તો એમના ખડમા બેઠા હશે "

" તો પછી દિવાનખાનાનુ બારણુ બધ કરીને અહિ આવજો !"

વિલસુએ પતિની આજ્ઞા પ્રમાણે તુરત દિવાનખાનાનુ બારણુ બધ કર્યુ

વીણા પેલી તરફની ઓરડીમા હશે એવુ વિલસુએ માની લેવામા ભૂલ કરી હતી. કારણ એ તો દિવાનખાનાની બાજુનીજ રૂમમા હતી, એટલુજ નહિ પરતુ ત્હેના બારણા પાસે ઉભી રહીને ત્હેમનુ સભાષણ પણ સાભળી રહી હતી

વિલસુ બારણુ બધ કરીને નરેન્દ્રની પાછળ આવીને ઉભી રહી

" ત્યહા કેમ ઉભી–આમ આવને " એમ કહીને નરેન્દ્રે પાછળ હાથ લબાવીને વિલસુની સાડીનો છેડો પકડયો

" અરે લગાર સબુર કરો મ્હને આ વિખરાઇ ગયેલા ત્હમારા વાળ તો સરખા કરવા દ્યો ! " એમ કહીને ટોપી કાઢતા નરેન્દ્રના વિખરાઈ ગયેલા સેથાને ઠીક કરવા માડી

વિલસુ વાળ ઠીક કરે છે એમ ધારીને નરેન્દ્ર થોડો વખત સ્તબ્ધ રહ્યો. વિલસુએ વાળ ઠીક કર્યા છતા પણ તે માથા ઉપર આમતેમ હાથ ફેરવતી ચુપચુપ ઉભી જ રહી

બહુ વખત થઇ ગયો એમ જોઇને નરેન્દ્રે માથુ ઉચુ કરીને જોયુ, તો વિલસુ સસ્મિત વદને ત્હેની તરફ જોઇ રહી હતી તે જોઇને નરેન્દ્રે પોતાના બન્ને હાથ ઉંચા કરી વિલસુના ખભા ઉપર મૂકયા અને ત્હેને લગાર આગળ ખેંચીને, પત્નીના લજ્જાથી આરક્ત બનેલા વદનને સ્નેહની ઉષ્માથી હુંફાળા બનેલા ચુમ્બનો વડે વધુ આરક્ત બનાવી દીધુ. એ સઘળી ઘટના બારણાની ફાટમાથી વીણાએ સ્પષ્ટ રીતે જોઇ તે સાથે ત્હેનુ મુખમડળ પણ રક્તરગે રગાઈ ગયુ. પતિપત્નીના નિસ્સીમ પ્રેમનુ એવુ ચિત્ર ત્હેણે આજ પહેલી વાર જ નિહાળ્યુ.

એટલામા દિવાનખાનાનુ બારણુ કોઇએ ખખડાવ્યુ, તે સાથે જ પતિના બાહુ બંધમાથી મુક્ત થઇને વિલસુ બારણુ ઉઘાડવા ગઇ, તો બહાર ભારતીમૈયા તથા સ્વામીજીને ઉભેલા જોયા

સ્હવારે વિલસુ આશ્રમમા ગઇ હતી, તે વખતે ‘ કાલથી તો ભાભી મ્હારી સાથે સારી રીતે વાતોચિતો કરે છે ’ એવુ ત્હેણે મૈયાને કહ્યુ હતુ તે વાત મૈયા માર્ફત સ્વામીજીએ જાણી હતી, એટલે જ ત્હેઓ ખાસ અત્યારે વીણાને મળવા માટે આવ્યા હતા ‘ હવે વીણાએ વાતચિત કરવા માડી છે’ એટલુ સાભળ્યા પછી ત્હેનુ વર્તન જરૂર સુધરશે એવી સ્વામીને ખાત્રી થવા લાગી હતી, અને પોતાના ઉપદેશનુ એના મન ઉપર ઠીક પરિણામ થયુ હશે એમ ત્હેને લાગ્યુ હતુ હવે તે બોલવા માડી છે તો પછી ત્હેની શકાનુ સમાધાન કરી શકાશે એમ ત્હેમને ખાત્રી થઇ હતી તેથીજ ત્હેઓ એ જાતનો પ્રયત્ન કરવા માટેજ અહીં આવ્યા હતા.

સ્વામી અને ભારતીમૈયા દિવાનખાનાના બારણા ઉઘડતાજ અંદર આવ્યા, એટલે નરેન્દ્રરાયે ત્હેમને વદન કર્યું સ્વામીએ ત્હેને **ચિરાયુભવ** કહીને આશીર્વાદ આપ્યો, અને અતિશય પ્રેમથી વિલસુ-ને મસ્તકે હાથ ફેરવ્યો

“ વિલસુ, ત્હારી ભાભી ક્યહાં છે ? ” ભારતીમૈયાએ અંદર આવતા વારજ પૂછ્યુ.

"એમની કોટડીમા છે બોલાવુ કે ?"

"ના, અહિં બોલાવવાની આવસ્યકતા નથી." એમ કહીને સ્વામી, વીણાના ખંડ તરફ જવા માંડયા તે જોઇને બાજુની કોટડીના બારણા ઉઘાડી વીણા જાતેજ આગળ આવીને ઉભી રહી

"તુ અહિંજ છે કે ?" વીણા નમસ્કાર કરતી હતી તે વખતે સ્વામીજીએ આશ્ચર્યથી પૂછ્યુ અને 'દિર્ઘાયુ થઇ સૌભાગ્ય સુખ ભોગવ' એવો આશીર્વાદ આપીને ત્હેમણે કહ્યુ "બેટા, મ્હારી પાસે બેસ ત્હારો ભાઇ ત્હેના માથે આવેલા આળમાથી નિર્દોષ થઇને છુટયો એ સમાચાર સાભળીને અમ્હને આનદ થયો, તો ત્હને તો કેટલો બધો આનદ થયો હશે ? હવે માત્ર વિહારી સારો થઇને જલદી ઘેર આવે એટલે આપણા બધાના આનદનો પાર નહિ રહે અત્યહારે તો વિહારી હતાશ સ્થિતિમા હૅાસ્પિટલમા પડયો છે તેથી ત્હારા મનમા અતિશય ચિંતા થયા કરની હશે, એ અમ્હે સારી રીતે સ્હમજીએ છીએ "

એટલુ કહીને સ્વામી એક ખુરશી ઉપર બેઠા અને પોતાની બાજુની ખુરશી ઉપર વીણાને તથા ત્હેની બાજુની ખુરશી ઉપર વિલસુને બેસવાની ત્હેમણે ઇશારત કરી તે જોઇને ત્હેમને બેસતા સકોચ ન થાય એમ ધારીને નગેન્દ્ર બહારની અગાશીમા ગયો અને ભારતીમૈયા પણ ત્હેની પાછળ ગયા

"નરેન્દ્રરાય, તે દિવસે ખોટી નોટો બનાવવા માટે ત્હમે જે મનુષ્યને પકડયો છે, ત્હેનુ નામ ત્હમે જાણ્યુ ?" મૈયાએ અગાશીમા આવતાજ નરેન્દ્રને પૂછ્યુ

"હાજી એનુ નામ વ્રજરાય તે પહેલા દેસાઇજીના ઘેર નોકરીમા હતો "

"વ્રજરાય એ કઇ ત્હેનુ ખરૂ નામ નથી "

"ત્હમે શા ઉપરથી કહો છો? મૈયા, શુ ત્હમે એને ઓળખો છો ?"

"હુ એ માણુસને બહુ સારી રીતે ઓળખુ છુ " ગભીર સ્વરે મૈયાએ કહ્યુ, "હુ તો ઓળખુ છુ એટલુજ નહિં પરતુ સ્વામીજી સુદ્ધા એને સારી રીતે ઓળખે છે "

"આ શુ ખરૂ કહો છો ? તો પછી એનુ ખરૂ નામ શુ ?" નરેન્દ્રરાયે ઉત્સુકતાથી પૂછ્યુ, "જો એણે ખોટુ નામ ધારણ કર્યુ હોય તો તો એ બડો કારસ્થાની હોવો જોઇએ "

"હોવો જોઇએ એવી શકા શા માટે ?—છે જ એ કારસ્થાની. જો ત્હેના ભયકર કૃત્યોની વાત ત્હમે જાણો તો ત્હમારા સર્વાંગે રોમાચ થઈ જાય પરતુ જવાદો હવે એની વાત ! જગતમાં ઇશ્વર સાક્ષાત્ છે અને ત્હેના દરબારમા સત્યાસત્યનો નિર્ણય થઇ જાય છે મનુષ્યના ખરા ખોટા કર્મોનો ન્યાય કરવા માટે પ્રભુએ એક દિવસ તો નક્કી કરેલોજ હોય છે એ રીતે ત્હમારા બ્રજરાયના ખરા ખોટા કૃત્યોનો ન્યાય કરવાનો નક્કી કરેલો દિવસ હવે કઇ ઘણો દૂર નથી હવે ત્હેને બહુજ થોડા વખતમા પોતાના પાપ-પુણ્યનો હિસાબ આપવો પડશે" એટલુ કહીને ભારતીમૈયા પુન. દિવાનખાનામા આવ્યા. અને ત્હેમની એ જાતની વાત નબધે વિચાર કરતો નરેન્દ્ર અગાશીની દિવાલને અઢેલીને ત્ય્હાજ ઉભો રહ્યો

ભારતીમૈયા અદર આવ્યા તે વખતે વીણા તથા વિલસુને સ્વામી ઉપદેશ આપી રહ્યા હતા તે કહેતા હતા— "સનાતન ધર્મ પણ એજ કહી રહ્યો છે કે—

> **यत्र मे न,यते भर्ता स्वयं वा यत्र गच्छति ।**
> **मयापि तत्र गन्तव्यमेष धर्म सनातनः ॥**

"બેટા ! પતિના સુખ અને દુ ખમા ભાગીદાર થવુ, એજ પત્નીનો સનાતનધર્મ છે પાણિ ગ્રહણનુ મુખ્ય રહસ્ય એજ છે કે, ભાર્યા એ વખતે ગુરૂ, દેવતા અને વડિલજનો સમક્ષ પતિની 'સહ-ચારિણી' થવા બધાય છે સંસારમા પતિ–પત્ની એક જીવન રચી વહન કરે ત્હેનુજ નામ વિવાહ છે એવા વિવાહ થતા પાણિ ગ્રહણ-ની વિધિમા જે રહસ્ય મૂકવામા આવ્યુ છે, ત્હેનો અર્થ ઘણોજ વ્યાપક છે. એવીજ રીતે સહચારિણીનો અર્થ પણ વિશાળ છે ત્હે પાણિગ્રહણ કરતી વખતે સાત પ્રતિજ્ઞાઓ લીધી છે એ તો તુ વિસરી ગઇ નહિં હોય એમા ત્હે એવી પ્રતિજ્ઞાઓ લીધી છે કે "સર્વ સુખ-દુ ખનો ત્હારી સાથે વિભાગ કરવામા આવે છે જ્ય્હા તુ ત્ય્હા હું પણ તેવીજ રહીશ, બાળકથી તે વૃદ્ધ સુધીના આ કુટુબનુ હું રક્ષણ કરીશ અને જે છે અને જે નથી તે હું જોઉં છુ ભર્તા ઉપર ભક્તિમા હું નિત્ય રત થઇશ તથા સદાય પ્રિયભાષિણી થઈશ. સુખ દુઃખની સમભાગિની થઇશ ને ત્હારી આજ્ઞાઓ પાળીશ. ઋતુ-કાળે શુચિસ્નાત થઇ ત્હારી સાથે ક્રીડા કરીશ હું પરપુરૂષની સ્હામે

પણ નહિં જોઉ, વિષ્ણુ ભગવાનની સાક્ષીથી હું કહું છુ કે ત્હેં મ્હને આ લગ્નમાં છેતરી નથી અને આપણા બન્ને વચ્ચે પ્રીતિ થઇ ચૂકી છે અને હોમયજ્ઞાદિ કાર્યોમા તેમજ ધર્માર્થ કાર્યોમા હુ ત્હારી સહાયિની થઇશ બેટા! પતિ સદ્ગુણી હો કે દુર્ગુણી, શરીરની ખોડવાળો હો, શ્રીમાન હો કે દરિદ્રી હો પરંતુ ત્હેને પૂજ્ય માની, ત્હેના સુખ દુ ખમા આનદથી ભાગિદાર થવુ, પતિ એજ આપણા ઐહિક સુખ, વૈભવ, સ્વર્ગસુખ કિબહુના પ્રાણનુ પણ આશ્રય સ્થાન છે એમ માનીને રહેવુ, અને પતિથી કદી પોતાનો વિયોગ ન થાય ત્હેમ પ્રભુ પાસે પ્રાર્થના કરવી એજ પતિવ્રતાનુ ઉચ્ચ ધ્યેય છે બ્હેન! જ્યહા એવી રીતે વર્ત્તી, પતિ–પત્ની આનદ મા જીવન ગાળે છે તેજ કુટુબ ઉપર પ્રભુની કૃપા રહે છે મનુ ભગવાને પણ કહ્યુ છે કે —

> " ભર્ત્તા સતુષ્ટ ભાર્યાથી, ભાર્યાથી તેમજ,
> સદાયે કુલમા જ્હેહ ત્યાજ કલ્યાણ શાશ્વત "

"મહાભારતકારે પણ કહ્યુ છે કે " પત્ની એ પતિનુ અર્ધું અગ છે, ત્હેની સાચી સખિ છે એવી સ્નેહાળ સખિ તે સદ્ગુણ, આનદ અને દ્રવ્યનો અનત ઝરો છે, સ્વર્ગના સુખ પ્રાપ્ત કરવામા પતિની સાચી સહાયક માત્ર પત્નીજ છે ખરેખર કહીએ તો પત્ની એ એકાન્તમા મિત્ર સમાન, શિખામણ આપતા પિતા સમાન, દુ ખના વખતે માતા સમાન અને જીવનના અન્ય પ્રસગોમા ત્હેને અનુકૂળ બનનારી છે." એવી પત્નીઓએ મ્હે હમણા કહ્યુ ત્હેવુ પતિવ્રત પાળી પોતાના પત્નીપદનુ સાર્થક કરવુ જોઇએ આખી દુનિયા જ્હેના નામને વદન કરે છે તે સાવિત્રીના ચારિત્રનુ મુખ્ય રહસ્ય એજ છે —

> न कामये भर्तृविना कृता सुखम् ।
> न कामये भर्तृविना कृता श्रियम् ।
> न कामये भर्तृविना कृता दिवम् ।
> न भर्तृविना व्यवसामि जीवितम् ॥

એટલે પતિવિના સુખ, વૈભવ, સ્વર્ગ અને પ્રત્યક્ષ પ્રાણ પણ નકામા છે, એમ યમરાજને કહીને પતિવ્રતાનુ શ્રેષ્ઠ ધ્યેય ત્હેણે જગતની સ્ત્રીઓ સમક્ષ મૂકયુ છે. અને બેટા, એના એ ધ્યેયથી,

તું જહેમના અનુકરણે ચાલવા માગે છે તે આગ્લનારીઓ પણ અંજાઇ ગઇ છે, અને આપણી ભાષાના એ સૂત્રો પોતાની ભાષામા ઉતારી પચાવવા માડયા છે સ્વ રોમેશચદ્ર દત્તે અગ્રેજી ભાષામા ઉતારેલા સાવિત્રિ ચરિત્રમાની નીચેની કડીઓ વાચી એ ભોગભૂમિમા વસતી સ્રીઓ પણ અજાઇ જાય છે —

" But I may not chose but
    follow where thout takest
        my hnsband's life;
For Eternal Law devides not
    loving man and faithful wife!
* * *
Four fold are our human duties
    first, to study holy lore,
Then to line as good house holders
    feed the himgry at our door;
Then to pass our days in penance,
    last to fix our thoughts above,
But the final goal of virtue,
    It is Trtuh and deathless Love!"[1]

સમજી બેટા?"

---

૧ ભાવાર્થ —" પરતું હું તો તુ (યમ) જ્યહા મ્હાગ પતિદેવના આત્માને લઇ જઇશ, ત્હાજ એમની પાછળ પાછળ આવવાનું પસંદ કરૂ છુ. કારણ કે સાશ્વત કાયદો સાચા દપતિને કદી વિખુટા પાડી શકતોજ નથી."

* * * *

" મનુષ્યના ચાર ધર્મ છે· પહેલા પવિત્ર શાસ્ત્રોનો અભ્યાસ કરવો, પછી ઉત્તમરીતે ગૃહસ્થોના ધર્મ પાળવા. આંગણે આવેલા ક્ષુધાતુર અતિથિઓને જમાડવા, તે પછી કૃત કર્મોનો પશ્ચાતાપ કરવામાં સમય ગાળવો અને છેલ્લે ઇશ્વર તરફ આપણા વિચારો સ્થાપવા, પરતુ સદ્ગુણોનું છેલ્લુ લક્ષ્યબિંદુ તો સત્ય અને ચિરંજીવ પ્રેમ એજ છે"

વિલસુ અને વીણા બન્ને જણીઓ સ્વામીજીનો ઉપદેશ લક્ષ્ય પૂર્વક સાભળી રહી હતી વીણાના મનમા વિચારોનુ તુમુલ યુદ્ધ મચ્યુ હતુ. થોડી ક્ષણો પહેલાજ ત્હેણે નરેન્દ્ર અને વિલસુનુ પતિ–પત્નીના નિસ્સીમ પ્રેમનુ દ્રશ્ય નજરે જોયુ હતુ, ત્હારથીજ ત્હેના મન ઉપર કોઇક ચમત્કારિક પરિણામ થવા માડયુ હતું. એવુ સુખ પોતાને સહજ પ્રાપ્ત થઇ શકે તેમ હોવા છતા પોતેજ ત્હેને હડસેલી કાઢયુ તે વિચાર ત્હેના મનમા તુર્ત આવ્યો, તે સંબધે તે વિચાર કરી રહી હતી, એવામાજ સ્વામીજી આવ્યા અને ભાર્યાનુ ખરૂ કર્તવ્ય શુ હોવુ જોઇએ તે વિસ્તાર પૂર્વક કહી સંભળાવ્યુ. એ રીતે ત્હેના મન ઉપર બન્ને બાજુએથી અસર થવા માડી તેથીજ ત્હેના મનમા વિચારોનુ તુમુલ યુદ્ધ જામ્યુ હતુ એ પ્રકાર કળી જતા સ્વામીજીએ વધારે વાર ન લગાડી અને પોતે ધાર્યું કાર્ય કર્યું છે એવા સતોષ સાથે ત્હેમણે સહજ સ્મિત વદને ભારતીમૈયા તરફ જોયુ સ્વામીજીના એ જોવામા શો અર્થ રહ્યો છે તે વાત ભારતીમૈયા પણ તુરત સ્હમજી ગયા. વીણાની મનોભૂમિ ઉપર પોતે આઠ દિવસ પહેલા જે બી વેરી મૂકયા હતા, ત્હેને આજ અકુર ફૂટયા છે અને હવે ત્હેના સગોપનનુ કાર્ય ત્હમારી તરફ છે, એજ સ્વામીજીના જોવાનો હેતુ હતો

તે હેતુ સ્હમજી જઇને ભારતીમયાએ વીણાને ઉદ્દેશીને કહ્યુ "બેટા ! સ્વામીજી કહે છે તે અક્ષરશ સત્ય છે." ભારતીમૈયા બોલવા માડયા એટલે સ્વામીજી ઉભા થઇને બહાર ગયા અને અગાશીમા ઉભેલા નરેન્દ્ર પાસે જઇને વાતે વળગ્યા ભારતીમૈયાનુ ભાષણ ચાલુજ હતુ —"પતિ શિવાય સતીની ગતિ નથી એ વાત ખરી છે. પતિ એજ સ્ત્રીને માટે અત્યત મૂલ્યવાન દાગિના છે પોતાને ગમે તેટલા કષ્ટ પડે છતા પતિના સુખ માટે કાર્ય કરવુ તે આર્ય સ્ત્રીનો પરમ ધર્મ છે. પતિના સુખમા સુખ માનવુ, પતિના આનદમા આનદ માનવો, પતિના દુ ખમા પોતાનુ દુ ખ સમજવુ, સકટ સમયે પતિને ધીરજ આપવી, માદગીમા પતિની માતા પ્રમાણે સુશ્રુષા કરવી અને કોઇ પણ રીતે ત્હેને દુ ખ ન થાય તે રીતે વર્ત્તવુ એજ સતી નારીનો ધર્મ છે. બેટા, ત્હને સાસરે વળાવતી વખતે ત્હારી સહિયરોએ શુ ગાયુ હતું તે ત્હને યાદ છે ? એમણે કહ્યુ હતું કે'—

સાસરિયું તુજ સ્વર્ગ સમું ગૃહતીર્થ જો !
બલિહારી સખી રે ત્હારા સંસારની·
સસરાજી સ્હવારનું નિર્મળ નામ જો !
સાસુ ત્હારા સુરતરૂશી છાંયડી,
જેઠ ગૃહજીવનનું જમણું અંગ જો !
જેઠાણી સખી ! સ્નેહ વરસતી વાદળી,
દીયરજી લાડકવાયા રસબાળ જો !
દેરાણી ઉભરાતી વાડી ફુલની,
નણુદી નીતરતો અમીનો અભિષેક જો !
નણુદોઇ સંસાર દીપક નંદનાવડું,
વીર મ્હારો શરદ પૂનમનો ચંદ જો !
બે'ન મીઠી ધવલ ચળકતી ચંદની,
કુટુમ્બ–કલ્લોલે ડોલે દિક્પાલ જો !
બાલુડો પરમેશ્વરનું પારવડું,
કંથ ત્હારા પરમ પ્રભુનું પાત્ર જો !
પાત્ર પૂજક તું અલબેલાની આરસી.[1]

"બ્હેન, ત્હારી સખીએ ગાયા પ્રમાણે તું ત્હારા પરમપ્રભુના પાત્ર રૂપી કંથની પાત્રપૂજક અલબેલી આરસી બની રહે, એમાંજ ત્હારૂં પરમ સૌભાગ્ય છે."

વીણાને હવે વધારે ઉપદેશની જરૂર નહોતી સ્વામી અને ભારતીમૈયાના ઉપદેશના ભડિમારથી ત્હેના મનમાં ભરાઇ બેઠેલા બાલિશ વિચારો છિન્નભિન્ન થઇ ગયા હતા ત્હેનું સૂક્ષ્મ મન હવે જાગૃત થવા માંડ્યું હતું તે બોલવાનો પ્રયત્ન કરવા લાગી હતી, અને તે માટે તે હીલચાલ પણ કરવા માંડી હતી.

---

૧. 'લગ્નગીત.'

પ્રકરણ ૪૬ મું.

વિહારીને ત્રાસ થયો.

She is far from the land where the young
hers sleeps,
And lovers around her are sighing,
But coldly she tearns from their gaze,
and weeps,
For her heart in his grane is eying.

(Moore)

"બૈયા મ્હને ત્ય્હાં લઇ જાઓ છો ?"

"ક્ય્હાં ?"

"હૉસ્પીટલમાં"

ઉપરનો પ્રશ્ન વીણાએ એટલી મૃદુવાણીથી પૂછ્યો હતો કે, ત્હેના મનની ખરી સ્થિતિ ત્હેના પ્રત્યેક શબ્દ સાથે વ્યક્ત થતી હતી વીણાએ એ પ્રશ્ન પૂછ્યો તેથી ભારતીમૈયાને લગારે આશ્ચર્ય ન થયું. કારણ પહેલે દિવસે વીણાના સંબધમાં જ્ય્હારે ત્હેમણે સ્વામીજી આગળ વાત કરી ત્ય્હારે 'પ્રયત્ન કર્યો હોય તો વાળુકામાંથી પણ તેલ નીકળે' એ સ્વામીજીએ કહેલું વાક્ય ત્હેમના સ્મરણમાં હતું તે અમૂલ્ય વાક્યની આજ ત્હેમને પ્રતીતિ થઇ હતી.

"બેટા, ત્હારી ઇચ્છા હોય તો ચાલ, આપણે જઇએ. થા તૈયાર." ત્રણના ટંકોરા ઘડીઆળમા થયા તેજ વખતે ભારતી મૈયા, વિલસુ અને વીણાએ હૉસ્પિટલમા પગ મૂક્યો. તે વખતે વિહારી નિદ્રાધીન થઇ ગયો હતો ગુણવંતલાલ ત્હેના ઓશિકા પાસે એક ખુરશી ઉપર બેઠા હતા. ભારતીમૈયાની સાથે પોતાની પુત્રવધૂને આવતી જોઇને, ત્હેમને આશ્ચર્ય અને આનંદ થયો. તે ખુરશી ઉપરથી ઉઠયા અને અતિશય પોચે પગલે બારણા પાસે આવ્યા. ત્હેમના મુખમંડળ ઉપર આશ્ચર્યની રેખાઓ એ વખતે પણ સ્પષ્ટ જણાતી હતી.

"બેટા, તું આવી એ જોઇને મ્હને ઘણોજ આનંદ થાય છે." વીણા તરફ જોઇને રાયજીએ કહ્યું "વિહારી હમણાંજ ઉંઘી ગયો છે હવે ત્હેની તબિયત સુધરતી જાય છે તોપણ હજી એના મગજનું ઠેકાણું નથી બેટા, જો ત્હે પહેલેથીજ આવી કાળજી રાખી હોત તો ત્હમે બન્ને જણું બહુજ સુખી થાત અને તે જોઇને મ્હને કેટલો બધો આનંદ થાત ? પણ બનનાર વાત બની ગઇ, હવે તે સબંધે વિચાર કરવા કરતા ભવિષ્યમા ફરીથી એવુ ન થાય એટલુ સંભાળીએ ત્હોએ ઘણું છે મૈયા, ત્હમે વીણાને લઇને અંદર જાઓ. વિલસુ, તુ થોડીવાર અહિંજ ઉભી રહે એકદમ બધા અંદર જઇશુ તો નર્સ બૂમ મારશે"

વિલસુ ગુણવંતલાલની સાથે બહાર ઉભી રહી અને વીણાને મૈયા અંદર લઇ ગયા વિહારી નિદ્રાધીન હતો છતા પણ ત્હેના બિછાના પાસે જતાજ વીણાની છાતી જોસથી ધડકવા લાગી અત્હારે પોતે બાલ્યકાળે જ્હેની સાથે રમતી હતી એવા ન્હાનપણના સાથી દાર પાસે અથવા તો વચ્ચે તુચ્છ માનેલા વિહારી પાસે નથી, પરંતુ પોતાના પતિદેવ—જ્હેની હાલની દુઃખદાયક સ્થિતિ માટે સર્વ રીતે પોતેજ જોખમદાર હતી, તે પોતાના નિદ્રાધિન થયેલા પતિદેવ-પાસે પોતે છે, એવુ ત્હેનું જાગૃત થયેલુ સૂક્ષ્મમન ત્હેને કહેતુ હતુ. અને પોતાના કઠોર વર્તન માટે પોતાનેજ સ્વગત ઉપાલંભ આપી રહ્યુ હતુ તે ઉપાલંભને કારણેજ વિહારીના બિછાના પાસે જતા ત્હેને એક પ્રકારની લજ્જા આવતી હતી, ક્ષોભ થતો હતો. ધીરે ધીરે મન દૃઢ કરીને તે બે ગડલા આગળ ગઇ અને પોતાના નિદ્રસ્થ પતિદેવની પાસે જઇ, ત્હેના નિસ્તેજ મુખ મંડળ તરફ અચળ દૃષ્ટિથી જોઇ રહી નિદ્રાધીન હોવા છતા ત્હેના મનમા થતા વિવિધ વિચારોના જૂદી જૂદી જાતના પ્રતિબિંબ પ્રત્યેક ક્ષણે ત્હેના મુખ-મંડળ ઉપર જણાઇ આવતા હતા ઘડીમા ત્હેના ભાલપ્રદેશમા કરચલીઓ પડતી, તો ઘડીમા ભમરો ઉંચે ચડતી. ઘડીમા મુખ મુદ્રા ઉપર હાસ્યની છટા ફેલાઇ રહેતી તો બીજીજ ક્ષણે શોકની ગ્લાનિ-ભર્યા ચિહ્નોથી એ ખિલી રહેલું મુખકમળ નિસ્તેજ બની વિલુ થઇ જતું. તેના ચહેરા ઉપર થતાં આ અત્યંત સૂક્ષ્મ પરિવર્ત્તનો વીણા બારીક નજરે નિહાળી રહી હતી. થોડીક ક્ષણોમા તો ત્હેની દૃષ્ટિ વિહારીના મુખમંડળ ઉપર એવી અચળ સ્થિર થઇ ગઇ કે,

આજૂબાજૂની સઘળી વાતો તે ભૂલી ગઇ પોતે ક્યાં છે ને શુ કરે છે એનુ પણ તે ભાન ભૂલી ગઇ અને ચારે તરફ પતિદેવનાજ દર્શન તે કરવા લાગી અને

शुभं दृष्ट्वा सुधातुल्यं कान्तं पश्यति सुंदरी ।
सस्मितं वदनं कृत्वा भक्तिभावेन यत्नत ॥ [1]

તે રીતે પોતાના કાન્તના દર્શનમા તે તલ્લિન બની ગઇ અને થોડા સમય પહેલા સ્વામીશ્રીએ પતિદેવની ભક્તિના વર્ણવેલા સૂત્રોના ભાવાર્થ મન સાથે ગણુગણી રહી હતી "મ્હારૂ ભરણ પોષણ કરનાર, મ્હારા મસ્તકના મણિરૂપ, મનને શાત રાખનાર, ઇદ્રિયોને જીતનાર અને સર્વ દેવના આશ્રયરૂપ મ્હારા પ્રાણવલ્લભ ! હુ આપને પ્રણામ કરૂ છુ [2] મ્હારા પ્રાણપરાયણ, બ્રહ્મસ્વરૂપ નમન કરવા યોગ્ય, પૂજવાલાયક અને હૃદયના આધાર ! હુ ત્હમને વદન કરૂ છુ [3] મ્હારા પાચે પ્રાણના અધિદેવ, મ્હરા નેત્રના રત્ન, મ્હારા જ્ઞાનના આધાર અને પરમાનદરૂપ પ્રાણનાથ ! ત્હમને હું પ્રણામ કરૂં છુ [4] ખરેખર, મ્હારે માટે તો ત્હમેજ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર સ્વરૂપ છો. નિર્ગુણના આધાર છો અને પરબ્રહ્મ છો, માટે હું આપનેજ વદન કરૂ છુ આવી લાગણીથી પતિદેવની પ્રાર્થના કરતા ત્હેને કૃત કર્મ માટે પસ્તાવો થયો, એટલે પોતાના એ દોષની નિદ્રાધિન પડેલા પતિ સમક્ષ

---

૧ ભાવાર્થ —" (પતિવ્રતા) સુદરી ભક્તિભાવથી હસ્તુ મુખ રાખી અમૃતતુલ્ય કલ્યાણકર જણાતા પોતાના કાન્તને જુએ છે

૨ સરખાવો —

ॐनम कान्तायभर्त्रे च शिरश्चन्द्रस्वरुपिणे ।
नमः शान्ताय दान्ताय सर्वदेवाश्रयाय च ॥

સરખાવો —

૩ **नमो ब्रह्मस्वरुपाय सतीप्राणपरायच ।**
नमस्याय च पूज्याय हृदयाधाराय ते नम ॥

૪ **पंचप्राणाधिदेवाय चक्षुषस्तारकाय च ।**
ज्ञानाधाराय पत्नीनामानंद रुपिणे नम ॥

૫ **पतिर्ब्रह्मा पतिर्विष्णु पतिदेव महेश्वर ।**
पतिश्च निर्गुणाधारो ब्रह्मरुप नमोस्तुते ॥

ક્ષમા યાચતા ત્હેણે મનમાજ કહ્યુ. “ હે ભગવાન ! જાણે અજાણે મ્હારાથી થયેલ એ દોષ ક્ષમા કરો. હે પત્નીબન્ધો ! હે દયાસિન્ધો ! હું આપની દાસી છુ એવુ મ્હને હવે ભાન થયુ છે માટે મ્હારો એ દોષ ક્ષમા કરો. ”[૧] વીણાની આ એકતાનતા બાજુમા ઉભેલા ભારતીમૈયા પણ કળી ગયા એટલી તે અત્યારે બાહ્ય જગતના ભાનવિનાની બની ગઇ હતી ખરેખર, અત્ય્હારે તે પતિઘેલી બની હતી અને પોતાની થયેલી ભૂલ માટે અત્યત શરમાતી—પસ્તાતી હતી એટલામા મનનો પ્રેમાવેગ અટકાવી ન શકવાથી ત્હેણે ધીરે રહીને પોતાનો હાથ વિહારીના કપાળ ઉપર મૂકયો એ હસ્તસ્પર્શ દ્વારા થયેલા પત્નીના સુધાસમ સ્નેહના સિંચનથી એકદમ વિહારી જાગી ગયો ! તુરતજ વીણાએ પોતાનો હાથ લઇ લીધો. વિહારી હાલચાલ કરવા લાગતાજ તે બાજુમા મૂકેલા પડદાની પાછળ જતી રહી તે નિદ્રાધિન હતો ત્હા સુધી ત્હેની પાસે ઉભા રહેવાની વીણાએ હિમ્મત કરી હતી, પરતુ તે જાગૃત થતાજ વીણાના હાથપગ પાણી પાણી થઇ જવા લાગ્યા, ત્હેની છાતી જોસથી ઉછળવા લાગી, ત્હેના ભાલ પ્રદેશમા ધર્મબિન્દુ ચમકવા લાગ્યા વિહારી સાથે કઠોર વર્ત્તન ચલાવનાર ત્હેનુ અપરાધી મન ત્હેને ધીરે ધીરે પાછળ ધકેલવા માંડયુ.

“ મ્હને આ શુ થયુ ? ” આખો ચોળતા વિહારીએ ઉડા ઉતરી ગયેલા મદસ્વરે કહ્યુ, “—વીણા ! ” ત્હેણે પોતાના કપાળ ઉપર હાથ મૂકી ત્હેને દબાવ્યુ અને પછી હાથ ઉચો કર્યો હજી સુધી ત્હેણે પોતાના નેત્રો ઉઘાડયા નહોતા તે ઉપરની છત તરફ આગળી ધરી રહ્યો. વીણા પડદાની બાજુમા ઉભી ઉભી સઘળુ જોઇ રહી હતી

વિહારી બડબડવા લાગ્યો “ મ્હારા હૃદયમા દૃઢ આસન લઇને બેઠેલ મ્હારા હૃદય દેવતાએ—મ્હારી વીણાએ મ્હારા મસ્તકને પોતાના કલેશપરિહારક શીતલ હસ્તનો સ્પર્શ કર્યો. ઓહો ! વ્હાલી, વ્હાલી, મૂક મૂક ફરીથી ત્હારો એ અમૃતતુલ્ય ઔષધિથી ભરેલ શીતલ હસ્ત મ્હારે મસ્તકે મૂક. વ્હાલી—લલાટે રાખ કર ત્હારો પછી આ તાપ પ્યારો—ત્હારા એ સ્નિગ્ધ પ્રેમથી ભિંજાયલા હસ્ત-

---

૧. क्षमस्व भगवन् दोषं ज्ञानाज्ञान कृतं च यत् ।
पत्नीबन्धो दयासिन्धो दासीं दोषं क्षमस्व मे ॥

સ્પર્શથી મ્હારા સર્વાંગ ઉપર સુખના રોમાચ ખડા થઇ ગયા છે. વીણા, ત્હારો મૃદુ હસ્ત એવીજ રીતે મ્હારા આ તપ્ત કપાળ ઉપર ઘડીભર રહેવા દે ત્હારો હાથ અમૃતવલ્લી છે એથી મ્હારૂ તપી રહેલુ, તૂટુ તૂટુ થઇ રહેલુ મગજ ઘડી ભરમા શાન્ત થવા માડયુ છે, મ્હને સુખ થવા લાગ્યુ છે, મ્હારી વેદના બંધ થઈ ગઈ છે હવે હુ સુખસાગરમા તરવા લાગ્યો છુ ઓહોહો ! હવે હું સપૂર્ણ સુખી થયો ! પ–ણ–હુ આ શુ જોઉ છુ ?" વિહારીએ છત તરફ અગુલિ નિર્દેશ કરીને કહ્યુ ત્હેના સ્વરમા એકદમ પરિવર્તન થઇ ગયુ "અરેરે ! પેલા દિવ્ય પ્રકાશમા વીણાને મ્હારી તરફ તિરસ્કારથી જોતા મ્હે નિહાળી વીણા, તુ મ્હારી તરફ આવી કઠોર દૃષ્ટિથી શા માટે જૂએ છે ? આ દુર્દૈવી વિહારીને પ્રેમ તુ ઓળખી શકતી નથી કે ?-મ્હારો પ્રેમ જુદો છે એમ ત્હને લાગે છે કે ? મ્હે હૈસાબજીને પૈસા આપીને એ પ્રેમ ખરિદી લીધો એમ ત્હને લાગે છે કે ? ખરેખરજ ત્હારી ભૂલ છે ! વીણા ! પ્રેમ એ શું એજ ત્હને ખબર નથી તુ ખરેખર હતભાગિની છે ! પ્રેમ એ અત્યત અમૂલ્ય વસ્તુ છે તે ત્હારાથી સ્હમજાતુ નથી. એમા હુ નાઇલાજ છુ પણ એટલા માટે તુ મ્હારી તરફ આવી તિરસ્કાર ભરી દૃષ્ટિથી શા માટે જૂએ છે ? જો–જો–વીણા તુ ગમે તેવી દૃષ્ટિથી મ્હારી તરફ જો, તોપણ આ પ્રેમી વિહારી તો ઉઠતા, બેસતા, સુતા, ખાતા, પીતા, સદા સર્વદા ત્હારી ઉપર પ્રેમજ કરી રહેશે મ્હારૂ જીવન પ્રેમ માટે છે હું પ્રેમ માટે જન્મ્યો છુ અને પ્રેમ માટેજ હુ મરનાર છુ વીણા, પ્રેમ એજ જગતનો આત્મા છે, પ્રેમ એજ જગતનુ બધન છે જ્યહા પ્રેમ નથી ત્યહા સુખ નથી, જ્યહા પ્રેમ નથી ત્યહાં ઉત્સાહ નથી, પ્રેમ નથી જ્યહા ત્યહા મહત્વાકાક્ષા નથી, પ્રેમ નથી ત્યહા સ્વર્ગ પણ નથી અરે પ્રેમ નથી—"

એટલામા નર્સ આવી પહોચી બપોરને વખતેજ હૅાસ્પિટલના આગણામા ગુણવતલાલની ગાડી આવેલી જોઇને, બહાર ઉભેલા ગુણવતલાલને તે નર્સે કહ્યુ "મિસ્ટર ઝવેરી, આ શુ ભલા ! પેશન્ટ (દરદી) ને હવે ઓછામા ઓછા આઠ દિવસ સુધી તો પૂર્ણ વિશ્રાન્તિ આપવીજ જોઇએ છે હવે ન્હેની સ્મરણશક્તિ થોડી થોડી પાછી આવવા લાગી છે, પરતુ જો એ વખતે ત્હમારા માણસો આવીને એને ત્રાસ આપવા માડશે તો—"

બારણા પાસે ચાલી રહેલુ નર્સનુ આ ભાષણ વીણાના કાને પડયુ, એટલે અવાજ ન થાય એની સાવચેતી રાખીને ધીરે પગલે તે બ્હાર આવી ત્હેને જોઇને ગુણવતલાલે કહ્યુ. "આ વિહારીની વહુ છે. આજ પહેલ વહેલીજ એ અહિં જોવા આવી છે અને—"

"એમ કે ! આ મ્હારા 'પેશન્ટ' ડૉકટરના 'વાઇફ' (પત્ની) છે કે ?" એમ કહીને નર્સે વીણા તરફ ફરી હસ્તધૂનન કરવા માટે પોતાનો કર લબાવ્યો વીણાએ ત્હેના કર સાથે પોતાનો કર મેળવ્યો, અને ઉભયે પાશ્ચાત્ય રૂઢી અનુસાર શેકહેન્ડ (હસ્ત-ધૂનન) કરવા પછી નર્સે કહ્યુ

"ત્હમને જોઇને મ્હને અત્યત આનદ થાય છે બ્હેન, હવે થોડા દિવસ ધીરજ રાખો ત્હમારા પતિ હવે જલદી સારા થઇ જશે"

બ્હાર આ પ્રકાર ચાલી રહ્યો હતો ને અદર ભાગ્નીમૈયા વિહારીને જગાડવાનો પ્રયત્ન કરી રહ્યા હતા ત્હેમણે વિહારીને બે ચાર હાંકો મારી, ત્હેને ધીરે ધીરે હલાવી જોયો, તો પણ તે જાગૃત ન થયો, પરતુ માત્ર ત્હેનો બડબડાટ બધ થયો તે જાગૃત નથી થતો જોઇને મૈયા નિરાશ થઇ ગયા કારણ ઘેરથી નીકળની વખતે સ્વામીએ ત્હેમને કહ્યુ હતુ કે 'વીણા પોતાની ઇચ્છાથી હૉસ્પિટલમા આવી છે એવુ જો વિહારી જાણે અને ત્હેને નજરે જૂએ તો ત્હેનુ ફરી ગયેલુ મગજ તત્કાળ ઠેકાણે આવે' અને તેટલા માટેજ વિહારી વીણાને આવેલી જૂએ તેથી મૈયા એને જગાડવાનો પ્રયત્ન કરતા હતા પરતુ ત્હેમા નિરાશ થતા અને બ્હાર નર્સને આવેલી જોતા તે બ્હાર ગયા ત્હેમણે ગુણવતલાલને એક તરફ લઈ જઇને વીણા પોતાની સાથે આવવા કેવી રીતે તૈયાર થઇ હતી તે અને નીકળતી વખતે સ્વામીએ જે સલાહ આપી હતી તે કહી સંભળાવ્યુ ગુણવતલાલને પણ સ્વામીનુ કહેવુ ખરૂ લાગ્યુ વિહારી-ના મગજની સ્થિતિમા થયેલા ફેરફારનુ મૂળ કારણ પ્રેમનિરાશા છે, એટલે તે પ્રેમનિરાશાને સ્થાને આશાના દર્શન કરાવી ત્હેને પૂર્વવત્ બનાવવા માટે વીણાનુ સાન્નિધ્ય એજ ખરેખર ઔષધ છે, એવુ ત્હેમને લાગ્યુ. એટલે ત્હેમણે નર્સને એક બાજુએ બોલાવી, ત્હેને વિહારીના સંબધની સઘળી ખરી હકિકત સંક્ષેપમા

કહી સભળાવી. તે સાભળી નર્સે વીણા તરફ જોઇને ધીમેથી કહ્યુ "મિસ્તર ઝવેરી, ત્હમે કહો છો તે મ્હને તો ખરૂ લાગતુ નથી. એના મ્હો ઉપરથી જોતા તો તે પ્રત્યક્ષ પ્રેમ–મૂર્તિ હોય ત્હેમજ જણાય છે એના શ્યામવર્ણા સુન્દર નેત્રો—"

"એમ હશે" ગુણવતલાલ વચ્ચે બોલી ઉઠયા, "કદાચ તે પ્રેમની મૂર્તિ હશે ! પણ ત્હેનો પ્રેમ મ્હારા વિહારી ઉપર ક્ય્હા છે ? જો હોત તો તો આ પ્રસગ કદી આવતજ નહિં"

"ધીમે ધીમે એ પણ ઠેકાણે આવે છે આમ ધીરજ ના છોડશો પણ મિસ્તર ઝવેરી, 'પેશન્ટ'ને પહેલા આપણે 'ત્હારી વહુ આવી છે' એવુ કહીએ અને ત્યાર પછી વીણાને અદર લઇ જઇને ઉભી કરીએ નહિં તો કદાચ એકદમ એને જોઇને એનું માથુ ઉલટુ ફરી જશે"

નર્સનો એ યુક્તિવાદ ગુણવતલાલને પણ રૂચ્યો એટલે બધાને બહાર ઉભા રાખી પોતે નર્સની સાથે અદર ગયા નર્સે વિહારીને ધીમે રહીને ઢઢોળ્યો, પરતુ ત્હેણે આખ્યો ન ઉઘાડી એટલે ત્હેણે ધીરે ધીરે હાકો મારી તોપણ તે જાગૃત ન થયો છેવટે ત્હેણે પોતાના રૂમાલનો એક છેડો પાણીમા ભિંજાવ્યો અને ભિજાયલો ભાગ થોડીવાર ત્હેના માથા ઉપર મુકયો તે પ્રયોગ સફળ થયો.

"પિતાજી—"અડધી આખો ઉઘાડી વીહારી મદ સ્વરે બોલ્યો, "પિતાજી કેટલા વાગ્યા ?" એમ કહીને ત્હેણે સ્હામે જોયુ" હુ હજી અહિજ છુ કે ? પિતાજી, મ્હને અહિ કેટલા દિવસ થયા ?"

"ભાઇ, તુ હજી અહિં ઇસ્પિતાલમા જ છે હવે તુ સારો થાય એટલે આપણે ઘેર જઇશુ હવે ત્હને કેમ છે ભાઇ ?"

"પિતાજી, હુ તો હવે ઠીક થઇ ગયો છુ, પરતુ હું અહિ કેટલા દિવસથી છુ ?"

"ભાઇ, ત્હને અહિ આઠ દિવસ થયા" આમ કહીને ગુણ-વતલાલે ત્હેના ઉપર વાંકા વળી, ત્હેના કાન પાસે પોતાનુ મ્હો લઇ જઇને ધીરેથી કહ્યુ, "વિહારી, વીણાને જોવાની ત્હારી ઇચ્છા છે ? હુ એને અહિં લાવુ ?"

"શુ ?—પિતાજી, ત્હમે શુ કહ્યુ ? 'વીણાને અહિં લાવુ ?'

ત્હમે વીણાને અહિ લાવશો ?–શુ એ વાત કદીએ બને એવી છે કે ? મ્હારી આવી મરણની સ્થિતિમા પણ જે પોતાની ઇચ્છાથી મ્હને જોવા માટે આવી નથી, જ્હેને મન નથી, અત કરણ નથી તે–તે વીણા ત્હમારા કહેવાથી અહિ આવશે એવુ ત્હમને શી રીતે લાગે છે ? નહિ, નહિ, એ વાત કદી પણ બને ત્હેવી નથી "

"સબુર–બેટા, તુ આમ સતત્પ ન થા શાત થા." એમ કહીને ગુણવતલાલે ત્હેના કપાળ ઉપર હાથ ફેરવ્યો. "આમ મગજ તપાવી નાખી તુ ત્હારી જાતને શા માટે ત્રાસ આપે છે ? મ્હારૂ કહેવુ તુ શાતપણે સાભળ આજે વીણા પોતાની મેળેજ અહિ ત્હને જોવા આવી છે ત્હેની માથે મૈયા પણ આવ્યા છે. તે કહે છે કે વીણા હવે તો નૈસર્ગિક પ્રેમની પુતળીજ બની ગઇ છે ત્હેના પહેલાના ઉછાછળા વિચાર તદ્દન બદલાઇ ગયા છે, અને તે પોતાની ઇચ્છાથીજ અહિ આવી છે."

"એમ કે ? શુ એમ હશે ?" ગભીર સ્વરે વિચાર કરતા વિહારીએ કહ્યુ, "એ–વીણા, અહિ આવી છે કે શુ ?–હા–હા ! બાપુજી, મ્હને પણ થોડા વખત પહેલા એવો ભાસ થયો હતો ખરો. પ–ણ, એ બનવુ સભવિત છે ? ત્હમે કહોછો એ શુ ખરેખરી વાત છે ? વીણા–" એટલુ કહીને વિહારીએ આખ્યો મિચી દીધી

વિહારીની ફરીથી બોલવાની ગુણવતલાલે બહુ વખત સુધી વાટય જોઇ, પરતુ તે કઇ જ બોલ્યો નહિ એટલે ગુણવતલાલે ત્હેને હાક મારી. પણ નર્સે નાકપર આગળી મકી ત્હેમને નહિ બોલવાની ઇશારત કરી, અને ત્હેમને ધીમેથી એક બાજૂએ બોલાવી ત્હેણે કહ્યુ, "હવે કઇપણ બોલતા નહિ ! પહેલી વખત ત્હેના મનપર થવુ જોઇએ તેટલુ પરિણામ થયુ છે. હવે એની 'વાઈફ'ને ઘેર જવા દો. હવે 'પેશન્ટ'ને વિશ્રાતિનીજ જરૂર છે"

પ્રકરણ ૪૭ મું.

પરિવર્તન.

The rose is fairest when 'tis budding new,
And hope is brightest when it dawns from fears.
The rose is sweetest washed with mowing dew;
And love is loveliest when embalmd in tears

(Scott)

વીણાના વિચારોમા સંપૂર્ણ પરિવર્તન થઇ ગયુ ! ત્હેના ઉછાછળા, બાલિશ અને હલ્લડ વિચારોમા સમ્પૂર્ણ સ્થિત્યતર થયુ એક તરફ વિચારોથી કઠોર બનેલા ત્હેના અત કરણ રૂપી ખડક ઉપર આ આઠ દિવસમા ઉપદેશના તીવ્ર પ્રહારો થવાથી ધીમે ધીમે તે ખડકે જમીનનુ સ્વરૂપ ધારણ કર્યું ત્હેમા વિલસુ અને નરેન્દ્રના શુદ્ધ પ્રેમનુ ચિત્ર જોઇને તે જમિનમા નૈસર્ગિક રીતેજ વિહારીના સાત્વિક પ્રેમ મેરૂમાથી એક કણુ આવીને રોપાયો, તે સાથેજ ત્હેના મનમા વિહારી માટે પ્રેમવૃત્તિ ઉત્પન્ન થઇ, અને પરિણામે તે પોતાના પતિને હૉસ્પિટલમા જોવા ગઈ ત્હ્યા ગયા પછી વિહારી મૂર્ચ્છાવસ્થામા હોવા છતા પણ પોતાના માટે ત્હેણે અસિમ અને શુદ્ધ પ્રેમના કાઢેલા ઉદ્‌ગાર સાભળ્યા પછી ત્હેના મનમા એ જાતનુ પરિણામ થાય ત્હેમા કઈ નવાઇ પણ નથી

પતિના પ્રેમનુ મૂલ્ય હવેજ તે આકી શકી હવે ત્હેને સ્ત્રી-જન્મના પોતાના કર્તવ્યનુ ભાન થયુ વિહારી શિવાય હવે બીજો એકે વિચાર ત્હેના મનમા થતો નહોતો હવે તે પતિને પરમપ્રભુનુ પાત્રજ માનવા લાગી હતી, અને પોતાના પતિના આરોગ્ય માટે તે ડગલેને પગલે પ્રભુને પ્રાર્થના કરતી થઇ હતી ભૂતકાળમા ભારત-વર્ષની સતિ સ્ત્રીઓએ પતિને સકટ મુકત કરવા માટે શા શા કાર્યો કર્યા હતા તે હવે તે શોધવા માડી હતી. ત્હેનો ગર્વ સમૂળો ગળી ગયો હતો તે હવે ખરેખરી આર્યપત્નીનુ પદ પામવાને યોગ્ય બની હતી

જીવનમા પહેલીજ વખત આ જાતના અતિશય વિચારથી ત્હેના શરીર ઉપર ત્હેનુ પરિણામ આવ્યુ. હૉસ્પિટલમાથી આવ્યા પછી સતત વિચારોથી ત્હેનુ માથુ ભમી આવ્યુ રાત્રીએ બિછાનામાં સૂતા છતા પણ ત્હેની નજર સમક્ષ હૉસ્પિટલમાનો દેખાવજ તરવરી રહ્યો હતો પલગ ઉપર પોતાનો પતિ સૂતો છે, ત્હેના કપાળ ઉપર પાટો બાધ્યો છે ત્હેની મુખમુદ્રા તદ્દન નિસ્તેજ અને નિ સત્ત્વ જણાય છે, પોતે ત્હેની આશાનો તતુ તોડી નાખેલો હોવા છતા, બેશુદ્ધ સ્થિતિમા પણ તે પોતાનો અસીમ પ્રેમ વ્યક્ત કરી રહ્યો છે, તે ચિત્ર ત્હેના નેત્રો સમક્ષ સ્થિર થઇ ગયુ હતુ આખી રાત તે એજ વિચારમા લીન બની ગઇ હતી, અને 'મેઘદૂત'માની યક્ષપત્નીની માફક **दूरी भूते मयि सहचरे चक्रवाकीमि वैकाम**[1]ની માફક પોતાને ગણીને તડફડતી હતી એકજ દિવસમા ત્હેના શરીરમા પણ શિશિર ઋતુએ મસળી નાખેલી પદ્મિનીની માફક વિલક્ષણ ફેરફાર થઈ ગયો હતો. બારીમાથી આવતો ઠડો વાયુ ત્હેના અગ ઉપર થઇને વહી રહ્યો હતો, પરતુ એનુ પણ ત્હેને ભાન નહોતુ છેવટે પ્રાત કાળને શુમારે જ્યારે ઠડીથી ત્હેને કમકમી ચડી આવી ત્ય્હારેજ ત્હેણે રજાઈ ઓઢી પરતુ આખી રાત વેઠેલા ઠડા પવનની અસર થયા વિના ન રહી !

સ્હવારના સાત વાગી ગયા હતા. હજી સૂધી ભાભી ઉઠયા કેમ નહિ તે જોવા માટે વિલસુ ઉપર આવી ત્હેણે વીણાના ખડમા પગ મૂકયો તે વખતે કોઇને દુ ખથી સિત્કાર કરતુ સાભળ્યુ. ત્હેણે આગળ વધીને 'ભાભી' 'ભાભી' કહીને હાંકો મારવા માડી, પરતુ વીણાએ કઇ પણ ઉત્તર ન આપ્યો. એટલે પલગ પાસે જઇ, મચ્છરદાની ઉચકી અદર સૂતેલી વીણાના શરીર ઉપર ઓઢેલી શાલ દૂર કરી ત્હેણે ત્હેના કપાળ ઉપર હાથ મૂકી જોયો તો તે તાપથી તપી જતુ જણાયુ વીણા તાવને લીધે બેફામ પડી હતી.

ગુણવતલાલના દુ ખનો હવે તો પાર ન રહ્યો. સુડી વચ્ચે સોપારી જેવી ત્હેમની દશા થઇ. એક તરફ વિહારી માંદો અને બીજી તરફ વીણા અને વચ્ચે વૃદ્ધ બિચારા ગુણવતલાલને દોડાદોડી કરવાની. એમ આઠ દિવસ ત્હેમને બહુજ કષ્ટ વેઠવુ પડયુ, પરંતુ

---

૧. અર્થ:—'દૂરે તેનો સહચર છતે, એકલી ચક્રવાકી.'

સંતોષની વાત એટલીજ હતી કે પાછલા બે દિવસથી વિહારી સારી રીતે શુદ્ધિમા આવ્યો હતો. તે પોતાના પલગ ઉપર બેસી શકતો હતો ત્હેની પાસે આખો વખત એક માણસ બેઠુ ને બેઠુ રહેતું, છતા તે કોઇની સાથે વધારે બોલતો નહોતો જો નરેન્દ્ર આવ્યો હોય તો ત્હેની સાથેજ થોડી ઘણી વાતચિત કરતો નહિ તો બધો વખત તે પોતાના વિચારોમાજ મશગુલ રહેતો વીણાની માદગી વિષે ત્હેને ખબર નહિ આપવાની નર્સ તથા ડૉકટરે સહુને સખ્ત તાકિદ આપી હતી, એટલે નરેન્દ્ર પણ માત્ર ઘણુ ખરૂ એક બે દિવસમા સેશન સમક્ષ રજૂ થનારા બનાવટી નોટોના મુકદ્દમા સબધમાજ વાતચિત કરતો

“નરેન્દ્ર, હું તો હવે અહિ તદ્દન કટાળી ગયો છુ” એક દિવસે સધ્યા સમયે પલગ ઉપર બેઠા થતા વિહારીએ કહ્યું, “હવે તો ઘેર જાઉં તો ઠીક એમ લાગે છે માથાનો જખમ તો તદ્દન રૂજાઇ ગયો છે અને હવે મ્હારાથી જમીન ઉપર પગ પણ મૂકી શકાય છે તો હમણા ડૉકટર સાહેબ આવે ત્યહારે ત્હેમને તુ પૂછી જોઇશ ?”

“હા પૂછીશ” નરેન્દ્રરાયે કહ્યું, “પણ ભાઇ, મ્હને તો એમ લાગે છે કે તુ હજી બે દિવસ ઉતાવળ ન કરે તો સારૂ”

એટલામા નર્સ સાથે ડૉકટર ત્યહા આવી પહોચ્યો. ત્હેણે હમેશ પ્રમાણે વિહારીને તપાસ્યો તે પછી ધીમે રહીને વિહારીની ઇચ્છા પ્રમાણે નરેન્દ્રે ડૉકટર આગળ વાત છેડી એટલે વિહારી તરફ જોઇને ડૉકટરે કહ્યુ, “ત્હમે હવે અહિ કટાળી ગયા હશો એ હુ જાણુ છુ, પરતુ ત્હમે પોતે પણ ડૉકટર છો તો હું ત્હમને પૂછુ છુ કે, ત્હમારા જ્હેવી સ્થિતિનો કોઇ દરદી ત્હમારી દેખરેખનીચે હોય ત્હેને ત્હમે ઘેર જવાની પરવાનગી આપશો કે ?–જરૂર નહિ આપો ખરૂ કે નહિ ? કારણ હજી ત્હમારાથી આ પગ જોઇએ તે રીતે જમીન પર મૂકી શકાતો નથી તો પણ હવે જો ત્હમારી એવી ઇચ્છાજ છે તો પરમ દિવસે હુ ત્હમને ઘેર જવાની રજા આપીશ”

બે દિવસ તો જોતજોતામા નીકળી ગયા વીણાની તબિયત પણ એટલા વખતમા તદ્દન સારી થઇ ગઇ હતી અને આજે વિહારી ઘેર આવવાનો છે તે વાત જાણ્યા પછી તો ત્હેના મનની સ્થિતિમા અણધારેલુ પરિવર્તન થઇ ગયુ હતુ એક રીતે ત્હેના મનને

આનંદ થતો હતો, તોપણ ત્હેના મનમાં ન કળી શકાય તે જાતના ભયની લાગણીનો ભાસ થતો હતો. ઘડીભર ત્હેનો ચહેરો પ્રફુલ્લિત જણાતો તો ઘડીમાં નિરાશાથી નિસ્તેજ બની જતો. સહુ કરતાં આજ ગુણવંતલાલને બહુ પરિશ્રમ વેઠવા પડયો હતો. સેશનકોર્ટ સમક્ષ બનાવટી નોટો વાળો મુકર્દમો આજેજ શરૂ થયેલો હોવાથી નરેન્દ્રરાય અને દેસાઇજી કોર્ટમાં ગૂંચાઇ રહ્યા હતા, એટલે વિહારી-ને ઘેર લઇ જવાનું કામ એકલા ગુણવંતલાલને માથેજ આવી પડયું. ત્હેમણે વિહારીના શયનખંડમાં હૉસ્પિટલ જેવીજ સગવડી વ્યવસ્થા કરાવી દીધી. આજ ઘરના નોકર ચાકરોને પણ આનંદ થયો હતો. શંકર તો આજે નિશાળે પણ ગયો નહોતો ને સ્હવારથી આનંદથી નાચીકૂદી રહ્યો હતો. અગિઆર વાગે શંકર કોર્ટમાં સાક્ષી આપવા ગયો. તે પછી બે વાગ્યાના સુમારે ગુણવંતલાલના જણાવ્યા પ્રમાણે વિહારીને લેવા હૉસ્પિટલ તરફ ગાડી રવાના થઇ. સ્વામી, ગુણવંતલાલ અને બે નોકરો હૉસ્પિટલમાં હતા. ગુણવંત-લાલે હૉસ્પિટલના નોકર ચાકરો અને નર્સોને, પોતાના હાથે ત્હેમની મહેનતનો બદલો આપી ખુશી કર્યા અને હૉસ્પિટલના ફંડમાં પાંચસે રૂપીઆ નાખ્યા. તે પછી વિહારીને લઇને બધા ઘેર આવ્યા. તે વખતે ત્રણ વાગી ગયા હતા. ગાડી બંગલામાં આવીને ઉભી રહી કે તુર્તજ એક ભાડાનો ટાંગો અંદર આવ્યો. ત્હેમાંથી કોર્ટનો સિપાહી નીચે ઉતર્યો અને ગુણવંતલાલના હાથમાં એક પત્ર મૂકયો. પત્ર ફોડીને વાંચતાજ ગુણવંતલાલના મુખમંડળના ભાવો બદલાવા લાગ્યા!

"આ શો ચમત્કારિક બનાવ છે?" આશ્ચર્યથી ગુણવંતલાલે કહ્યું. "સ્વામી, આ તો જુઓ નરેન્દ્રનો પત્ર! તે લખે છે કે આ મુકદ્દમામાંથી ચમત્કારિક વાતો બહાર આવી છે. ત્હમે, સ્વામી અને મૈયા હમણાંને હમણાંજ કોર્ટમાં આવો!"

"મ્હને તથા મૈયાને કોર્ટમાં બોલાવ્યા છે?" સ્વામીએ વિસ્મય પામતાં પૂછયું, "આ શી ભાંજગડ હશે તે મ્હારાથી તો કંઇ સ્હમજાતું નથી! કોર્ટની સાથે અમારો શો સંબંધ હશે?"

"પણ સ્વામીજી, જ્યહારે નરેન્દ્રે લખ્યું છે ત્યહારે કંઇપણ મહત્ત્વનું કારણ તો હશેજ. માટે જવું તો જોઇએ!"

ગુણવંતલાલે તે પછી ધીમે રહીને વિહારીને હાથનો ટેકો

આપીને ગાડીમાથી ઉતાર્યો જમણા પગે તે હજી લગડાતો હતો. તે પોતાની જાતે પાચ–દશ ડગલા ચાલી શકે એટલી પણ એનામા શક્તિ નહોતી ત્હેનો ચહેરો નિસ્તેજ થઇ ગયો હતો અને આખો ઉંડી ઉતરી ગઇ હતી ધીરે ધીરે વિહારી બારણામા પ્રવેશ્યો ત્હા વિલસુ અને ત્હેની સહેજ પાછળ બારણા આગળ **વીણા** ઉભી હતી વિહારીએ વિલસુને જોતાજ 'કેમ, વિલસુ ઠીક છે ને ?' એમ પૂછ્યુ પરતુ ત્હેની પાછળ ઉભેલી **વીણા** ત્હેની નજરે ન પડી ત્હેણે જમણો હાથ ગુણવતલાલના ખભા ઉપર અને ડાબો સ્વામીજીના ખભા ઉપર મૂકયો હતો તે બન્નેના ટેકા વડે તે ધીરે ધીરે લગડાતો ચાલતો હતો વચ્ચે વચ્ચે થોડો વખત વિશ્રાતિ લેતો એમ કરતા કરતા છેવટે ત્હેઓ મેડે પહોચ્યા વિહારીને એના શયનખડમા લઇ ગયા વિલસુએ એક આરામ ખુરશી લગાર આગળ લાવીને મૂકી ત્હેના ઉપર વિહારી બેઠો

"વિલસુ, હવે અમે કોર્ટમા જઇએ છીએ ત્હમે ભાઇની પાસેજ રહેજો અહિથી ક્યહાઇ પણ જશો નહિ" પછી વિહારીને કહ્યુ, "ભાઇ ત્હને બહુ શ્રમ પડયો છે, થોડુ દૂધ લઇશ ?"

ખરેખર વિહારીને અતિશય શ્રમ પડયો હતો તે આરામ ખુરશીમા વિશ્રાન્તિ લેવા પડયો હતો ત્હેણે કહ્યુ "ના હમણા નથી જોઇતુ"

તે પછી ગુણવતલાલ અને સ્વામીજી કોર્ટમા જવા નીકળ્યા. નીચે દિવાનખાનામા **વીણા**ની પાસે ભારતીમૈયા ઉભા હતા, તે પણ ત્હેમની સાથે રવાના થયા

પ્રકરણ ૪૮ મુ.

ભેદ ખુલ્યો !

કોર્ટમા આજે વિશેષ ગર્દી કૉલેજના વિદ્યાર્થીઓની હતી. કનકરાય દેસાઇ ઉપર આવેલો ખોટી નોટો બનાવવાનો આરોપ ખોટો કરી ખરા ગુન્હેગારની આજે તપાસ થવાની છે, તે વાત જાણતાંજ કનકરાયના સઘળા મિત્રો આજે ખાસ કરીને કોર્ટમા આવ્યા હતા.

પરન્તુ તેથી તો કનકરાયને મરણતુલ્ય દુ ખ થયુ. પોતે વેશ્યાના ઘેર ગુપ્ત રીતે જતો હતો તે વાત હવે આખી દુનિયા જાણશે એ વિચારથી તે ક્ષણે ક્ષણે લજ્જાથી મસ્તક નીચુ નમાવી દેતો. એક વખત તો ત્હેના એક કૉલેજના મિત્રે હસ્તા હસ્તા બીજા મિત્રોની સમક્ષ કહ્યુ પણ ખરૂ કે " કનકરાયનો 'ટેસ્ટ' છે તો 'ફર્સ્ટ કલાસ' એમા તો શ કા નહિ એણે કનૈયા ઉપર ઘેલી થયેલી ગોપી જેવી જમના શોધી તો કાઢી, પણ છેવટે બિચારો સપડાયો !"

ભદ્રના મિનારામા અગિઆરના ટકોરા પડયા, તે સાથેજ એક અગ્રેજ જજ્જ સાહેબ આવીને કોર્ટમા દાખલ થયા જ્યૂરીની નિમણુક થઇ અને સરકારી વકીલે કોર્ટને મુકદ્દમાનો સાર કહી સ્હમજાવ્યો પહેલી દુકાનદારે સાક્ષી આપી, તે પછી ક્રમે ક્રમે શ કર, નરેન્દ્રરાય અને શ્યામલાલ સપાદકની સાક્ષીઓ લેવાઈ. જમનાએ તો પહેલા આપી હતી ત્હેવીજ આ વખતે પણ જુબાની આપી તેથી સઘળા સાક્ષીઓની જુબાનીઓ અહિં ઉતારી વાચકનો કાલક્ષેપ નહિં કરતા પ્રજાગે કોર્ટ સમક્ષ જે જે વાતો કહી તેજ માત્ર અમે નીચે ઉતારીએ છીએ. ત્હેણે કહ્યુ —

" હુ કોર્ટ સમક્ષ મ્હારા સઘળા ગુન્હા કબૂલ કરૂ છુ મ્હને હવે મ્હારા પાપ કર્મોનો પૂર્ણ પશ્ચાત્તાપ થયો છે હુ અત્ય્હારે જે નામથી કોર્ટ સમક્ષ ઉભો રહ્યો છુ તે મ્હારૂ ખરૂ નામ નથી મ્હે વારવાર વિવિધ નામો ધારણ કરીને દુનિયાની સાથે વ્યવહાર કર્યો છે બાર વર્ષ પહેલા હુ અમદાવાદમા હતો તે પહેલાના ચાર વર્ષ હુ × × × ઑફિસમા નોકરીએ હતો તે પછી નોકરી છોડી હુ અહિંની બે બૅન્કોનો એજન્ટ બન્યો હતો તે વખતે હુ એકદા પૈસાની અડચણમા આવેલો હોવાથી મ્હારે માથે મ્હોટુ સકટ ઉભુ થયુ હતુ તે સકટમાથી કેવી રીતે મુક્ત થવુ તે મ્હને મ્હારા એક 'વુડએન્ગ્રેવર' (લાકડા ઉપર કોતરકામ કરનાર) મિત્રે શીખવ્યુ. ત્હેણે મ્હને ખોટી નોટો બનાવવાની કલા શીખવી મ્હે તે વખતે પાચસો રૂપીઆની નોટો તૈયાર કરીને બેન્કમા લઇ જઇને વટાવી ત્ય્હા માધવલાલ નામનો એક ગરીબ કારકુન હતો. ત્હેને મ્હારી નોટો બનાવટી હશે એવી શ કા સુદ્ધા ન આવી, પરતુ મેનેજરની નજર બહાર તે વાત ન ગઈ. તે વખતે હુ કઇ કામનિમિત્ત મેનેજર પાસે બેશીને ત્હેની

સહીઓ લેતો હતો તે હાથમાની નોટો ઉલટાસુલટી કરીને જોતો હતો, તે જોતા મ્હે જે નોટો વટાવી હતી તેજ એ હતી એમ હું તત્કાળ સ્હમજી ગયો મ્હારા મનમા ધ્રાસ્કો પડયો પરતુ મ્હે એક નવી યુક્તિ શોધી કાઢી મ્હે ઉઠીને આગળ જઇ મેનેજર સાહેબ પાસેથી તે નોટો જોવા માગી, અને કેટલાક વખત સુધી ત્હેનુ નિરીક્ષણ કરવાનો ઢોગ કરીને કહ્યુ, "સાહેબ, પરમ દિવસે ત્હમારી કચેરીમાનો કારકૂન માધવલાલ મ્હારી પાસે આ નોટો બદલાવવા માટે આવ્યો હતો પરતુ મ્હને સશય પડવાથી મ્હે' તે બદલી આપી નહોતી આ નોટો બનાવટી છે એમ મ્હારૂ તો માનવુ છે મ્હારી આ વાતથી મેનેજરનો સશય વધુ દ્દઢ થયો તુર્તજ ત્હેણે પોલિસમા વર્દી આપી તે જોઇને હું પણ ગભરાઇ ગયો કારણ જો માધવલાલને પકડે તો જરૂર તે મ્હારૂ નામ દેવાનો એમ મ્હને લાગ્યુ. હવે શુ કરવુ એના વિચારમા હું પડયો, પરતુ એક ક્ષણવારમા તો મ્હે ત્હેનો ઉપાય શોધી કાઢયો એક કાગળ ઉપર 'ત્હમારા સાહેબને સશય આવ્યો છે અને પોલિસને બોલાવવા માટે સિપાઇ ગયો છે, માટે ગમે તે નિમિત્તથી એકદમ ઑફિસ છોડી ન્હાસી જાઓ. જો એક ક્ષણ પણ નકામી ગુમાવશો તો હાથમા બેડીઓ ઠોકાશે' એવુ લખીને તે કાગળ જતા જતા મ્હે માધવલાલના ટેબલ ઉપર નાખ્યો.

ચિઠ્ઠી વાચતાજ ગરીબ બિચારો માધવલાલ આગળ પાછળનો વિચાર કર્યા વિના ભયભીત બની જઇને પેશાબ કરવા જવાને બહાને ઑફિસમાથી બહાર ગયો અને કયાક ન્હાસી ગયો તે પછી હું તાબડતોબ મ્હારે ઘેર ગયો અને ખોટી નોટો બનાવવાનો એક ભાગેલો સચો, કેટલાક હથિયારો, શાહી અને કાગળો વગેરે ન્હાનકડી પેટીમા ઘાલીને, તે પેટી લઇને માવધલાલના ઘર આગળ આમ તેમ ફરવા લાગ્યો. જ્હાજે માધવલાલની વહુ રસોડામા રસોઈની ખટપટમા હતી તે વખતે ઘરમા પ્રવેશ કરવાની મ્હને તક મળી મ્હે સાવધાનતાથી એ વખતે તે પેટી ઘરમા ગોઠવી દીધી અને હું બહાર નીકળી ગયો બીજે દિવસે પોલિસની તપાસમા તે પેટી મળી અને ત્હેમણે માધવલાલને આરોપી ઠરાવ્યો."

એટલુ કહીને વ્રજરાયે જ્યુરી તરફ વળીને કહ્યુ. "સાહેબો! મ્હને મ્હારા એ કૃત્ય માટે હવે ઘણો પશ્ચાતાપ થયો છે. કારણુ ગરીબ બિચારા માધવલાલના કુટુબની તે પછી ઘણીજ ખરાબ

દશા થઇ. મ્હે એ ચાર વખત ત્હેને માટે તપાસ કરી, પરંતુ મ્હને એનો પત્તો ન મળ્યો તે પછી હુ મુંબાઈ ગયો ત્હા ૭ વર્ષ સુધી મ્હે જૂદા જૂદા ધધા કર્યા તે પછી હું પાછો અમદાવાદ આવતો હતો એવામા ગાડીમા મ્હારે પ્રતાપરાય દેસાઇ સાથે સમાગમ થયો. ત્હેમણે મ્હને એમના કારભારી તરીકે નોકરીમા રાખ્યો દેસાઇજીની સ્થિતિ ડામાડોળ થઇ ગઇ હતી એટલે ત્હેઓ જોઇતા ખર્ચ માટે ઘરમાના જરજવાહીરો ઉપર વ્યાજે નાણુા ઉપાડતા હતા. તે જોઇને મ્હારા મનમા નવીન લોભવૃત્તિ જાગૃત થઈ મ્હને એમ થયુ કે ફરીથી નોટો પાડવી શરૂ કરવી. દેસાઇજીને નામે તે નોટો વળગાડી ત્હેમના દાગીના પચાવવા. પરતુ તે બનવુ અશક્ય લાગ્યુ એટલે મ્હારો વિચાર મુલતવી રહ્યો તે પછી કનકરાય મ્હારી પાસે ઘણી વખત પૈસા માગવા લાગ્યા ત્હેમને આપવામા ખોટી નોટોનો ઉપયોગ કરવાનો મ્હે વિચાર કર્યો, પરતુ જો તે નોટો બનાવટી છે એમ જણાઇ જાય તો વળી મ્હારે ગળે બલા વળગે. એના કરતા કોઈ ત્રીજા માણસ માર્ફત કનકરાયને એ નોટો આપવાનો વિચાર કરી મ્હે જમનાને વચ્ચે નાખી તે પછીની બધી હકીકત તો જાણીતીજ છે'

તે પછી જજ્જ સાહેબે જ્યુરીને સવિસ્તર મુકદમો સ્હમજાવતા કહ્યુ “ આવા મુકદ્દમામા કનકરાય સરખો ઇનામદાર કુટુંબનો છોકરો અને કૉલેજનો વિદ્યાર્થી તથા મિ શ્યામલાલ જેવા એક માસિકના સપાદક જ્હેઓ વિદ્વાન અને સંભાવિત ગૃહસ્થ ગણાય ત્હેવાઓ સાક્ષી તરીકે આ રીતે કોર્ટ સમક્ષ આવે તે અતિશય ખેદજનક બિના છે હવે આ બનેલા પ્રસગ ઉપરથી ત્હેઓ યોગ્ય શિખામણ લઇ ભવિષ્યમા પોતાના વર્તન સુધારશે એવી મ્હને આશા છે” તે પછી ત્હેમણે જ્યુરી સમક્ષ મુકદ્દમાનો સાર કહી સભળાવ્યો જ્યુરી વિચાર કરવા એકાતમા ગઇ થોડીક ક્ષણોમા બધા એકમત થઇને કોર્ટમા આવ્યા અને એક ગૃહસ્થે ઉભા થઇને કોર્ટને કહ્યુ, “ આ મુકદ્દમામા વ્રજરાય પૂર્ણ રીતે ગુન્હેગાર છે અને જમના પણ તેની સહાયક હોવાથી ગુન્હેગાર છે એમ અમને જણાય છે ”

જ્યુરીએ મત આપ્યા પછી જજ્જ સાહેબે ચુકાદો આપતા આરોપીઓને શિક્ષા ફરમાવતા કહ્યુ, “ ખોટી નોટો બનાવી આપણી નામ. સરકારના નામે બીજાને છેતરવાના ગુન્હા માટે હુ હિંદી

કાયદા અન્વયે વ્રજરાયને સાત વર્ષની સખ્ત મજુરીનો સજા કરૂ છુ અને તે કામમા ત્હેને મદદ કરવાના ગુન્હા માટે જમનાને ત્રણ વર્ષની સખ્ત મજુરી સાથે સજા કરૂ છુ જે ત્હેમણે આજ-થીજ ભોગવવી ”

મુકદ્દમો પુરો થયો તે વખતે ત્રણ વાગવાનો શુમાર થયો હતો પોલિસોએ આજ્ઞા પ્રમાણે વ્રજરાય તથા જમનાને કોર્ટ બહાર કાઢયા. તે વખતે વ્રજરાયે નરેન્દ્રરાયને કહ્યુ, “ બૅરિસ્ટર સાહેબ, મ્હારી આપને હાથ જોડીને એક નમ્ર વિનતી છે. હવે અમને પોલિસ સાબરમતિની જેલમા લઇ જશે પરતુ હું મ્હારા કરેલા કર્મોના ફળ ભોગવવાનુ શરૂ કરૂ તે પહેલા કૃપા કરીને આપ મ્હારી એક ઇચ્છા પૂર્ણ કરો સત્યધર્માશ્રમવાળા સ્વામીજી અને ભારતીમૈયા સાથે મ્હારે કેટલીક વાતચિત કરવાની છે ત્હેમના મ્હે અક્ષમ્ય ગુન્હા કર્યા છે મ્હારા એ અપરાધ જાણશો ત્ય્હારે ત્હમે પણ કમ્પી જશો એટલા તે ભયકર છે. ત્હેઓ જ્હા સુધી મ્હને ક્ષમા નહિં કરે ત્ય્હા સુધી મ્હને શાતિ મળશે નહિં. માટે કૃપા કરીને એમને બોલાવો મ્હારી આટલી વિનતી અમાન્ય નહિં કરો એવી મ્હને આશા છે બેરિસ્ટર સાહેબ, સ્વામીજી તથા ભારતીમૈયા સાથે ગુણવંતલાલ ઝવેરીને પણ કૃપા કરીને બોલાવજો. ”

“ પરતુ પોલિસ હવે ત્હમને વધારે વાર અહિં રહેવા નહિં દે—પણ ઉભા રહો—” એમ કહી નરેન્દ્રરાય પુન કોર્ટમા ગયો અને કોર્ટને આરોપીની ઇચ્છા કહી સભળાવી તે કબૂલ કરવા કોર્ટને વિનતી કરી કોર્ટે તે માન્ય કરી આરોપીને છ વાગ્યા સુધી કોર્ટમા રાખવાની પરવાનગી આપી તે પછી નરેન્દ્રરાયે ગુણવતલાલને એક ચિઠ્ઠી લખી મોકલી ને તે તેમને પહોચી ગઇ હતી અને ત્રણે જણ કોર્ટમા આવવા નીકળ્યા હતા તે આપણે જોઇ ગયા છીએ.

થોડો વખત ગયો નહિ એટલામા તો ગુણવતલાલ, સ્વામીજી અને ભારતીમૈયા કોર્ટમા આવી પહોચ્યા ત્હેમને જોતાજ વ્રજરાય સ્વામીજીના પગ વચ્ચે પડી લોટવા લાગ્યો પછી તે બોલ્યો —

“ માધવલાલ, આ ચાડાળ હરિદત્તને ક્ષમા કરો ! આપના ઉપર બનાવટી નોટો તૈયાર કરવાનો આરોપ મૂકીને મ્હે આપને દુખના દરિયામા ધકેલી મૂકયા હતા, આપના કુટુબના નાશનું કારણ

હું જ બન્યો. આપના સંસારસુખને મ્હેં ધૂળધાણી કરી નાખ્યું. મ્હેં આપના અનંત અપરાધ કર્યા છે—"

"ઉઠો, હરિદત્ત ઉઠો." સ્વામીજીએ ત્હેને બેઠો કરતા કહ્યું, "મ્હે તો ત્હમને અંતઃકરણપૂર્વક ક્ષમા કરી છે દેસાઇજીને ત્હાંથી ત્હમે ગુણવંતલાલને બોલાવવા આશ્રમમા આવ્યા હતા તે વખતે જ મ્હે ત્હમને ઓળખ્યા હતા; પરંતુ ત્હમને દુઃખ આપવાની મ્હારી ઇચ્છા નહોતી નહિ તો ત્હમે કોણ છો તે એજ વખતે મ્હે દુનિયાને બતાવ્યું હોત. હવે જો ત્હમને કરેલા પાપકર્મોનો ખરેખરો પશ્ચાતાપ થયો હોય તો શુદ્ધચિત્તે તે દયાઘન પ્રભુ સાથે ઐક્ય કરો એટલે તે ત્હમારા સઘળા અપરાધો ક્ષમા કરશે "

"માધવલાલ, ત્હમે તો ત્હમારા દેહનુ સાર્થક કર્યું છે અને જ્યારે ત્હમે મ્હને ક્ષમા આપી છે તો પ્રભુ પણ જરૂર મ્હને ક્ષમા કરશે એવી મ્હારી ખાત્રી છે." એટલુ કહીને વ્રજરાયે ભારતીમૈયા તરફ ફરીને કહ્યું," નિર્મળા, ત્હે આ નીચ કૃષ્ણલાલને ઓળખ્યો કે ? મ્હે—ચાડાળે ત્હારા તારૂણ્યને ધૂળમા મેળવી, ત્હને મ્હે અનહદ કષ્ટ આપ્યુ છે. મ્હને હવે એ બધા માટે ઘણોજ પશ્ચાતાપ થાય છે. મ્હે કરેલા એ કાળા કર્મોનો હિસાબ આપવા સાત વર્ષ સુધી મ્હારે આ કાળી ડગલીઓ વાળાઓની નજર તળે રહેવાનું છે પરંતુ અહીથી જેલમા જતા પહેલા ત્હમારી સમક્ષ દીન બનીને હુ ક્ષમાની યાચના કરૂં છુ." એમ કહીને વ્રજરાય ભારતીમૈયાની સમક્ષ હાથ જોડીને અવનત શીરે ઉભો રહ્યો.

"કૃષ્ણલાલ, હું ત્હમને ક્ષમા કરૂ છુ. પરંતુ સ્વામીજીએ કહ્યું તે પ્રમાણે ત્હમે પ્રભુને શરણે જાઓ અને ક્ષમા પણ એનીજ માગો."

"એક અબળાના શ્રાપમાથી મુક્ત થયા પછી પ્રભુ મ્હને જરૂર ક્ષમા કરશેજ !" તે પછી વ્રજરાય શંકર તરફ ફર્યો ક્ષણભર ત્હેના મુખ તરફ જોઇ રહીને ત્હેણે કહ્યુ "શંકર, આજ ત્હે એક મ્હોટા ગુન્હેગારને ન્યાયાસન સમક્ષ લાવીને ઉભા કર્યો છે અને પવિત્ર ન્યાયને મદદ કરી છે. શાહબાસ ! ભાઈ, તું એ પ્રમાણે સદોદિત ન્યાયને ચાહતો રહેજે. જા—હવે ક્ષણભર તું બહાર જા. મ્હારે ગુણવંતલાલ સાથે કેટલીક વાત કરવાની છે" વ્રજરાયની તરફ જોતો જાતો શંકર બહાર ગયો. તે તદ્દન ગભરાઇ ગયો હતો.

ત્હેના ગયા પછી વ્રજરાયે ગુણવંતલાલને કહ્યુ: "ગુણવંતલાલજી, આપના ચરણે મ્હારી એક નમ્ર વિનંતિ છે. આપે આ

શંકરને નિરાશ્રિત અને બાપવિનાનો જાણીને ઉદાર આશ્રય આપ્યો તે માટે હું આપનો અત્યંત આભારી છુ ઝવેરી, શંકર બાપ વિનાનો નથી પરંતુ આ તહોમતદારના રૂપમા ઉભેલો હુંજ એનો બાપ છુ એવા સત્યપ્રિય બાળકનો પિતા કહેવડાવતા મ્હને લાજ આવે છે મ્હે મ્હારી નિરપરાધી સ્ત્રીને ઘણુજ કષ્ટ આપ્યુ છે શંકર એક વર્ષનો હતો તે વખતે હું એની માને એકલી જ ઘેર મૂકી નીકળી ગયો મ્હને પહેલા ઘણા ખરાબ છંદ લાગ્યા હતા, એટલે ઘર છોડીને આવ્યા પછી મ્હે બાપડા છોકરાની દરકારજ કરી નહિ એટલુજ નહિ, પરંતુ ત્હેમને વિષે કદી તપાસ સુદ્ધાએ કરી નહિ પહેલાં હું અમદાવાદ આવ્યો અને કૃષ્ણલાલ નામ ધારણ કરીને રહ્યો. તે વખતે નિર્મળાને અને મ્હારે ઓળખાણ થઈ તે પછી હુ હરિદત્ત એ ખરા નામે બૅન્કની એજન્સિ કરવા લાગ્યો મ્હારૂ ખરૂ નામ હરિદત્ત રામકૃષ્ણ જોશી છે તે પછી તો મ્હે ચાડાળે ઘણા લોકોને ફસાવ્યા-લૂટયા ત્હેમા સ્વામીજીનો—આ માધવલાલજીનો મ્હે સર્વનાશ કરી નાખ્યો. મ્હારા હાથે પુષ્કળ પાપકૃત્યો થયા છે એ સઘળા દુષ્ટ કૃત્યો અટકાવવા માટે મ્હારો શંકરજ કારણભૂત થયો એને મ્હે પ્રથમ આપને ઘેર જોયો તે વખતથીજ મ્હારૂ મન એની તરફ ઢળવા લાગ્યુ હતું ત્હેને એકાતમા મળી ત્હેને વિષે તપાસ કરવાની તક મેળવવાની હુ વાટય જોતો હતો, પરંતુ લગ્નની ધામધુમમા એવો પ્રસગજ ન મળ્યો. તે પછી મહિના પહેલા મ્હને એ રસ્તામા મળ્યો ત્હેનુ નામ પૂછતાજ મ્હને એની ઓળખાણ પડી ગઇ પછી મ્હે એની માના સબધમા તપાસ કરી, પરંતુ તે તો બિચારી મરી ગઇ એવુ ત્હેણે કહ્યુ તે સાથેજ મ્હને એક ચમત્કારિક ધક્કો લાગ્યો. મ્હે ત્હેને આપેલા કષ્ટોથીજ એનુ મરણ થયુ એટલે પર્યાયે હુજ ત્હેના મરણનુ કારણ થયો, એવુ મ્હને લાગવા માડયુ તે વખતથીજ મ્હારા મનનુ પરિવર્તન થયુ શંકરને મળી મ્હારી ત્હેને ઓળખાણ આપવી અને ત્હેને મ્હારી સાથે રાખી નવીન આયુષ્ય ક્રમનો આરંભ રત્નો એવો મ્હે નિશ્ચય કર્યો તે પ્રમાણે વર્તવા તુર્ત મ્હે દેસાઇ-જીના ઘરની નોકરી છોડી દીધી છેલ્લો જે દિવસે શંકરને લઇને હું મ્હારા ઘેર ગયો તે દિવસે હુ દૂધ લેવા માટે નીચે ગયો. એવામાં ત્હેણે સાહજિક જ તે પેટીમાનો એક ડબો ઉઘાડી નોટનુ બીણુ પોતાના ધોતીઆ ઉપર મારી લીધુ. એમ અકલ્પિત રીતે સત્ય છેવટે પ્રકાશમા આવ્યુ અસ્તુ હવે ગુણવંતલાલજી, આપની પાસે

મ્હારી એટલીજ માગણી છે કે, આપ મ્હારા શંકરને સંભાળતા આવ્યા છો તે રીતે ભવિષ્યમાં પણ સંભાળજો. ઇશ્વરકૃપાએ તમારે કંઇ કમી નથી. શંકર હુશિયાર અને બુદ્ધિમાન છોકરો છે. ત્હેને કૃપા કરીને મ્હારી ઓળખાણ ન આપશો. પોતાનો બાપ આટલો દુષ્ટ છે એ વાત જો તે જાણશે, તો ત્હેના કુમળા મન ઉપર ધક્કો લાગશે. એમ સ્હમજીનેજ મ્હે અત્યારે એને બહાર મોકલ્યો છે."

ભદ્રના ઘડીઆળમાં છ વાગવાની શરૂઆત થઇ પહેલો ટકોરો પડતાજ પોલિસો ગડબડ કરવા લાગ્યા તે જોઇને વ્રજરાયે પોતાનું બોલવું પુરૂં કર્યું ગુણવંતલાલે ત્હેની વિનંતી પ્રમાણે શંકરને પુત્રવત્ ગણી પોતાને ત્હાં રાખવાનું એને આશ્વાસન આપ્યું પુનઃ એક વખત જતાં જતાં વ્રજરાયે સ્વામીજી તથા ભાગ્તીમૈયાની ક્ષમા માગી.

વ્રજરાયના મુખેથી સાંભળેલી વાતોનો વિચાર કરતું આ મંડળ પણ ઘેર જવા નીકળ્યું પ્રિય પાઠક ! આપણી કથામાંના રહસ્યનો અહિંજ સ્ફોટ થઇ ગયો ! ચાલો હવે આપણે વીણા અને વિહારી-ની સંભાળ લઇએ

પ્રકરણ ૪૯ મું.

પતિ–પત્નીનો મેળાપ.

सन्तुष्टो भार्यया भर्ता भर्त्रा भार्या तथैव च ।
यस्मिन्नेव कुले नित्यं कल्याणं तत्रवै ध्रुवम ॥

(मनुस्मृति.)

ભાવાર્થ—ભર્તા સંતુષ્ટ ભાર્યાથી, ભાર્યા ભર્તાથી તેમજ,
સદાયે કુળમાં જેહ ત્યાંજ કલ્યાણ શાશ્વત

"હું શું કામ જીવ્યો ? આ અકસ્માતમાં મ્હારો અંત આવી ગયો હોત તો ઘણુંજ સારૂં થાત, એવું હવે મ્હને લાગે છે મ્હારા જીવવાથી હવે લાભ શો છે ?" વિહારીએ આત્મગત ઉદ્ગાર કાઢયા

ગુણવંતલાલ કોર્ટમાં ગયા પછી આરામ ખુરશીમાં બેઠેલા વિહારી પાસે વિલાસુ બેઠી હતી વિલાસુએ ત્હેના મનને જેથી આનંદ થાય ત્હેવી પુષ્કળ આડી અવળી વાતો કરી, પરંતુ કેટલોક

વખત એ રીતે વીતી ગયા પછી તે ઉઠી હું અહિં હોવાથી ભાભી શરમના માર્યા આવતા નહિં હોય ? એમ ધારીને તે ઉઠી અને "ભાઇ, હું આવુ છુ હો ! રસોઇઆને સ્હાજની રસોઇની રહમજણ પાડી આવુ" એમ કહીને તે બહાર ગઇ. જીના પાસેજ કઠેડો પકડીને વીણા ઉભી રહી હતી.

"ભાભી, હવે ત્હમે જાઓ હું અત્હાર સૂધી ભાઇ પાસે બેઠી હતી, હવે જરા નીચે જાઉ છુ" વીણાને એટલુ કહીને વિલાસ ધબ ધબ કરતી દાદર ઉતરી પડી

વીણા થોડીક ક્ષણો ત્હાને ત્હાજ ઉભી રહી. લજ્જાને લીધે ભારે થએલા ત્હેના પગ સહજમા ઉપડતા નહોતા. છતા ત્હેણે હિમ્મત કરી ધીરે ધીરે તે અંદર જવા લાગી દિવાનખાનામાથી વિહારીના શયનખંડ સુધી તે ધીરે પરંતુ સતત ડગલે આગળ વધી, પરંતુ પછી ત્હેની ગતિ અટકી ગઈ ત્હેના પગ ધ્રુજવા લાગ્યા ત્હેની છાતીના ધબકારા જોસથી પડવા લાગ્યા અંદર જવા જેટલુ ત્હેનામા ધૈર્ય ન રહ્યુ એટલામા અંદરથી વિહારીના શબ્દો ત્હેના કાને પડયા. તે સ્ફટીકની પૂતળીની માફક બારણા પાસે ચ્હોટી ગઇ અંદર વિહારીનુ આત્મગત ભાષણ ચાલુ હતુ પ્રકરણના આરંભે આપેલુ વાકય ત્હેમાનુ એક હતું.

"ખરા પ્રેમ શિવાય મ્હોટી વયે થયેલા લગ્નમા પણ સુખ નથી, એ હવે હું સારી રીતે જાણી શકયો સુખી સંસારની ખરી ચાવી પતિ-પત્ની વચ્ચેનો શુદ્ધ પ્રેમ છે એ પ્રેમ જે દંપતીમા નથી, ત્હેમના સંસારમા સાર નથી ત્હેમનુ આયુષ્ય દુઃખમય છે ! વીણા અને હું બાલ્યકાળે એકજ સ્થળે ઉછર્યાં હતા એટલે એનો મ્હારા ઉપર સ્વભાવતઃજ પ્રેમ હશે એમ સ્હમજીને મ્હે કેટલા મનોરાજ્યોના ખોખા ઉભા કીધા હતા પ્રૌઢવિવાહ કરવા એટલે દૂરની અનઓળખી એવી એકાદી મોટી વયની કન્યાને જોઈ ત્હેની સાથે લગ્ન કરવા અને પછી પરસ્પરમા પ્રેમ ઉત્પન્ન થવાની વાટ જોતા બેસવુ. એવુ કરવુ ન પડે તે માટેજ મ્હે વીણાને પસંદ કરી. ત્હેના વિશે વિચાર મ્હારા મનમા આવતાજ એકાએક મ્હારા અંતઃકરણમાં ત્હેને માટે નૈસર્ગિક પ્રેમ જાગૃત થયો અને એનાજ બળ ઉપર મ્હે આ લગ્ન કર્યાં. પરંતુ છેવટે હુ ફસ્યો ! વીણા સુંદર છે, સુશિક્ષિત છે, એટલે એને શિક્ષણમા મ્હારી બરોબર બનાવી, ત્હેની મદદથી પુષ્કળ સમાજસેવા

કરીશ એવી આશાઓ, કૉલેજજીવનમાં નરેન્દ્ર સાથે રહીને રચેલી ભાવી આયુષ્યક્રમની યોજનાઓ ક્રમે ક્રમે આચારમા ઉતારી, તે પછી 'ભાઇ એ કૉલેજજીવનની વાતો સસારમા પડશો એટલે બધુ એ વિસરી જશો' એમ કહેતા નરેન્દ્રના શબ્દો ત્હેના મુખમા પાછા મૂકવાની ધારેલી ધારણાઓ એ બધુ ધૂળમા મળી ગયુ !" વિલસુ ગઇ એટલે એકલા પડતાજ વિહારીનુ આ આત્મગત ભાષણ શરૂ થયુ હતુ તે હજી આરામ ખુરશી ઉપર બેઠો હતો, અને પાટામા વીટાળેલો જમણો પગ સ્હામે મૂકેલી ખુરશી ઉપર મૂકયો હતો ઘેર આવ્યા છતા ત્હેના મનને લગારે ઉત્સાહ કે આનદ લાગતો નહોતો.

ક્ષણભર મૌન રહી પુન એક નિશ્વાસ મૂકીને તે બબડયો "મ્હારો બધો આનદ નષ્ટ થઇ ગયો. અતિશય ઉત્સાહથી યોજી રાખેલી યોજનાઓનુ સ્મરણ માત્ર પણ મ્હને રોમાચનો અનુભવ કરાવે છે. અરેરે ! મ્હારા શિક્ષણ ઉપર પિતાજીને કેટલી બધી આશા હતી; પરતુ હવે મ્હારા આ નિરાશ થયેલા મનમા લગારે ઉત્સાહ રહ્યો નથી હુ હતોત્સાહ બની ગયો છુ. પિતાજી ! ત્હમને વૃદ્ધાવસ્થામા પણ વિહારી તરફથી સુખ નહિ મળે ?—અરેરે ! હુ જન્મ્યોજ શુ કામ ? હુ અકસ્માત વખતેજ મરી ગયો હોત તો આ નિરાશાની ભયંકર યાતનાઓમાથી છૂટયો હોત. પ્રભુ, મ્હને બચાવવામા ત્હારો શો હેતુ હશે ? મ્હને ત્હે શા માટે બચાવ્યો ?"

"મ્હારા માટે !"

વિહારી એકદમ ચમકયો ! ત્હેની આરામ ખુરશી પાસે ત્હેને કોઇનો અવાજ સભળાયો. ત્હેણે બાજુ તરફ વળીને જોયુ તો નીચુ મ્હો કરીને વીણા ઉભેલી જણાઇ ઝઝાવાતથી કમ્પી રહેલી વેલી પ્રમાણે તે થરથર ધ્રુજી રહી હતી. બારણા પાછળ ઉભે ઉભે પતિનુ નિરાશાજનક ભાષણ વધારે આગળ સાભળવાની ધીરજ નહિં રહેવાથી તે સ્વયસ્ફૂર્ત્તિથી આગળ આવી, અને પતિના ભાષણના છેલ્લા પ્રશ્નનો ત્હેણે સ્વાભાવિક ઉત્તર આપ્યો એટલો પ્રકાર બન્યો ત્હાસુધી તદ્રાધિન મનુષ્ય જેવી વીણાની સ્થિતિ હતી.

"કોણ !—વીણા ?" પોતાના પગનુ દુ:ખ વિસરી જઇને વિહારી એકદમ ખુરશી ઉપરથી ઉભો થઇ જઇને બોલ્યો.

"હુ આપની અપરાધિની છુ." વીણાએ પોતાના પતિના ચરણયુગલ પકડીને કહ્યુ.

"હુ આ શુ જોઉં છુ ! હું સ્વપ્નમા છુ કે શુ ? અથવા મ્હને ભ્રમ થયો છે ?"

"નહિ–નહિં હુ હવે આપને ફરીથી ભ્રમમા રાખીશ નહિં આપની વીણા–પશ્ચાતાપથી તપી શુદ્ધ બનેલી હુ આપની વીણા-આપની સમક્ષ ઉભી છુ"

"મ્હારી વીણા ! શુ એ વાત શકય છે કે ?"

"દુનિયામા અશકય કઇએ નથી હવે મ્હારા ઉપર અવિશ્વાસ રાખશો નહિ નાથ ! હવે મ્હને બરાબર ઠોકર લાગી છે આ ચરણનો પ્રેમ મ્હારા અત કરણમા કેટલા ઉંડા મૂળ ઘાલીને બેઠો હતો, ત્હેની મ્હને જ્યહા સુધી ઠોકર લાગી નહોતી ત્યહાસુધી ખબર નહોતી એથીજ મ્હારા હાથે અક્ષમ્ય અપરાધ થયો. પરતુ આપના વિના મ્હને કોણ માફ કરશે ? મ્હને આ ચરણો શિવાય બીજા કોનો આશ્રય છે ?"

"વીણા ! ઉઠ ને મને કહે કે ખરેખર ત્હારો મ્હારા ઉપરનો પ્રેમ હૃદય પૂર્વક છે ?"

એ પ્રશ્નનો જવાબ મ્હોઢેથી આપવાને બદલે વીણાએ પોતાનુ હૃદય વિહારીના હૃદય સાથે જોડીને પોતાના અંત કરણમાનો પ્રેમ વિહારીને મુગ્ધ રીતે વ્યક્ત કરી બતાવ્યો ઉભય પતિ–પત્ની કેટલીક ક્ષણો સુધી એજ સ્થિતિમા રહ્યા ત્હેમના મન, હૃદય, આત્મા અને શરીર સઘળુ એકાકાર બની રહ્યુ વિહારી પ્રેમઘેલો બની ગયો પુષ્પધન્વાએ એ થોડી ક્ષણોમા પણ ઉભયને પોતાનો પ્રભાવ જણાવ્યો વિહારીએ તે પછી વીણાની કટીની આસપાસ વિંટાળાઇ વળેલો પોતાનો હાથ ધીમેથી કાઢયો અને ત્હેને બાજુની ખુરશી ઉપર બેસાડી

"આપની આ કેવી સ્થિતિ થઇ ! અને એ બધાનુ કારણ હુ ચાડાલણીજને !" વીણાએ ખુરશી ઉપર બેઠા પછી વિહારીની સ્હામે જોઇને કહ્યુ

"વીણા, હવે એ જૂની વાત સભારવાની જરૂર નથી તાવ્યા પછી કસોટીએ ચડાવેલા સોનાનુ મૂલ્ય વધારે અંકાય છે !"

"પણ હવે ત્હમે કયહા સુધી ઉભા રહેશો ? પગે વધારે પીડા થશે લગાર ખુરશીમા બેશીને આરામ લ્યો એટલામા હું થોડુક ગરમ દૂધ લઇ આવુ છુ હૉસ્પિટલમાથી આવ્યા પછી ત્હમે કઇજ લીધુ નથી"

એટલામાં " ભાભી " કરીને બહારથી વિલસુએ હાક મારી. તે સાભળતાજ વિહારીએ વિલસુને અદર આવવા કહ્યું. ત્હેના હાથમા બે પ્યાલા હતા એક ગરમ દૂધનો અને બીજો ચ્હાનો. અદર આવતા જ વીણાના મુખ ઉપર આવેલી વિલક્ષણ સુરખી જોઇ, ક્ષણભર ત્હેની દૃષ્ટિ ત્હાજ સ્થીર થઇ ગઇ.

" વિલસુ, બહાર ઉભી રહીને હાક મારી તે એકદમ અદર આવતા ત્હને સંકોચ લાગ્યો કે શુ ?" વિહારીએ પૂછ્યુ

" સંકોચ શાનો ? મ્હે ધાર્યું કે વીણાભાભી એક પ્યાલો અદર લાવે એટલેજ હાક મારી હતી પણ ભાઇ, ત્હમે હવે દૂધ લેશો કે ચ્હા ?"

" ત્હારી શી ઇચ્છા છે ?" વિહારીએ વિલસુને પૂછ્યુ પરતુ ત્હેની દૃષ્ટિ વીણાના મુખ તરફજ હતી

" હું તો બે પ્યાલા લાવી છુ, ત્હમારે ગમે તે લ્યો "

વીણાએ બોલ્યા ચાલ્યા વિના વિલસુના હાથમાથી દૂધનો પ્યાલો લીધો અને તે વિહારી સમક્ષ ધરતા બોલી " દૂધજ સારૂ ! આજે બહુ શ્રમ પડયો છે એટલે દૂધજ સારૂ !"

" પરતુ આજ અમ્હારા બન્ને વચ્ચે ચાહ થયો તેથી મ્હારી ઇચ્છા પહેલા ચ્હા લેવાની હતી " હસ્તા હસ્તા વીણાના હાથમાથી દૂધનો પ્યાલો લેતા વિહારીએ કહ્યુ

" ઇચ્છા હોય તો આપુ ચ્હા !"

" ના, ના હવે તે આનો નિરાદર થઇ શકે ?"

વિહારી દૂધ પીવા લાગ્યો. એટલામા દાદરના પગથીયા ખખડવા લાગ્યા થોડીવારમા કોર્ટમા ગયેલુ આખુ મડળ–ગુણવતલાલ, સ્વામી, ભારતીમૈયા, નરેન્દ્રરાય, શંકર અને કનકરાય દિવાનખાનામા આવ્યા બાજુના ખડમાથી વિહારીની પાસેજ વીણાને બેઠેલી જોઇને ગુણવતલાલને અતિશય આશ્ચર્ય લાગ્યુ. સ્વામીજી, ભારતીમૈયા અને નરેન્દ્રરાય પણ તે આશ્ચર્યના ભાગીદાર થયાં પાઘડી અને કોટ કાઢી ગુણવતલાલ વિહારીના ખડમાં ગયા અને એની તબિયતના સમાચાર પૂછ્યા

" કેમ મુકદ્દમાનુ શું થયુ ? તબિયત ઠીક છે." એમ કહીને તુરત વિહારીએ ખાલી થયેલો દૂધનો પ્યાલો વીણાને આપતા કહ્યું. દિવાનખાનામાંથી આખુ મંડળ ત્હા આવી પહોચ્યુ.

" છેવટે સત્ય બહાર આવ્યુ !" ગુણવતલાલે કહ્યુ, " વ્રજરાયને પૂર્ણ પશ્ચાત્તાપ થયો. ત્હેણે સઘળા દોષ કબૂલ કર્યા, તેથી તો

આપણે નહોતા જાણતા એવી પણ પુષ્કળ વાતો ખુલ્લી થઇ સ્વામીજી-તથા ભારતીમૈયાના સબધની કેટલીક ગુપ્ત વાતો પણ હું આજે જાણવા પામ્યો —"

" ત્હારે તો પરિણામ આનદજનકજ આવ્યુ ને ?" સ્વામીજી તથા મૈયા તરફ જોઇને વિહારીએ કહ્યું

" હા પરિણામ આનદજનકજ આવ્યુ, તો પણ ગુણવતલાલ, હજી ત્હમને ઘણી વાતો કહેવાની છે તે હુ હવે કહીશ " સ્વામીજીએ કહ્યું

" શું હજી કઇ છૂપી વાતો બાકી છે ?" આશ્ચર્યથી ગુણવત-લાલ બોલી ઉઠયા

પ્રકરણ ૫૦ મું.

આનંદ ! આનંદ !

" વીત્યા દિવસો દુખના, ગયો અશ્રુનો કાળ,
ઊંડા નિશ્વાસો ગયા, હવે હૃદય વિશાળ,
અંતર આશા ઇશ્વરે, આજે પૂરી જાણ,
મળી એક આજે થયા, જૂદા સર્વે પ્રાણ. "

(અજ્ઞાત.)

" એકજ વાત બાકી છે, અને તે અત્યંત મહત્વની છે. ત્હમે બધા જાણીને ખુશી થશો કે વિલાસુ એ મ્હારી પુત્રી છે ! "

સ્વામીજીનુ આ વાકય સાભળતાજ આખુ મંડળ આશ્ચર્યમા ગરક થઇ ગયુ. વિલાસુએ ક્ષણભર સ્વામીજીના મુખ તરફ જોયુ. પરસ્પરની દષ્ટી મળતાજ નૈસર્ગિક રીતે સ્વામીજીના બાહુ પ્રસરાઇ ગયા અને વિલાસુ તે બાહુમા જઇને ભરાઈ ગઇ હર્ષથી ઉછળી રહેલા સ્વામીજીની છાતી ઉપર ત્હેણે પોતાનુ મસ્તક મૂકયુ. ત્હેના નેત્રોમાથી પ્રેમાશ્રુ વહેવા માંડી પિતાજીના હૃદયને ભિંજાવી રહ્યાં. આજ સુધી જે વાતની કોઇને કલ્પના પણ નહોતી તે આજે આમ અકલ્પિત રીતે પ્રકટ થઈ આતુજ નામ ઈશ્વરની અગાધ લીલા ! નરેન્દ્રરાય પોતાના સસરાજીના મુખ તરફ જોઇજ રહ્યો ભારતીમૈયા આશ્ચર્યમા ડૂબી ગયેલા ગુણવતલાલની માફક એક બાજુએ સ્તંભિત થઇને ઉભા હતા.

પ્રેમનો પહેલો ઉભરો શમ્યા પછી સ્વામીજીએ કહ્યું "ગુણુ-વંતલાલ, હું કોણુ છુ તે તો ત્હમે હરિદત્ત ઉર્ફે વ્રજરાયના કહેવાથી જાણી ચૂકયા છો જ ત્હેણે મ્હારા ઉપર ખોટી નોટો બનાવવાનો આરોપ મૂકયો અને મ્હને ડરાવવા માટે પેલો પત્ર લખીને મ્હારા ટેબલ ઉપર મૂકયો તે પત્ર વાચતાજ હું ગભરાયો અને બહાર જવાના નિમિત્તે નાશી ગયો બીજે દિવસે મ્હારા ઘરની ઝડતી લેવાઇ, ત્હેમાથી એણે મૂકેલી પેલી પેટી નીકળી અને હું ગુન્હેગાર ઠર્યો પરતુ ત્હમે જાણી શકયા છો ત્હેવી રીતે હું પૂર્ણ રીતે નિર્દોષ હતો. કેટલાક મહિના તો ચોરી છુપાઇને મ્હે શહેરમાજ કાઢ્યા એટલામા અમદાવાદમા પ્લેગ શરૂ થયો. ત્હેમા મ્હારી વિલસુને વૈધવ્ય દશા પ્રાપ્ત થઇ તથા ત્હેના સાસરામા પ્લેગે ઘાણુ વાળ્યો. એ વાત જાણુતાજ મ્હારી હિંમત જતી રહી તે વખતે મ્હારી સ્ત્રી વિલસુને લઇને જમાલપુરમા રહેવા ગઇ હતી. ત્હેને મળવાનો મ્હે પુષ્કળ પ્રયત્ન કર્યો, પરતુ પોલિસે મ્હારી પૂઠ પકડેલી હોવાથી હુ એને મળી ન શકયો હું નિર્દોષ હોવા છતા પણુ ડરને લીધે છુપાઇ રહ્યો હતો ખરેખરી હકિકત કહેવા માટે પ્રકટ થવાનુ મ્હને બહુ વખત મન થતુ, પરતુ મ્હારી વિરૂદ્ધ પુષ્કળ પુરાવા પડેલા હોવાથી જો હું હાથે કરીને જાહેર થઇશ તો પોલિસના સાડસામા સપડાઈ તુરંગ-મા જઈશ એવી મ્હને છેવટ સુધી દહેશત હતી. છેવટે હુ દઢ મન કરીને એક રાત્રે વિલસુ તથા એની માને મળવા ગયો મ્હે ઘરના બારણા ખખડાવ્યા, પણુ વિલસુની બાએ તે જલદી ન ઉઘાડયા અને ખડખડાટ સાભળીને હુ ચોર છુ એમ ધારીને આજુબાજુના લોકો જાગી ઉઠયા અને બૂમાબૂમ કરી મૂકી છતા હુ એક પત્ર લખીને લઇ ગયો હતો તે ગડબડાટમા બારણાની ફાટમાથી અદર નાખી હું ત્મ્હાથી નાશી ગયો. તે પછી વૈરાગીના વેશે મ્હે એમની તપાસ કરી, પરતુ આજુબાજૂના લોકોએ મ્હને તદ્દન ખોટી ખબર કહી. એ મા દીકરી બન્ને ભૂખે હેરાન થઈ પ્લેગમા મરી ગયા એવુ મ્હને કહ્યું એટલે મ્હને અતિશય દુ:ખ થયુ. ત્મ્હારથી મ્હને પૂર્ણ વૈરાગ્ય પ્રાપ્ત થયો. તે પછી હુ કાશી ચાલ્યો ગયો અને તે પછી ૭ વર્ષ સુધી મ્હે તીર્થયાત્રા કરી. યાત્રામાં ભારતીમૈયા સાથે મ્હારો ભેટો થઇ ગયો. એમના આગ્રહથી હું પુન અમદાવાદમા આવ્યો. તે પછી-ની હકિકત તો ત્હમે જાણો જ છો."

"પણ વિલસુ એ ત્હમારી પુત્રી છે. એ ત્હમે ક્ય્હારે જાણ્યુ ?" ગુણવતલાલે પૂછ્યું.

"પહેલીજ મુલાકાતે. મૈયાને બોલાવવા માટે વિલસુ જ્ય્હારે પહેલ વહેલી રાતના વખતે આશ્રમમા આવી હતી તે વખતેજ મ્હેં એને ઓળખી હતી. મ્હે ત્હેને પહેલુ એનુ નામ પૂછ્યુ અને તે વિલસુજ છે એવી મ્હારી ખાત્રી થતાજ હુ ચમકી ગયો કારણ તેજ દિવસે મ્હને એક પ્રકારની વિલક્ષણ ભાવના થતી હતી આજ હુ કઇક અશુભ વાત સાભળીશ અથવા તો કઇક અશુભ ઘટના બનશે એમ મ્હને તે દિવસે લાગતુ હતુ અને ત્હેનો થોડાજ વખતમા મ્હને અનુભવ થયો વિલસુ અને ત્હેની માતા મરણ પામ્યા એવુ જે હું તે દિવસ પર્યંત સ્હમજતો હતો તે ખોટુ પડયુ અને વિલસુની માતા જીવે છે, પરતુ આજેજ મૃત્યુને પથે ત્હેણે મુસાફરી આરભી છે એવુ હુ તે દિવસે વિલસુના ભયભીત અને દયાજનક ઉદ્ગારોથી સ્હમજી શકયો તે સાભળ્યા પછી હુ દિવાનો બની જતો હોઉં એવુ મ્હને લાગ્યુ લગભગ હુ ભાનવિનાનો બની ગયો હું જ્ય્હારે શુદ્ધિમા આવ્યો ત્ય્હારે વિલસુ ત્ય્હાથી ચાલી ગઇ હતી ત્હમે બાજુમાજ બેઠા હતા મ્હે ત્હમને એના સબધમા પૂછ્યુ, પરતુ ત્હમે કહ્યુ 'મ્હને એ બાળા વિષે કઇ ખબર નથી !' એટલામા વિલસુ પુન આશ્રમમા આવી, ને ત્હેણે આગણામા ઉભે ઉભેજ ત્હમને હાકો મારવા માડી. ત્હેનો અવાજ સાભળતાજ ત્હેની અદર આવવાની હું મ્હોટી ઉત્કઠાથી વાટય જાવા લાગ્યો પરતુ તે અદર ન આવી. ત્હમે બહાર ગયા અને 'શુ કામ છે ?' એમ ત્હેને પૂછ્યુ ત્હેણે રડતા રડતા કહ્યુ કે "મ્હારી બા મરી ગઇ !" એ વાકયો મ્હારે શ્રવણે પડતાજ ખરેખર ! હુ દેહભાન રહિત થઇ ગયો મ્હે પાછલી દિવાલને ટેકે નમી જતુ શરીર ટકાવી રાખ્યુ વિલસુ તથા એની બાએ આટલા વર્ષ કેવા કષ્ટ વેઠીને કાઢયા હશે, એ વિચાર મ્હારા મનમા થતાજ મ્હારા મનની શી દશા થઇ હશે એની ત્હમને કલ્પના પણ નહિ આવે. આટલા વર્ષો મ્હારી પત્ની જીવે છે અને ઘડીમા તે મરણ પામી એ બન્ને વાતો મ્હે એકજ વખતે જાણી તે પછી બીજા દિવસે હું પૂર્વવત્ શુદ્ધિમા આવ્યો. ત્ય્હાસુધી હુ ધ્યાનસ્થ છુ એવી ત્હમારી માન્યતા હતી. પરતુ ખરી સ્થિતિ ત્હેવી નહોતી હુ ખરેખર બેશુદ્ધજ હતો "

"તો પછી પિતાજી ! મ્હને આટલા મહિના સુધી ઓળખાણ કેમ ન આપી ?" પાચ વર્ષની પુત્રીની માફક લાડ કરતા વિલસુએ આગળ આવીને પૂછ્યુ

"ત્હને ઓળખાણુ આપી ફરીથી કન્યામોહ દઢ કરી બંધન વધારવાની મ્હારી ઇચ્છા નહોતી, તેમ છતા ત્હારા ઉપર મ્હારૂ સંપૂર્ણ લક્ષ્ય હતું હું સન્યાસી છુ, હવે વિસરાઇ ગયેલો સબંધ સભારી પુન મનને મોહમા ગૂંથવુ એ ઠીક નહિં, એમ ધારી મ્હે મૌન ધારણ કર્યું હતુ મૃગબાળને બચાવવા જતા ભરત કેવા મોહમા ફસી પડયો હતો એ સહુ જાણે છે [1] તું ત્હારી બા ઘણીજ માંદી છે એ કહેવા આવી, તે વખતે હું જો ભાનરહિત ન બન્યો હોત અને તે વખતેજ ત્હારી સાથે આવ્યો હોત તો હુ કોણ છુ તે સહુ એ વખતેજ જાણી શકયા હોત પરંતુ બીજે દિવસે હું જ્યારે શુદ્ધિમા આવ્યો તે વખતે ત્હારી માતાના ભસ્મીભૂત થવાના સમાચાર મ્હને મળ્યા. તે દિવસથી મ્હારા વર્તનમા થયેલો ફેરફાર સહુના સ્હમજવામા આવ્યો હતો હુ ત્હારી તરફ વિશેષ લક્ષ્ય આપતો એથી લોકોને આશ્ચર્ય લાગતુ. પરંતુ તુ મ્હારી પુત્રી છે એ વાતની એમને શી ખબર! આપણે કોણ છીએ એની ખબર પડવા નહિં દેતા દૂરથીજ ત્હારા ઉપર નજર રાખવી એવા નિશ્ચયથી હું આજ સુધી રહ્યો પરંતુ આજ અકલ્પિત રીતે મ્હારૂ નિર્દોષપણુ સ્થાપિત થયુ એટલે ત્હારો અને મ્હારો સબંધ ખુલ્લો કરવાની મ્હને હિમ્મત આવી કારણ, મૈયાના કહેવાથી હું ત્હારી મૃત માતાની ઇચ્છા જાણતો હતો ત્હારા પિતા ઉપર ખોટી નોટો બનાવવાનો આરોપ આવવાથી તે નાશી ગયો છે એવી વાત ત્હારે કાને પડવા ન દેવી એવી ત્હેની ઇચ્છા હતી પરંતુ આજ હવે મ્હારા ઉપરનો ખોટો આરોપ આપોઆપ ટળી ગયો છે, એટલે હવે હું કોણ છુ એ વાત ત્હને કહેવામા મ્હે કઇ ખોટુ કર્યું નથી"

રસોડામાથી જમવાની વર્દી આવી એટલે સ્વામીજીએ પોતાનુ ભાષણ પતાવ્યુ આજ ઘણી ગૂઢ વાતો ખુલ્લી થવાથી ઘરમા સઘળે આનંદ આનંદ થઇ રહ્યો હતો કનકરાય નિર્દોષ થઇને છૂટવાથી તથા પોતાનો પતિ ઘેર આવવાથી વીણાને મન એવડો આનંદ હતો એટલામા પ્રતાપરાય દેસાઇ પણ કનકરાયને લઇને વિહારીને મળવા આવી પહોચ્યા ગુણવંતલાલે ત્હેમને પણ જમવાનો આગ્રહ કર્યો હસતુ રમતું આખુ મંડળ પાટલે બેઠુ

---

૧. વાંચો 'કલાપીનો કેકારવ' માનું 'ભરત' વાળું કાવ્ય.

પ્રકરણ ૫૧ મું.

સ્વામીજીનો ઉપદેશ.

મૂલદયા છે ધર્મ બધાના મૂળમા,
સઘળાએ સન્તોનો એ ઉપદેશ જો !
દિવ્ય દયાસાગર, યાચતા આપજો·
દીન જનોને અમને એનો લેશજો !

(સ્વ. કાન્ત)

ગયા પ્રકરણમા બનેલા બનાવને આઠ દિવસ થઈ ગયા હતા વિહારી હવે સર્વ દુ ખથી મુક્ત બની ગયો હતો સત્ય ધર્માશ્રમમા આજે મહત્વની બાબતનો વિચાર થવાનો હોવાથી પ્રતાપરાય વૈસાઇ પણ ત્યહા આવ્યા હતા ગુણવતલાલ તો બપોરનાજ આશ્રમમાં હતા, શિવાય બીજા પણ ઘણા સ્વામીજીને ચ્હાનારા ગૃહસ્થો ભેગા થયા હતા આગલે દિવસે સ્વામીજીએ ગુણવતલાલ સમક્ષ પોતાની એક ઇચ્છા પ્રકટ કરી હતી અને ત્હેનોજ આજે વિચાર થવાનો હતો

આશ્રમમા સઘળુ મ ડળ એકઠુ થતાજ સ્વામીજીએ કહ્યુ "ગુણ-વતલાલ, હવે ત્હમારી અને મ ડળની જે ઇચ્છા હોય તે મ્હને જણાવો તો ઠીક હવે અમદાવાદમાની મ્હારી સેવા પૂર્ણ થઇ છે ત્હમારી પણ બધી ઇચ્છાઓ પૂરી થઇ છે હવે ફરીથી ભારતવર્ષના તીર્થોની યાત્રા કરી દરેક સ્થળે સ્વદેશસેવાનો બાધ કરવો અને બને તેટલી સમાજ સેવા કરીશ અને તેમ કરવાની અન્યને યથાશક્તિ પ્રેરણા કરીશ. જન્મભૂમિની સેવા એ સ્વર્ગથી પણ અધિક છે માટે એ સેવા કરી મ્હારા દેહનુ સાર્થક કરવુ એવી મ્હારી ઇચ્છા છે "

" સ્વામીશ્રી, આપનુ કહેવુ ખરૂ છે વિહારીના સંબધમા ચિતા કરવાનુ હવે મ્હને કારણ નથી. હવે તે પોતાનો સ સાર સંભાળી લેશે એવી મ્હારી સપૂર્ણ ખાત્રી છે એટલે હવે સઘળો ભાર ત્હેને શીરે મૂકી હું પણ આપની સાથે આવવા તૈયાર છુ " ગુણવતલાલે કહ્યું.

" ગુણવતલાલ, મ્હે પણ સ સારના ઘણા ર ગ જોયા છે, હવે મ્હને પણ ત્હેમા રહેવાની ઇચ્છા નથી માટે હું પણ ત્હમારી સાથેજ આવીશ. " પ્રતાપરાયે કહ્યુ. " મ્હને પણ હવે ઘરની ચિંતા નથી કનકરાયને લાગેલી ઠોકર પૂરી છે, હવે તે ભૂલ નહિ કરે, અને

વળી વિહારી તથા નરેન્દ્રરાયની સોબત હોવાથી તે ઇચ્છા થયા છતા પણ આડો અવળો જઇ શકે તેમ નથી ”

“ દેસાઇજી, ત્હમારા સબંધમા હજી વિચાર કરવો ઘટે છે.” ગુણવતલાલે કહ્યુ

“ એમા શાનો વિચાર ? સ્વામીજીએ એક વખત નહોતું કહ્યુ કે, સસારમા જેટલી આસક્તિ રાખો તેટલી તે વધતીજ જશે.”

“ પણ સ્વામીજી, અહિંથી ગયા પછી ફરીથી અમ્હને દર્શનનો લાભ ક્ય્હારે આપશો ? ” એક ભાવિક ગૃહસ્થે પૂછ્યુ

“ હવે તો પાછા નહિ આવવાના ઉદ્દેશથીજ અમ્હે જઇએ છીએ મૈયાને કે મ્હારે હવે અમદાવાદમા કઈ બધન રહ્યા નથી, તોપણ ભ્રમણકાળમા કોઇ પ્રસગે આવવાનુ થશે તો જરૂર આવીશું.” સ્વામીજીએ પોતાના મનોહદ વ્યક્ત કર્યા

તે પછી સ્વામીજીએ ગુણવતલાલ તથા દેસાઇજીને કહ્યું: “ દેશમા સ્થળે સ્થળે અમ્હારી સાથે ભ્રમણ કરવા કરતા ત્હમે અમદાવાદમાજ રહીને સ્વદેશ સેવા વધારે સાધી શકશો કરવા ધારીએ તો દેશમાં કરવાના કાર્યના ડુગરે ડુગરા પડ્યા છે અમ્હે પણ સ્થળે સ્થળે ફરીને દેશસેવા તરફ લોકવૃત્તિ વાળી ત્હમારા જેવા સાધનસપન્ન પુરૂષો પાસે અમ્હારી ધારણાઓને મૂર્તરૂપ અપાવીશુ ત્હમે અમદાવાદમા જ રહીને એવુ કરો તો બસ છે ”

“ એ શુ ? ” ઝવેરા તથા દેસાઇજી બન્ને બોલી ઉઠયા

“ અમદાવાદમા આપણા હજારો ભાડુઓ અજ્ઞાનરૂપી અધારામા સડે છે, ત્હેમને માટે સ્થળે સ્થળે રાત્રિની અને દિવસની પ્રાથમિક શાળાઓ કાઢો પશુ કરતા પણ ખરાબ જીવન ગુજારતા હજારો કામદારોના દુ ખભાર ઓછા કરી, ત્હેમને માટે સુંદર મકાનો, રમતગમતના સાધનો તૈયાર કરવાના પ્રયત્ન કરો. કેફી પીણાઓથી ત્હેમનો સર્વ નાશ થઇ રહ્યો છે, તે અટકાવવા મીલોની આસપાસ ‘ક્લબો’ સ્થાપો, ત્હેમા એમને રમત ગમતના સાધનો ઉપરાત ચ્હા, કોફી અને સોડા આદિ પીણા પૂરા પાડી દારૂની બુરી લત ભૂલાવવા પ્રયત્ન કરો. અસખ્ય ગરીબો માદગીમા સુશ્રુષાની ખામીને લીધે કુતરાને મ્હોતે મરી જાય છે, ત્હેમની ઝૂપડીએમા જઇ ત્હેમને સુખ આપવાના સાધન રૂપે સ્વયસેવકો તૈયાર કરો, દેશસેવા તરફ લોકો પ્રેરાય ત્હેવી કથાઓ રાત્રે પોળેપોળે કરાવો. અમદાવાદની આજુબાજુનાં ગામડાંઓમાં ન્હાની ન્હાની શાળાઓ, દવાશાળાઓ,

કસરતશાળાઓ વગેરેની યોજના કરો. ગામના લોકોમાજ એવી ભાવનાઓ જાગ્રત કરો કે ત્હમારા કાર્યમા એમની સેવાઓ ઉપયોગી નિવડે. અમદાવાદ અને ત્હેની આજુબાજુમાથી દરવર્ષે હજારો હિંદુઓ ખ્રિસ્તી થઇ જાય છે, ત્હેના કારણોનો અભ્યાસ કરો, અને ખ્રિસ્તી મિશનરીઓની ઢબે વ્યવસ્થાપૂર્વક કાર્ય કરવાનો આરભ કરો. આ અને એવા બીજા ઘણાએ કાર્યો ત્હમારા જેવા ધનાઢ્ય અને વાનપ્રસ્થ થવા ઇચ્છતા ગૃહસ્થોની સેવાની રાહ જોતા પડયા છે એમાથી જેટલુ બની શકે તેટલુ કરવાનો આરભ કરો તો બહુ છે ”

સ્વામીજીનુ કહેવુ સહુને ગમ્યુ, એટલે ગુણવતલાલ તથા પ્રતાપરાયે અમદાવાદમા રહીનેજ ‘ગુર્જર સેવક સમાજ’ કાઢવાનો વિચાર કર્યો અને ભારતીમૈયા તથા સ્વામીજીએ ભારતવર્ષની તીર્થ-યાત્રા કરવાનો ઠરાવ કર્યો તે પછી ત્હેમણે મડળને ઉદ્દેશીને ‘સ્વ-દેશ સેવા’ એ વિષય ઉપર ટૂકુ ભાષણ આપ્યુ ત્હેમણે કહ્યુ

“શ્રી શંકરાચાર્યે એક સ્થળે કહ્યુ છે કે, **‘आयु क्षणलवमात्रं न लभ्यते हेमकोटिभि क्वापि’**—કોટિગુણિત સુવર્ણની મોહરો આપવા છતા પણ જે ક્ષણમાત્ર પણ વધારે મળી શકતુ નથી એવુ દુર્લભ જે આયુષ્ય છે, તે આયુષ્યરૂપી ધન જે કૃપાળુ જગન્નિયતાએ આપણને આપ્યુ છે ત્હેના આપણા ઉપર કેટલા બધા ઉપકાર થાય છે ? તે સાથે આપણે આપણા જીવનકાળમા જે ભૂમિ ઉપર વગર ભાડે ફરીએ છીએ, જે ભૂમિમા પાકેલા અન્ન વડે જીવીએ છીએ, જે ભૂમિની મૃતિકામાથી બાધેલા ઘરોમા રહીએ છીએ, જે ભૂમિમા પાકેલા કપાસમાથી થતા વસ્ત્રોથી આપણા શરીર ઢાકીએ છીએ, જે ભૂમિ ઉપરની નદીઓ, તળાવો અને કુવાઓ-માથી આપણે જળ મળવીએ છીએ અને તે વડે આપણી તૃષા છીપાવી, શરીર તથા વસ્ત્રોના મેલ નિવારી શકીએ છીએ, જે ભૂમિ ઉપરના વૃક્ષોની શિતળ છાયા મેળવીએ છીએ અને છેવટે જે ભૂમિ ઉપર મળમૂત્રનો પણ ત્યાગ કરીયે છીએ, મૃત્યુ પછી જે ભૂમિ ઉપર આપણા ચેતનહિન ખોળીઆના છેલ્લા સસ્કાર થાય છે, તે સ્વર્ગથી પણ અધિક માતૃભૂમિના પણ આપણા ઉપર અનહદ ઉપકાર થયા છે. એ ઉપકારો લક્ષ્યમા રાખી ત્હેનો યથાશક્તિ બદલો વાળવા પ્રયત્ન સવવો એનુ નામ ધર્મ રામ રામ કરી માળાઓ ફેરવેથી આપણે મનુષ્યધર્મનું યોગ્ય રીતે પરિપાલન કરી શકતા નથી. મ્હને તો ઘણા વિચાર પછી વર્તમાન યુગધર્મ

દેશસેવા એ જણાયો છે એ દેશસેવાનો ખરો મર્મ જાણીને બધા શક્તિવાળા હીદીઓ તન મન અને ધનથી યુગધર્મનુ યોગ્ય પરિપાલન કરે તો થોડા સમયમા સકટમુક્ત થઇ શકાય સ્વર્ગસુખની લાલસાએ આપણે ધર્મકાર્યો કરીએ છીએ, પરતુ સ્વર્ગથી પણ અધિક એવી માતૃભૂમિના ઉદ્ધાર માટે કાર્ય કરવુ એ તેના કરતા પણ આપણી પહેલી ફરજ છે. માતૃભૂમિને દુ ખમુક્ત કર્યા વિના આપણે દુ ખમુક્ત થઇ શકવાના નથી અને જ્યહાસૂધી સર્વાશે દુ ખમુક્ત ન થવાય ત્યહાસૂધી કોઇને પણ સ્વગ પ્રાપ્તિ થઇ શકતીજ નથી સ્વર્ગનો અર્થજ એ છે કે જ્યહા કોઇપણ જાતના દુ ખનુ નામ નથી, પરતુ જ્યહા સદૈવ શાશ્વત સુખનો અનુભવ થાય છે મનુભગવાને કહ્યુ છે કે – **सर्वं परवशं दुःखं सर्वमात्मवशं सुखम्** [1] એ ન્યાયે દરેક બાબદમા આપણે આત્માને વશ થવાના ઉપાયો યોજવાના છે ભારતવર્ષ અત્યહારે પોતાને વશ છે? ના એક ન્હાનામા ન્હાની સોયથી તે મ્હોટામા મ્હોટી મીલના બૉઇલર સૂધી એને પારકા ઉપર આધાર રાખવો પડે છે, એટલે અત્યહારે આપણી માતૃભૂમિ દુ ખમા છે અને જહેની માતા દુ ખમા હોય ત્હેના મતાનો સુખી હોયજ શી રીતે?

ભાઇઓ! ભારતવર્ષની ઉન્નતિનો સઘળો આધાર આપણા બધા ઉપર છે ત્હેમા પણ દેશના યુવકો ઉપર તે સહુ કરતા વિશેષ છે. માટે હુ પહેલા એમને ઉદ્દેશીને કહીશ આજે જે બાળક ગણાય છે તે આવતી કાલનો નાગરિક થવાનો છે એ ન્યાયે યુવકોને પ્રથમ અવસ્થામા વિદ્યાર્થી, બ્રહ્મચારી અને પિતા તરીકેની ફરજો બજાવવાની છે અને બીજી અવસ્થામા પતિ–પિતા અને નાગરિક અથવા ગૃહસ્થ તરીકેની ફરજોનુ યથાવત્ પાલન કરવાનુ છે પ્રભુએ આપણા ઉપર કરેલા અનહદ ઉપકારોનો જો આપણે અમુક પણ બદલો વાળવો હોય તો પ્રભુએ આપેલા આયુષ્યરૂપી ધનનો સદુપયોગ કરવો એ ઉપયોગનો માર્ગ એવો રાખ્યો છે કે જેથી આપણ પોતાનુ અને પછી પારકાનુ ભલુ કરી શકાય પ્રત્યેક કાર્ય કરતા પહેલા આપણે જાતે તૈયાર થવુ જોઇએ અને પછી આપણે અન્યનુ ભલુ કરવા તરફ વળવુ જોઇએ, એટલે મનુષ્યજીવનની શરૂઆત કરતાજ આરભમાં ત્હમારે પુત્ર તરીકે આદર્શ પુત્ર બનવા તરફ લક્ષ્ય સ્થાપી

---

૧ ભાવાર્થ —પરતત્રતા અથવા પારકાને વશ એનુ નામ દુ.ખ અને સ્વતત્રતા એટલે પોતાનેજ વશ એનુ નામ સુખ.

વડિલજનોની આજ્ઞાને માન આપી, યોગ્ય કેળવણી પ્રાપ્ત કરી પછીની ત્રણ અવસ્થાની ફરજો બજાવવા તૈયાર થવાનું છે. બીજા આશ્રમમા પ્રવેશતા ત્હમારે પતિ તરીકે પત્ની સાથે કેવી રીતે વર્તવુ. પિતા તરીકે ત્હમારા ઉપર શી શી મહદ્ ફરજો આવે છે તે જાણવુ જોઇએ. તથા પતિ-પત્નીએ મળી જગતના શા શા કલ્યાણો રચવા તે ત્હમારે વિચારવાનુ છે. તે ફરજ ન્હાની સુની નથી. પરતુ પિતા તરીકેની ફરજ તો એથી પણ વધારે જોખમ ભરેલી છે ત્હમે બાલ્યકાળે દીર્ઘ વય સુધી અખડ બ્રહ્મચર્ય વ્રત પાળ્યુ હશે, ત્હમારા શરીરને સારામા સારી રીતે મજબૂત બનાવ્યુ હશે, તો ત્હમે તાકાદ-વાળા સતાનો પ્રાપ્ત કરી શકશો, તે પછી વિદ્યાર્થી અવસ્થામા ત્હમે જે જે સદ્ગુણો પ્રાપ્ત કર્યા હશે, જે જાતની કેળવણી લીધી હશે, ઉત્તમ નાગરિક અને દેશભક્ત બનવાની ભાવના રાખી હશે, ત્હેનો જ વારસો ત્હમે ત્હમારી પ્રજાને આપી શકશો બધુઓ! યાદ રાખજો કે ત્હમારા દૃષ્ટાન્તો ભવિષ્યની પ્રજા લેશે માટે પહેલેથી ત્હમે ચેતીને ચાલજો. એવા વર્ત્તન આચારમા ઉતારજો કે જેથી દૃષ્ટાત લેનારને તે સુમાર્ગદર્શક થાય આપણે આપણા મહાપુરૂષોને વદીએ છીએ અને આપણા મિત્રોને એમનુ અનુસરણ કરવાની સલાહ આપીએ છીએ એનુ કારણ એટલુજ છે રામ, કૃષ્ણ, હરિશ્ચન્દ્ર, ભિષ્મ, શિવાજી, પ્રતાપ, દાદાભાઇ, ગોખલે, ગાંધીજી વગેરેને આપણે વદીએ છીએ ત્હેનુ કારણ એજ છે કે ભવિષ્યની પ્રજા માટે એમણે પોતાના ઉજ્વળ કર્મોથી આદર્શ દૃષ્ટાન્તો આપ્યા છે પોતાના સ્વાર્થ-ની સકુચિત ભાવનાની જાળને તોડીને એમના પવિત્ર આત્મા પોતા-ના તથા પારકાને એકજ આખે જોતા શીખ્યા છે આપણે મહા પુરૂષોની જયતિઓ આ દૃષ્ટિએ ઉજવતા શીખવાનુ છે એટલે બીજા આશ્રમમા ત્હમારે શીરે ઉત્તમ નાગરિક બનવાની, અને ઉત્તમ નાગરિકો ઉત્પન્ન કરી દેશને ચરણે ધરવાની ઘણીજ ગભીર ફરજો આવે છે તે ત્હમારે જાણવાનુ છે

હું આગળ કહી ગયો તેમ પ્રભુએ મનુષ્યજન્મ આપીને અને માતૃભૂમિએ ત્હેનુ સવર્ધન કરવાના કાર્યમા મદદ કરીને આપણા ઉપર ઉપકાર કર્યા છે, તે પછી શિક્ષણ લેતી વખતે આપણા ઉપર દેશવાસીઓ ઉપકાર કરે છે. એ બધા એક જાતના આપણે કરજ કરીએ છીએ પવિત્ર આર્યાવર્તના પ્રાચીન આર્યોએ ઘણી દીર્ઘ દૃષ્ટિથી એ વિષે વિચાર કરી આપણા ઉપર કેટલાક ઋણ નાખ્યાં

છે. એમાંના પ્રધાન ત્રણ પ્રકારના ઋણો છે તે વાળવાથીજ આપણે મનુષ્ય તરીકેના ધર્મનું યોગ્ય પાલન કરેલું કહેવાય છે, અને એથીજ પ્રભુ પ્રસન્ન પણ થાય છે. અત્યારે આર્યજનો એ ઋણ વાળવાના કાર્યમાંથી ચલિત થતા જાય છે, અને કેટલાકો જે થોડા ઘણા પ્રયત્નો કરે છે તે ઋણ વાળવાની સાચી સમજ વિના થાય છે તેથીજ દિનપ્રતિદિન આપણી ઉર્ધ્વગતિ થવાને બદલે અવનતિ થતી આવી છે દેવઋણ વાળવાને માટે મનુષ્યોએ પ્રભુની આજ્ઞાને વશ વર્તવાનુ છે ભારતવર્ષમા સહુ ઇશ્વરના અસ્તિત્વને માને છે મનુષ્ય માત્ર ઇશ્વરનો અશ છે જગતના સઘળા જીવો એ પ્રભુનુ વિરાટ સ્વરૂપ છે. જેમ માનવ શરીરના સઘળા અવયવો એક સરખા હોતા નથી તથા દરેકને એકજ જાતના નહિ પણ ભિન્ન ભિન્ન પ્રકારના કર્તવ્યો કરવાના હોય છે તેવીજ રીતે વિરાટ પ્રભુના અવયવોરૂપી માનવ સમાજની પણ સરખી સ્થિતિ તો નથી, અને દુન્યવી નાટકમા ત્હેમને વિવિધ ખેલો ખેલવાના હોય છે, પરતુ આખર તો આપણે બધા એકજ મહાપિતાના પુત્રો છીએ, એમા કોઇ ઉંચ નીચ છે જ નહિ. કવિએ સાચુજ કાવ્યુ છે કે

બ્રહ્માડ આ તો ગૃહતાતનુ છે,
આધાર સહુનો સહુને રહ્યો જ્યહા,
લે છે સહુ કઇ સહુને દઇ કઇ,
આભાર સહુનો સહુ ઉપરે છે[૧]

એટલે સહુએ પરસ્પરમા સમાન ભાવ રાખવો જોઇએ ધનિકો ધનથી મ્હોટા મ્હોટા ઉદ્યોગો સ્થાપે છે, તો ગરીબો અગબળથી ત્હેને ખિલવે છે અત્યજ ગણાતી કોમ પણ પોતાને સ્થાને એટલી જ ઉપયોગી છે જો એક મહાન સાચામાથી એક ક્ષુદ્ર જણાતી ચાપ પણ નીકળી જાય તો સાચો અટકી પડે છે, જેમ એક ક્ષુદ્ર જણાતો અવયવ પણ કાર્ય કરતો અટકી પડે તો આખા તનુ-મન્દિરની સ્થિતિ દુખકર થઇ પડે છે, ત્હેવીજ રીતે જગતરૂપી વિરાટ મદિરનુ પણ સ્હમજવાનુ છે જેમ વિવિધ જાતનાં યત્રો પરસ્પરના મેળથી કાર્ય કરે તો મુખ્ય સાચો નિરોગી રહી વધુ ટકે છે ત્હેમ આપણે પણ આપણા સર્વ બધુઓ પ્રતિ યોગ્ય વ્યવહાર રાખીએ તો જગત્ વ્યવસ્થિત રીતે ચાલે બન્ધુઓ! જગત્ એ

૧. સ્વ. કલાપી.

વિરાટ પ્રભુનું મંદિર છે. માટે ત્હમે જે ભક્તિ અને ભાવનાથી પ્રભુ-મંદિરમા પ્રવેશો છો તે જ ભક્તિ અને ભાવનાથી પ્રભુના જગત્ રૂપી વિરાટ મંદિરમા પ્રવેશો તોજ ત્હમે પ્રભુની આજ્ઞાને માનો છો એમ કહેવાય. મંદિરોમા ત્હમે દેવમૂર્ત્તિને પૂજવા જતા હો ત્હારે પણ વાટે મળતા પ્રભુના બાળક રૂપી રોગી અથવા જ્હેને ત્હમે અસ્પર્શ્ય ગણો છો એવો માણસ મળે અને ત્હેને કંઈ પીડા થતી હોય તો, મંદિરે જવાનુ મુલતવી રાખી એની સેવા કરવા તૈયાર થાઓ, તોજ પ્રભુ ત્હમારા ઉપર વધારે રાજી રહેશે સ્વામી રામતીર્થ તેથી જ દેશના ભૂખે મરતા ગરીબ નારાયણ અને વિષ્ણુની પૂજા પ્રથમ કરવાનુ કહે છે પરંતુ ત્હમે ગાડી નીચે આવી ગયેલા અંત્યજને પડતો મૂકીને પહેલા દેવમૂર્ત્તિની પૂજા કરવા દોડયા જાઓ તો હુ છાતી ઠોકીને કહીશ કે ત્હમને પ્રભુ ઉપર ખરેખરી પ્રીતિજ નથી, અને પ્રભુ ત્હમને પણ કદી ચ્હાશે નહિ જ્હેને પ્રભુના જીવતા બાળકો ઉપર પ્રેમ નથી, આસ્થા નથી ત્હેને પ્રભુ ઉપર પ્રેમ છે એમ કોઇપણ નહિ જ કહે

બીજુ ઋણ ત્હમે કૌટુમ્બિક ફરજો યોગ્ય રીતે બજાવીને વાળી શકો છો આ ઋણ ત્હમને પહેલા જાતે તૈયાર થઈ પછી ગૃહ, કુટુમ્બ અને દેશની સેવા કરવાનુ સ્હમજાવે છે જાતે તૈયાર થવુ એટલે સઘળા ઐહિક અને પારમાર્થિક કર્તવ્યો બજાવવા માટે યોગ્ય થવુ તે માટે સહુથી પહેલા કેળવણીની જરૂર છે કેળવણી બે પ્રકારની છે .તનની અને મનની પરંતુ આપણા દેશમા પહેલા પ્રકારની કેળવણી તરફ પુરતુ લક્ષ અપાતુ નથી ખરા પુરૂષાર્થનુ સાધન શરીર છે ત્હેનુ સંપૂર્ણ રીતે રક્ષણ કરવુ, તેને સુદૃઢ અને સુંદર બનાવવુ એ મનુષ્યની પહેલી ફરજ છે શરીરના સુયોગ્ય બંધારણ માટે દીર્ઘ બ્રહ્મચર્ય, નિત્ય નિયમિત વ્યાયામ, સાદો ખોરાક, સ્વચ્છ અને નિર્મળ હવા પાણી તથા અજવાળુ અને દરેક પ્રકારના વ્યસનનો ત્યાગ એટલા વાના આવશ્યક છે મનની કેળવણી માટે કેવળ અક્ષરજ્ઞાનજ પુરતું નથી અક્ષરજ્ઞાન તો માત્ર એક સાધન છે, પરંતુ સત્ય તરફ પ્રીતિ, સર્વ પ્રતિ સમાનતા, દુખી-દર્દીઓ માટે સહાનુભૂતિ, નિડરતા, ક્ષમા, ધીરજ, ઇન્દ્રિયો ઉપર નિગ્રહ રાખવાની શક્તિ, શાન્તિ અને સંતોષ આદિ ગુણોને ખિલવવા એ બધુ મનની કેળવણીમા સમાઇ જાય છે એ ઉભય પ્રકારની કેળવણીથી ત્હમે દુનિઆમા આગળ વધવા માટે લાયક થાઓ છો તે પછી ત્હમારે માતા-પિતા, ભાઇ-ભાંડુ, પત્ની અને સંતાનો સાથે ઘટતી રીતે

વર્તી ત્હેમના સંરક્ષણુનો ત્હમારે માથે મૂકાયલો બોજો આનંદથી ઉપાડવાનો છે તેટલુ કરી રહ્યા પછી કુટુબ કહો કે જ્ઞાતિ કહો એની સેવા બજાવવાની છે. એ કસોટીથી પાર પડયા પછી ત્હમારે ત્રીજા પ્રકારનુ ઋણુ વાળવા માટે તૈયાર થવુ જોઇએ

એ ત્રીજા પ્રકારનુ ઋણુ તે લોકઋણુ અથવા તો સમાજ ઋણુ છે. સમાજના ત્હમારા ઉપર અનહદ ઉપકારો છે એટલે એ ઋણુ વાળવુ એ બીજુ કઇજ નહિ પરતુ કરજે કાઢેલી વસ્તુ પાછી આપવા જેવુ છે બધુએ ! પ્રભુએ મનુષ્યને આત્મા અને જીવન આપ્યા છે માતા-પિતાએ શરીર, સૌન્દર્ય, સ્વભાવ અને મનના વલણુ આપ્યા છે, પરતુ સમાજે તો એ બધામા અનેરૂ ઓજસ રેડી મનુષ્યને સાચો મનુષ્ય બનાવવાનો શ્રમ સેવ્યો છે. અત્યારે આપણે આપણી જે પ્રગતિ જોઇએ છીએ, જે જે સુખ સગવડોનો આપણે ઉપભોગ કરીયે છીએ, રાજકીય, સામાજિક, ધાર્મિક અને નૈતિક વાતો વિચારતા થયા છીએ તે સઘળાને વર્તમાન સ્થિતિએ લાવનાર આપણા દેશના હાલના વતનીઓના વડાઓને કેટલા મકટ સહન કરવા પડયા હશે ? શુ આર્યપુત્રો પોતાને માથે ચડેલુ એ ઋણુ વીસરી જશે ? આપણા ઉપરનુ એ ઋણુ એટલેથીજ અટકતુ નથી. વિદ્યાર્થી અવસ્થામા પણુ આપણા ઉપર સમાજનુ વધારાનું ઋણુ ચડે છે ગણુત્રી કરતા જણાયુ છે કે પ્રાથમિક શાળાઓમા વિદ્યાર્થીઓ પાસેથી લેવાની ફી બાદ કરતા પ્રત્યેક વિદ્યાર્થી દીઠ રૂ ૩-૪-૮ વધારે ખર્ચ થાય છે હાઇસ્કૂલોમા એ આકડો વધીને બાર રૂપીઆનો થાય છે અને કૉલેજમા દરવર્ષે વિદ્યાર્થી દીઠ રૂ. ૧૦૬-૭-૦ ખર્ચાય છે એટલે વિદ્યાર્થીઓ ઉપર દેશનુ એટએટલુ કરજ ચડે છે. જે ગ્રેજ્યુએટ બધુઓમાના ઘણા ખરા ગરીબ હિંદુઓ તરફ મમતા રાખતા નથી, માતૃભાષા તરફ તિરસ્કાર બતાવે છે અને સ્વદેશસેવાના કરતા સ્વપેટસેવા તરફ વૃત્તિ રાખે છે, ત્હેમણે જાણુવુ જોઇએ કે, ગરીબ હિંદુઓની ખરા પરસેવાની પેદા કરેલી રકમમાથી ત્હેમણે કૉલેજજીવનમા પ્રતિવર્ષે રૂ ૧૦૬-૭-૦ જેટલી રકમ પોતાના વિદ્યાભ્યાસ માટે વાપરી છે હિંદીઓની વાર્ષિક પેદાશ ત્રીસ રૂપીઆ ગણુાય છે તે જોતા એ રકમ લગભગ સાડાત્રણુ હિંદુઓની વાર્ષિક પેદાશ જેટલી થઇ. બધુઓ ! આપણુને એ પૈસા કોણે ધીર્યા હશે, આપણે કોના દેવાદાર થયા છીએ, તે ત્હમે જાણો છો ? આપણુને વિદ્યાભ્યાસ માટે પૈસા ધીરનાર બીજુ કોઇ નહિ પણુ સદાયે ગદકીમાં

રહેતો, અર્ધનગ્ન હાલતમા ફરતો, અર્ધ ભૂખમરો વેઠતો, ઘઉં પકવીને જુવારી ખાતો, રૂ ઉપજાવવા છતા ગાભાની ગોદડીમા સૂતો, જગતને ઘી દૂધ આપીને છાશ ને રોટલા ઉપર નિર્વાહ કરતો ખેડુત કે મજૂર છે કારણ કે આપણને તે માટે જે પૈસા આપવામા આવે છે તેનો મ્હોટો ભાગ ભારતવર્ષના ગરીબ ખેડુતો પાસેથીજ વેરાના નામે સરકારની તીજોરીમા આવે છે શુ એ દેવુ વ્યાજ સાથે પાછુ વાળવાની આપણી ફરજ નથી ? હુ હમણાજ જણાવી ગયો તેમ એક કૉલેજીયન પ્રતિવર્ષે સાડાત્રણ હિન્દીની આવકનો પોતાને માટે ઉપયોગ કરે છે તેવી રીતે હાઇસ્કૂલનો વિદ્યાર્થી એક હિન્દીની ને આવકને અને પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી ટ્ટે આવકનો ઉપયોગ કરે છે. એટલે પ્રત્યેક શિક્ષિત બધુ ઉપર દેશનુ ઓછુ વધતુ ઋણ ચડેલુ છે તે વાળવાનો સહેલો માર્ગ એ છે કે વધારે નહિ તો આપણે આપણી આવકનો તેટલો જ ભાગ આપણા અશિક્ષિત બધુઓને વિદ્યાદાન આપવા માટે ખર્ચવો

ભાઇઓ ! સમાજનુ ઋણ તે પછીના જીવનમા પણ આપણા શિરે ચડતુજ રહે છે આખા દિવસના શ્રમ પછી કટાળેલા મગજને શાતિ આપવા આપણે મનોહર બગીચાઓમા જઇએ છીએ, પુસ્તકશાળાઓમાથી આપણે વિનામૂલ્યે વાચવા માટે પુસ્તકો મેળવીએ છીએ, દવાશાળાઓમાથી દવાની મદદ મફત મેળવીએ છીએ વિવિધ ફડોમાથી શિષ્યવૃત્તિઓ સપાદન કરીએ છીએ મુસાફરીમા ધર્મશાળાઓમા વિશ્રાન્તિ લઇએ છીએ, તળાવ અને નદીઓમા સ્નાન કરીએ છીએ, વિશાળ વૃક્ષો નીચે બેશીને વિશ્રાતિ લઇએ છીએ. વાવકુવાઓમાથી પાણી પીઇએ છીએ અને સુન્દર રસ્તાઓ ઉપર ચાલીએ છીએ એ બધાને માટે આપણે શુ ખર્ચ કર્યું હોય છે ? કશુ જ નહિં. તો પછી એ બધુ વિના દામ ખરચે વાપરવાનો આપણને શો હક્ક છે ? ભિક્ષુકને એક પૈસો આપતા પણ આપણે ત્હેને કેટલી એ શિખામણ આપીએ છીએ, તો પછી ઉપર હું કરી ગયો તે બધી વસ્તુઓ આપણે જે સમાજનીજ વાપરીએ તે સમાજનુ આપણા ઉપર કેટલુ બધુ લહેણુ નીકળે ? અને એ ઋણ શુ આપણે અદા કરવુ ન જોઇએ ?”

સ્વામીજી લગાર શ્વાસ ખાવા થોભ્યા, ત્યહા તો ભક્તમડળે ‘ખરૂ છે, ખરૂ છે’ કહીને મસ્તકને ઝૂલાવવા લાગ્યુ

સ્વામીજીએ થોડીક ક્ષણો પછી પુન· બોલવા માડ્યુ “ભાઇઓ ! એ બધુ ઋણ તમે સમાજની સેવા કરીનેજ પતાવી શકો છો.

હું પહેલા કહી ગયો છુ કે પ્રભુનો સર્વ સ્થળે વાસ છે. ભગવાનશ્રી-કૃષ્ણ પણ ગીતામા કહે છે કે

यच्चापि सर्वभूतानां बीजं तदहमर्जुन ।
न तदस्ति विना यत्स्यान्मया भूतं चराचरम् ॥

એટલે કે સર્વ ભુતોનુ બીજ હું છુ અને ચરાચર ભૂતમા મ્હારા સિવાય કશુએ ખાલી નથી તો પછી જે સેવા કરવાથી સમાજ-સેવા અને પ્રભુસેવાનો બમણો લાભ થતો હોય તે કરવા ત્હમારે શા માટે તયાર થવુ ન જોઇએ ?

પ્રભુએ આ જીવન અનામત તરીકે ત્હમને અર્પણ કર્યુ છે, તેથી એ જીવનનો ઉપયોગ દેશના અજ્ઞાન અને દુખી ભાઈ બ્હેનો માટે કરવો એજ સાચો ધમ છે એ રીતે જીવનનો ઉપયોગ કરનાર જ સાચો મનુષ્ય છે, ખરેખરો પરદુખભજન છે પોતાની જાતને સુખી કરવા તરફજ રચ્યો પચ્યો રહેનારો પશુ કરતા પણ પામર છે, પરતુ બીજાઓને મદદ કરનારજ સાચો દેશસવક છે

સ્વાર્થમા સડી રહેલુ વૈભવી જીવન તો કાગડા અને કુતરા કરતા પણ ખરાબ છે, પરતુ લોકસેવામય સાદુ જીવનજ વધુ પવિત્ર છે એ લોકસેવાના અગણિત માર્ગો અત્હારે ત્હમારી સમક્ષ ખુલ્લા પડેલા છે. હિન્દમૈયા ત્હમારી આતુર નયને રાહ જૂવ છે.

